gujaratvandan.com



પ્રિયમણી બની બોલિવૂડની સૌથી પ્રિય અભિનેત્રી
પેજ 09

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# સાપ્તાહિક ગુજરાત વંદન

રવિવાર, 14 એપ્રિલ 2024
ચૈત્ર સુદ - 6, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 49 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**
મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરતી વખતે એક નવી સંપત્તિનો વિકાસ થાય છે જેનું નામ છે 'આત્મબળ"

લોકસભા ચૂંટણી : 2024
પ્રથમ તબક્કો

## 19મીએ મંત્રીઓ નીતિન ગડકરી, અર્જુન મેઘવાલ, કિરેન રિજિજુ, ભૂપેન્દ્ર યાદવનું ભાવિ ઈવીએમમાં થશે સીલ

# 102 બેઠકો માટે 1625 ઉમેદવારો ચૂંટણી જંગના મેદાનમાં

■ તમિલનાડુની કરુર સીટ માટે સૌથી વધુ 54 ઉમેદવારો, નાગાલેન્ડમાં એકમાત્ર સીટ માટે કુલ ત્રણ ઉમેદવારો...

ગુજરાત | વંદન

દેશમાં ઉનાળાની ગરમીની સાથે રાજકીય ક્ષત્રે પણ ગરમાવો જોવા મળી રહ્યો છે. લોકસભાની 543 બેઠકો માંથી પ્રથમ તબક્કામાં 102 બેઠકો માટે મતદાનની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. જે રાજ્યોમાં પ્રથમ તબક્કાનું મતદાન થવાનું છે, તેમાં રાજકીય રીતે વિવાદમાં રહેનારબંગાળનો પણ સમાવેશ થાય છે, તેથી બંગાળ માં અન્ય રાજ્ય કરતાં સૌથી વધારે સુરક્ષા દળની ટુકડીઓ તહેનાત કરવામાં આવી છે. બંગાળ માં લોકસભાની માત્ર 39 બેઠકો હોવા છત્તા 7 તબક્કામાં મતદાન થવાનું છે. દરમિયાનમાં ચુંટણી પંચ દ્વારા 102 બેઠકોના મતદાન માટે જ તે રાજ્ય તેના મુખ્ય ચુંટણી અધિકારીઓ સાથે બેઠક યોજીને મતદાનની પ્રક્રિયા સરળ રીતે પાર પડે તેની ખાસ કાળજી લેવા જણાવવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં તમિલનાડુનો પણ સમાવેશ થયા છે અને દક્ષિઁ ભારતના આ મહત્વના રાજ્ય તમિલનાડુમાં ખાતું ખોલાવી વધુમાં વધુ બેઠકો કબજે કરવા ભાજપ દ્વારા આગવી રણનીતિ ઘડી કાઢવામાં આવી છે. વડાપ્રધાન મોદીએ તામિલનાડુમાં સૌથી વધારે પ્રચાર કર્યો હોવાનું પણ મનાય છે.

ચુંટણી પંચે 19 એપ્રિલે યોજાનારી લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરી છે. 21 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 102 બેઠકો માટે 1,625 ઉમેદવારો મેદાનમાં છે. જેમાં પુરૂષોની સંખ્યા 1,491 છે જ્યારે મહિલાઓની સંખ્યા 134 છે. તમિલનાડુની કરુર સીટ માટે સૌથી વધુ 54 ઉમેદવારો મેદાનમાં છે. નાગાલેન્ડમાં એકમાત્ર લોકસભા સીટ માટે માત્ર ત્રણ ઉમેદવારો છે.

મેદાની વિસ્તારોમાં રાજસ્થાનની કરૌલી ધોલપુર સીટ પર સૌથી ઓછા 4 ઉમેદવારો મેદાનમાં છે. આ તબક્કામાં તમિલનાડુની તમામ 39 બેઠકો પર મતદાન થશે. અહીં





950 ઉમેદવારો છે. યુપીની 8 સીટો માટે 80 ઉમેદવારો મેદાનમાં છે. આ તબક્કામાં ભાજપ તરફથી નીતિન ગડકરી, અર્જુન મેઘવાલ, કિરેન રિજિજુ, કે અન્નામલાઈ, તમિલિસાઈ સુંદરરાજન, સર્બાનંદ સોનોવાલ, ભૂપેન્દ્ર યાદવના નામ સામેલ છે. તે જ સમયે, વિપક્ષ તરફથી નકુલ કમલનાથ, અગાથા સંગમા, રાહુલ કાસવાન, પ્રતાપ ખાચરિયાવાસ, ગૌરવ ગોગોઈ જેવા નામ છે.

6% ઉમેદવારો કલંકિત છે, 28% કરોડપતિ છે.

પ્રથમ તબક્કાના ઉમેદવારોમાંથી 252 ઉમેદવારો એટલે કે લગભગ 16% કલંકિત છે. જેમાંથી 161 સામે ગંભીર ગુનાહિત કેસ નોંધાયેલા છે. જેમાંથી 15 ઉમેદવારોને અલગ-અલગ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. ચૂંટણી સુધારણા માટે કામ કરતી સંસ્થા એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)ના રિપોર્ટમાં આ વાત સામે આવી છે. ADRએ પ્રથમ તબક્કામાં 1,618 ઉમેદવારોનું ચૂંટણી વિશ્લેષણ કર્યું છે અને કહ્યું છે કે લગભગ 28% એટલે કે 450 ઉમેદવારો કરોડપતિ છે. તે જ સમયે, ઉમેદવારોની સરેરાશ સંપત્તિ 4.51 કરોડ રૂપિયાની આસપાસ છે.વિશ્લેષણ અનુસાર, રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના 100 ટકા ઉમેદવારો કલંકિત છે.

પ્રથમ તબક્કામાં તેના ચારમાંથી બે ઉમેદવારો સામે ગંભીર ગુનાઓ માટે કેસ નોંધાયેલા છે. 34 ટકા કલંકિત ઉમેદવારોને ટિકિટ આપીને રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો મેળવનાર પક્ષોમાં કોંગ્રેસ પાછળ રહી ગઈ છે, જ્યારે ભાજપે પણ 36 ટકા કલંકિત ઉમેદવારોને ટિકિટ આપી છે. ભાજપના 18% અને કોંગ્રેસના 17% ઉમેદવારો સામે ગંભીર ગુનાહિત કેસ નોંધાયેલા છે. બસપાએ સૌથી ઓછા 13 ટકા ઉમેદવારી નોંધાવી છે.

સાત ઉમેદવારો સામે હત્યા જેવા ગંભીર ગુનામાં કેસ નોંધાયેલા છે. હત્યાના પ્રયાસના 19 કેસ છે. 18 ઉમેદવારો સામે મહિલાઓ વિરુદ્ધના

...અનુસંધાન પેજ નં. 6 પર







## પ્રથમ તબક્કાના ઉમેદવારોમાં 161 દાગી

એડીઆર રિપોર્ટ 252 એ પોતાની વિરુદ્ધ ફોજદારી કેસ જાહેર કર્યા હતા. તેમાંથી 161 લોકોએ 'ગંભીર' ફોજદારી કેસ જાહેર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ ઉમેદવારો માત્ર લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે મેદાનમાં છે. લોકસભા ચૂંટણી 2024નો બાકીનો તબક્કો 26 એપ્રિલ, 7 મે, 13 મે, 20 મે, 25 મે અને 1 જૂને યોજાશે. મતગણતરી 4 જૂને થશે.



## 134 મહિલા ઉમેદવારો

102 જેટલી બેઠકો પર મતદાન થશે જેમાં 19 એપ્રિલે 1,625 ઉમેદવારો રાજકીય મેદાનમાં ઉતરશે. તેમાંથી માત્ર 134 ઉમેદવારો મહિલા છે, જે તબક્કાના કુલ ઉમેદવારોના 8% છે. 2019ની લોકસભા ચૂંટણીમાં, કુલ ઉમેદવારોમાં લગભગ 9% (726) મહિલાઓ હતી. તેમાંથી માત્ર 78 જ 17મી લોકસભામાં પહોંચી શક્યા. ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ ડેટા પ્રતિબિંબિત કરે છે કે સપ્ટેમ્બર 2023 માં પસાર કરાયેલ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33% બેઠકો અનામત રાખવાના બિલ હોવા છતાં રાજકીય પક્ષો વધુ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની ઉતાવળમાં નથી.

## ન્યૂઝ બ્રિફ

### લોકસભા ચૂંટણી-2024, ભાજપ આજે ઢંઢેરો બહાર પાડશે



દેશમાં લોકસભાની ચુંટણીના પ્રથમ તબક્કાની શરૂઆત 19મી એપ્રિલથી થનાર છે. પ્રાપ્ત માહિતી મુજબ પ્રથમ તબક્કાના મતદાનના એક સપ્તાહ પહેલા બીજેપી , 14 એપ્રિલે દિલ્હીમાં પાર્ટીનો મેનિફેસ્ટો જાહેર કરશે. આ કાર્યક્રમમાં PM મોદી હાજર રહી શકે એવી સંભાવનાઓ છે. ભાજપ 14મી એપ્રિલે સવારે 11:30 વાગ્યે પોતાનો મેનિફેસ્ટો જાહેર કરશે. પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડા દિલ્હીમાં ભાજપના વિસ્તરણ કાર્યાલયમાં ચૂંટણી ઢંઢેરો જાહેર કરશે.

### અમેરિકાની મોસ્ટ વૉન્ટેડ યાદીમાં એક ગુજરાતી યુવક....



યુનાઈટેડ સ્ટેટ્સના ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનએ ટોપ 10 મોસ્ટ વૉન્ટેડની યાદી જાહેર કરી છે. આ યાદીમાં અમદાવાદના વિરમગામના રહેવાસી ભારતીય નાગરિક ભદ્રેશકુમાર પટેલનું નામ પણ છે. FBIએ તેના પર અઢી લાખ ડૉલરનું ઈનામ રાખ્યું છે. એફબીઆઈએ એક્સ પર પોસ્ટ કરીને આ વિશે માહિતી આપી છે. ઉલ્લેખનીય છે કે ભદ્રેશ કુમાર પટેલ 2015થી ફરાર છે જ્યારે તેણે મેરીલેન્ડ રાજ્યના હેનોવરમાં ડંકિન ડોનટ્સ કોફી શોપની અંદર તેની પત્ની પલકની કથિત રીતે હત્યા કરી હતી. મીડિયા અહેવાલો અનુસાર, તે સમયે ભદ્રેસ કુમાર પટેલની ઉંમર 24 વર્ષ હતી.

### સ્ટૂડન્ટ વિઝા પર કેનેડા ગયેલા મિત પટેલનું મોત




કેનેડાના બ્રામ્પટનમાં બનેલી એક કરૂણ ઘટનામાં 20 વર્ષના એક ગુજરાતી યુવકનું રોડ એક્સિડન્ટમાં મોત થયું છે. મૃતકની ઓળખ મિત પટેલ તરીકે કરવામાં આવી છે, કેનેડિયન મીડિયાના રિપોર્ટ અનુસાર આ ઘટના 11 એપ્રિલે સવારે સાત વાગ્યે બની હતી, જેમાં એક પિક-અપ ટ્રકે મિત પટેલને અડફેટે લેતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. મિત પટેલને ટ્રીટમેન્ટ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ તેનું ગણતરીના સમયમાં જ મોત થયું હતું.

## RJDનો ચૂંટણી ઢંઢેરો જાહેર




■ તેજસ્વી: અગ્નિવીર સ્કીમ ખતમ કરીશું, રૂ. 500 સિલિન્ડર આપીશ

ગુજરાત | વંદન

પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદના નાના પુત્ર અને વિપક્ષના નેતા તેજસ્વી યાદવે લોકસભા ચૂંટણી 2024 માટે રાષ્ટ્રીય જનતા દળનો ઢંઢેરો બહાર પાડ્યો છે. તેમણે આરજેડી કાર્યાલયમાં પ્રેસ કોન્ફરન્સ કરી અને આરજેડીના વરિષ્ઠ નેતાઓ સાથે મેનિફેસ્ટો બહાર પાડ્યો. તેજસ્વી યાદવે દેશની જનતાને 24 વચનો આપ્યા હતા. તેજસ્વી યાદવે કહ્યું કે હું લાંબા સમયથી નોકરી, મોંઘવારી, ગરીબી અને બેરોજગારી વિશે વાત કરી રહ્યો છું. પરંતુ, વડાપ્રધાન પ્રજાના પ્રશ્નો અને કામોની નોંધ લેતા નથી. તેઓ ફક્ત તેમની લાગણીઓ વ્યક્ત કરવા માંગે છે. તેમણે 10 વર્ષમાં બિહારને શું આપ્યું? તમે તમારા વચનો કેમ પૂરા ન કર્યા? તેઓ આ મુદ્દાઓ પર બોલતા નથી, તેઓ માત્ર મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા માટે અન્ય બાબતો વિશે વાત કરે છે. બિહારના લોકો ખૂબ જ સમજદાર છે.

તેજસ્વી યાદવે મોટી જાહેરાત કરતા કહ્યું કે જો ભારત ગઠબંધન સરકાર બનશે તો સમગ્ર દેશમાં એક કરોડ લોકોને સરકારી નોકરી આપવામાં આવશે. દેશભરમાં 30 લાખ પદો ખાલી છે. ચોક્કસ ભરશે. પરંતુ, 70 લાખ પોસ્ટ બનાવવામાં આવશે. નોકરી અને બેરોજગારી સૌથી મોટી સમસ્યા છે. ભાજપના લોકોએ દર વર્ષે બે કરોડ નોકરીઓ આપવાનું વચન આપ્યું હતું. નોકરીની પ્રક્રિયા 15મી ઓગસ્ટથી શરૂ થશે. તેજસ્વી યાદવે કહ્યું કે આગામી રક્ષાબંધનથી તેઓ દેશની ગરીબ મહિલાઓને એક લાખ રૂપિયા આપશે.

## કાશ્મીરના વિસ્થાપિતોને મતદાન માટે 'ફોર્મ M' ભરવું નહીં પડે

■ ચૂંટણીપંચનો મહત્ત્વનો નિર્ણય

ગુજરાત | વંદન

જમ્મુ-કાશ્મીરના જમ્મુ અને ઉધમપુર જિલ્લાના કાશ્મીરી પ્રવાસીઓને (વિસ્થાપિતો) ચૂંટણી પંચે મોટી રાહત આપી છે. હવે તેમને લોકસભાની ચૂંટણીમાં મતદાન કરવા માટે 'ફોર્મ M' ભરવાની જરૂર નથી, કારણ કે પંચે જૂની માગણીને સ્વીકારીને વિસ્થાપિત લોકો માટે વર્તમાન મતદાન યોજનામાં ફેરફાર કરવાનો આદેશ આપ્યો છે.



અગાઉ, ખીણના વિસ્થાપિત મતદારો માટે જમ્મુ અને કાશ્મીરમાં દરેક સંસદીય અને વિધાનસભા ચૂંટણી પહેલા આ ફોર્મ ભરવાનું ફરજિયાત હતું. ગત ગુરુવારે ચૂંટણી પંચ દ્વારા આ નવી વ્યવસ્થાની જાહેરાત કરવામાં આવી હતી. આ મુજબ, જમ્મુ અને ઉધમપુરના વિવિધ કેમ્પ અથવા વિસ્તારોમાં કાશ્મીરી વિસ્થાપિત મતદારોએ હવે 'ફોર્મ M' ભરવાની જરૂર રહેશે નહીં. તેના બદલે, તેઓ જે વિસ્તારમાં મતદાર તરીકે રજિસ્ટર્ડ છે અથવા જ્યાં રહે છે ત્યાંના ખાસ મતદાન મથકો પર મતદાન કરી શકશે.

આ સાથે ચૂંટણી પંચે દિલ્હી અને દેશના અન્ય સ્થળોએ રહેતા પ્રવાસીઓ માટે 'ફોર્મ M' ફાઈલ કરવાની પ્રક્રિયાને પણ સરળ બનાવી છે. અગાઉ આ લોકોએ ગેઝેટેડ અધિકારીઓ દ્વારા જારી કરાયેલ પ્રમાણપત્રની જરૂર પડતીહતી પરંતુ હવે તેઓ સ્વ-પ્રમાણિત કરી શકશે. ચોક્કસ મતદાન મથકો પર ડુપ્લિકેશન ટાળવા માટે મતદારોએ મતદાર ઓળખ કાર્ડ અથવા પંચ દ્વારા નિર્ધારિત કોઈપણ વૈકલ્પિક દસ્તાવેજ સાથે રાખવા આવશ્યક છે.

## નવતર પ્રયોગ: હવે એઆઈ ભોજનનો બગાડ અટકાવવામાં કરશે મદદ

■ કચરાપેટીમાં ફેંકાતા ખોરાક પર નજર રાખશે

ગુજરાત | વંદન




અમેરિકામાં ભોજનની બરબાદી રોકવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રેસ્ટોરાં અને સુપરમાર્કેટમાંથી ભારે પ્રમાણમાં ભોજન કચરાપેટીમાં જતું રહે છે. તેમાંથી મોટા ભાગનું કમ્પોસ્ટ ન કરવાથી લેન્ડફિલમાં સડવાથી પ્રદૂષણનું કારણ બને છે. તેને રોકવા માટે રેસ્ટોરાં અને સુપરમાર્કેટમાં ખાસ એઆઈ ટૂલનો ઉપયોગ કરાઈ રહ્યો છે.કચરાપેટીમાં ફેંકાયેલા ખોરાકની તસવીરો લેવા માટે કેમેરા લગાવાયા છે.

## પૂર્વ સાંસદ ટિકિટ કપાતા સ્ટેજ પર સમર્થકો સામે રડી પડ્યા....



■ પત્તું કપાતાં મંચ પર થયા ભાવૂક

ગુજરાત | વંદન

ટિકિટ કેન્સલ થવાની પીડા રાજકારણીઓ કરતાં કોણ સારી રીતે સમજે? કેટલાક ટિકિટ કપાતા પાર્ટી છોડી રહ્યા છે, જ્યારે કેટલાક સ્ટેજ પર જ આંસુ વહાવી રહ્યા છે. આ જ તસવીર અરરિયામાં જોવા મળી જ્યારે લાલુની પાર્ટી આરજેડીના પૂર્વ સાંસદ સરફરાઝ આલમ સ્ટેજ પર સમર્થકોને સંબોધિત કરતી વખતે ભાવુક થઈ ગયા અને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા. જેના પછી ત્યાં હાજર તેમના સમર્થકોએ તેમને સાંત્વના આપી હતી. પોતાના પિતા અને પૂર્વ કેન્દ્રીય ગૃહરાજ્ય મંત્રી તસ્લીમુદ્દીનને યાદ કરતાં સરફરાઝ આલમની આંખો ભીની થઈ ગઈ. આ દરમિયાન તેમણે લાલુ યાદવ અને તેજસ્વી પર પોતાનો ગુસ્સો પણ ઠાલવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આરજેડીએ સરફરાઝ આલમના નાના ભાઈ શાહનવાઝ આલમને અરરિયાથી પોતાનો ઉમેદવાર બનાવ્યો છે. આરજેડીના પૂર્વ સાંસદ સરફરાઝ આલમનો રડવાનો વીડિયો હવે વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે સ્ટેજ પર રડતા જોવા મળી રહ્યાં છે. નજીકમાં ઉભેલા લોકો અને તેમના સમર્થકો તેમના આંસુ લૂછી રહ્યા છે અને તેમને શાંત કરાવે છે. સરફરાઝ આલમ વિરુદ્ધ અરરિયા સહિત અનેક જિલ્લાઓમાં ગુનાહિત કેસ નોંધાયેલા છે. સરફરાઝ આલમે લાલુ યાદવ પર ટિકિટ વેચવાનો પણ આરોપ લગાવ્યો છે.

## માત્ર બે વયોવૃદ્ધ મતદારો માટે અધિકારીઓ 107 Km દૂર જશે

■ બે માંથી એક 80 વર્ષની ઉપર,અન્ય વિકલાંગ

ગુજરાત | વંદન

ચૂંટણીપંચે ફરી એકવાર સાબિત કર્યું છે કે તે દરેક મત સુધી પહોંચવા માટે કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થવા માટે તૈયાર છે. મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં બે વૃદ્ધો લોકસભા ચૂંટણીમાં તેમના ઘરેથી મતદાન કરી તે ચૂંટણી સત્તાવાળાઓએ જોખમી અને જંગલોમાંથી પસાર થતો 107 કિમીનો દુર્ગમ માર્ગ કાપ્યો હતો.

100 અને 86 વર્ષની વયના મતદારો ગઢચિરોલી-ચિમુર મતવિસ્તારના છે, જ્યાં 19 એપ્રિલે પ્રથમ તબક્કામાં મતદાન કરશે.ગઢચિરોલીમાં જિલ્લા માહિતી કચેરીના જણાવ્યા અનુસાર ચૂંટણી પંચે 85 વર્ષથી વધુ ઉંમરના અને 40 ટકાથી વધુ વિકલાંગતા ધરાવતા લોકોને આગામી સામાન્ય ચૂંટણીઓમાં ઘરેથી મતદાન કરવાની સુવિધા પૂરી પાડી છે.

પહેલ હેઠળ ચૂંટણી અધિકારીઓએ 100 વર્ષીય કિશ્તૈયા મદારબોઈના અને 86 વર્ષીય કિશ્તૈયા કોમેરાના ઘરે પહોંચવા માટે અહેરીથી સિરોંચા સુધી 107 કિલોમીટરનો પ્રવાસ કર્યો હતો. બંને મતદારો વયોવૃદ્ધ છે, પરંતુ મતાધિકારીનો ઉપયોગ કરવા આતુર હતાં.

## CBSE શાળાના ધો. 6, 9 અને 11 માં ક્રેડિટ સિસ્ટમ લાગુ

ગુજરાત | વંદન

શાળાઓમાં શિક્ષણ રાષ્ટ્રીય ક્રેડિટ ફ્રેમવર્ક હેઠળ ક્રેડિટ સિસ્ટમ દ્વારા કરવામાં આવશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશને શૈક્ષણિક સત્ર 2024-25થી ધોરણ 6ઠ્ઠા, 9મા અને 11મા ધોરણમાં આ સિસ્ટમને પાયલોટ પ્રોજેક્ટ તરીકે લાગુ કરવાની તૈયારી કરી છે. આ સિસ્ટમ હેઠળ, જો વિદ્યાર્થીઓ ધોરણ 9માં વર્ષમાં 210 કલાક અભ્યાસ કરે છે, તો તેમને 40-54 ક્રેડિટ માર્ક્સ મળશે. તમામ વિષયોમાં પરીક્ષા પાસ કર્યા પછી જ આ ક્રેડિટ આપવામાં આવશે. આ માટે આખા વર્ષ દરમિયાન વર્ગમાં 75 ટકા હાજરી ફરજિયાત રહેશે. CBSEએ શાળાઓને આ સિસ્ટમનો ભાગ બનવા આમંત્રણ આપ્યું છે.




### વાંકી નજરે...

સૌજન્યથી...




## હિમંતા બિસ્વા :ચૂંટણી બાદ બહુપત્નીત્વ પર પ્રતિબંધ, UCC લાગૂ કરાશે

■ મદરેસાના શિક્ષણથી મુસ્લિમોને કોઈ ફાયદો થશે નહીં

ગુજરાત | વંદન

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા...એક મજબૂત નેતા... સ્પષ્ટ...રાષ્ટ્રવાદ પર ખૂબ જ અવાજ ઉઠાવનારા...તેમના નિવેદનોમાં નિખાલસતા...જેના વિશે તેઓ વારંવાર સમાચારોમાં રહે છે. હિમંતા બેફામપણે કહે છે કે ચૂંટણી પછી તેઓ આસામમાં બહુપત્નીત્વની પ્રથા પર પ્રતિબંધ મૂકશે એટલું જ નહીં, યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) પણ લાગુ કરશે. તે સ્પષ્ટપણે કહે છે કે મદરેસા શિક્ષણથી મુસ્લિમોને કોઈ ફાયદો થશે નહીં. આપણે મુસ્લિમ દીકરા-દીકરીઓને ડૉક્ટર, એન્જિનિયર, પ્રોફેસર અને વિજ્ઞાની બનાવવાનો રસ્તો બતાવવો પડશે. તેમને એવા શિક્ષણની જરૂર નથી કે પ્રગતિના તમામ રસ્તાઓ બંધ થઈ જાય. ધ્રુવીકરણ પર કહ્યું, જો બીજી વ્યક્તિ આવું કરે તો આપણે પણ કરવું પડશે. મુસ્લિમો પાસેથી વોટ ન માંગવાના સવાલ પર તેમણે કહ્યું- કોની પાસેથી વોટ માંગવા... કોની પાસેથી નહીં... આ મારો અધિકાર છે. જ્યારે હું જાણું છું કે કોઈ ચોક્કસ વર્ગ મતદાન કરશે નહીં, તો પછી ત્યાં જઈને મારો સમય કેમ બગાડવો. આસામની રાજધાની દિસપુર ખાતેના તેમના નિવાસસ્થાને ડૉ. ઈન્દુશેખર પંચોલી



સાથેની વાતચીત દરમિયાન મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ દરેક મુદ્દા પર ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યક્ત કર્યા.

આસામ પર નજર કરીએ તો રાજ્ય પ્રગતિના પંથે આગળ વધી ગયું છે. 2014થી શરૂ થયેલી યાત્રા ખૂબ જ સફળ રહી છે. તમામ અલગતાવાદી સંગઠનોએ શસ્ત્રો મુકી દીધા અને વિકાસની ગંગા સર્વત્ર વહેવા લાગી. અમે આનાથી ખૂબ જ સંતુષ્ટ છીએ. આસામમાં, અમે જીવનમાં જે ક્યારેય વિચાર્યું ન હતું તે કરવામાં અમે સફળ થયા... અમે ક્યારેય વિચાર્યું નહોતું કે અમારી યુવાનીમાં પણ આટલી શાંતિ હશે. આસામમાં ધ્રુવીકરણ જરૂરી છે. સત્તામાં રહેવા માટે નહીં, પરંતુ આસામના આપણા આદિવાસી લોકો રાજકીય, સામાજિક અને આર્થિક ક્ષેત્રમાં રહે તે સુનિશ્ચિત કરવા માટે. આપણું અસ્તિત્વ જોખમમાં ન હોવું જોઈએ. આ માટે, કેટલીકવાર આપણે આવી બાબતો હાથ ધરવી પડે છે. આ આપણી મજબૂરી છે. જ્યારે 36 ટકા લોકો રાજ્યમાં સ્થળાંતર કરે છે અને ધીમે ધીમે તમે તમારા જ દેશમાં લઘુમતી બની જાવ છો. જો બીજી વ્યક્તિ પણ ધ્રુવીકરણ કરે તો આપણે પણ ધ્રુવીકરણ કરવું પડશે.

## ઈરાન-ઈઝરાયેલ વચ્ચે ગમે ત્યારે યુદ્ધની ચિનગારી ભડકશે

■ ઈરાને તૈનાત કરી મિસાઈલ, લુફથાન્સાએ ફ્લાઈટ્સ રદ કરી

ગુજરાત | વંદન

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે અમેરિકાએ ઈઝરાયલમાં પોતાની સેના મોકલી છે. 'ટાઈમ્સ ઓફ ઈઝરાયલ'ના રિપોર્ટ અનુસાર, અમેરિકાનું એરક્રાફ્ટ કેરિયર USS ડ્વાઈટ આઈઝનહોવર લાલ સમુદ્ર થઈને ઈઝરાયલ પહોંચી રહ્યું છે. તે ઈરાન દ્વારા છોડવામાં આવતી મિસાઈલ



અને ડ્રોનને રોકવામાં સક્ષમ છે. એક ન્યૂઝ એજન્સી અનુસાર, એક અમેરિકન રક્ષા અધિકારીએ કહ્યું, 'અમે યુદ્ધને વધતા રોકવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ઉપરાંત, અમે અમેરિકન દળોની સુરક્ષા વધારવા માટે મધ્ય પૂર્વમાં વધારાના સૈનિકો મોકલી રહ્યા છીએ. ભારત-અમેરિકા, બ્રિટન, રશિયા અને ફ્રાન્સ સહિત

...અનુસંધાન પેજ નં. 6 પર

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ઉમેદવારો દ્વારા થતાં ખર્ચ પર ચૂંટણી અધિકારીઓ નજર રાખશે

**■ શંકાસ્પદ નાણાકીય વ્યવહારો તથા પ્રતિબંધિત વસ્તુઓની જપ્તિ અંગે માર્ગદર્શન અપાયું**

ગુજરાત | વંદન

અમદાવાદ જિલ્લાની લોકસભાની ચૂંટણીને લઈને ખર્ચ નિયંત્રણ સેલ સાથે સંબંધિત નોડલ અધિકારીની બેઠક યોજાઈ હતી. જેમાં ચૂંટણી દરમિયાન થનારા ખર્ચ પર નજર રાખવા માટે જરૂરી સુચનો કરવામાં આવ્યા હતા. ઉપરાંત શંકાસ્પદ નાણાકીય વ્યવહારો તથા પ્રતિબંધિત વસ્તુઓની જપ્તી અંગે ચર્ચા કરવામાં આવી હતી. રિજનલ કમિશનર ઑફ મ્યુનિસિપાલિટીઝ તથા એક્સપેન્ડિચર મોનિટરિંગ સેલના વડા રવીન્દ્ર ખતાલેની અધ્યક્ષતામાં મળી બેઠક મળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદમાં જિલ્લા પંચાયત કચેરી ખાતે ખર્ચ નિયંત્રણ અને દેખરેખ સેલ સાથે સંબંધિત નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. એક્સપેન્ડિચર મોનિટરિંગ સેલના વડા તથા રિજનલ કમિશનર ઑફ મ્યુનિસિપાલિટીઝ રવીન્દ્ર ખતાલેની અધ્યક્ષતામાં આ




બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અમદાવાદમાં આવેલી લોકસભાની બેઠકો - ખાસ કરીને અમદાવાદ પૂર્વ તથા અમદાવાદ પશ્ચિમમાં રાજકીય ઉમેદવારો દ્વારા થનાર ખર્ચ પર દેખરેખ રાખવા ઉપરાંત શંકાસ્પદ નાણાકીય વ્યવહારો તથા પ્રતિબંધિત વસ્તુઓની જપ્તી સંબંધિત મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી.

એક્સપેન્ડિચર મોનિટરિંગની કામગીરી માટે કઈ કઈ બાબતોનું ખાસ ધ્યાન રાખવાનું છે તથા દરેક નોડલ અધિકારીની જવાબદારી અને કામગીરી બાબતે એક્સપેન્ડિચર મોનિટરિંગ સેલના વડા રવીન્દ્ર ખતાલેએ સૂચનો કરીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ બેઠકમાં પોલીસ, ઈન્કમટેક્સ, જીએસટી, બેન્ક, હિસાબ સહિતના વિભાગોમાં વિવિધ જવાબદારીઓ સંભાળતા નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# આંગળી પર મતદાનની નિશાની હશે તો પણ પરીક્ષા આપી શકાશે

**■ NEETના સત્તાવાળાઓ દ્વારા ખુલાસો- અફવાઓથી દૂર રહો...**

ગુજરાત | વંદન

ધો.12 પછી મેડિકલમાં પ્રવેશ માટે આગામી 5મી મેના રોજ યુ.જી નીટ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. દેશના જુદા જુદા 571 શહેરોમાં આ પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. આ માટે હાલમાં ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. આ પરીક્ષા દરમિયાન જ જુદા જુદા રાજયોમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન હોવાથી મતદાન કરીને આવનારા વિદ્યાર્થીઓની આંગળી પર સહીના નિશાન હોવાથી તેમને પરીક્ષામાં ઉપસ્થિત રહેવા દેવામાં નહી આવે તેવી વાતો વહેતી થઇ હતી. જેના અનુસંધાનમાં નેશનલ ટેસ્ટીંગ એજન્સીએ એવી સ્પષ્ટતાં કરી છે કે આવી કોઇ જાહેરાત કે સૂચના આપવામાં આવી નથી. વિદ્યાર્થીઓએ અફવા પર ધ્યાન આપવું નહી.

મેડિકલમાં પ્રવેશ માટે નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આગામી 5મી મેના નીટ લેવામાં આવનાર છે. તાજેતરમાં સોશ્યલ મિડીયા સહિત જુદા જુદા માધ્યમોમાં એવી વાતો વહેતી થઇ હતી કે, લોકસભાની ચૂંટણી માટે મતદાન કરનારા વિદ્યાર્થીઓના હાથ પર સહીનું નિશાન હોવાથી વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા દેવામાં નહી આવે.

આ મુદ્દે એનટીએ દ્વારા સ્પષ્ટતાં કરવામાં આવી છે કે, સોશ્યલ મિડીયામાં જે વાતો વહેતી થઇ છે કે ચાલી રહી છે તે બિલકુલ ખોટી અને ગેરમાર્ગે દોરનારી છે. એનટીએ આવી કોઇ સૂચના કે ગાઇડલાઇન પણ જાહેર કરી નથી. ઉલટાનું વિદ્યાર્થીઓને એવી અપિલ કરવામાં આવી છે કે, આ પ્રકારની અફવા પર ધ્યાન આપવું નહી અને દરેક વિદ્યાર્થીઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો જોઇએ, મતદાનએ પરીક્ષાના લાયકાતના ધોરણોનો કયાંક ભંગ થતો નથી.

# ગાંધીનગરમાં નવતર પશુ મંદિર, આરતી -દર્શનાર્થીઓમાં પશુ પણ સામેલ....



**■ જનની ગૌસેવા સંસ્થાનના માધ્યમથી પશુસેવા : પ્રશાંત શુક્લા**

ગુજરાત | વંદન

રૂપાલમાં એક એવું પશુ મંદિર બનાવાયું છે, જ્યાં ભગવાનની સાથે સાથે પશુઓની મૂર્તિઓ છે. અહીં સવાર-સાંજ આરતી થાય છે. આરતીમાં દર્શનાર્થી તરીકે સ્થાનિકોની સાથે સાથે પશુઓ પણ આવે છે. જ્યારે પ્રસાદમાં ફળ, ડ્રાયફ્રૂટ અપાય છે. ગાંધીનગરના વૈજનાથ મહાદેવના ગાદીપતિ પ્રશાંત શુકલાના જણાવ્યા અનુસાર, 'વિસ્તારમાં કોઈ પશુ તકલીફમાં ન રહે' તેવી પિતાની શીખામણને અનુસરી આ મંદિર બનાવડાવ્યું છે. સવા લાખના ખર્ચે 41 ફૂટ ઊંચું અને 65 ફૂટ પહોળું મંદિર બનાવતા એક વર્ષ થયું હતું. ખાસ વાત એ છે કે, આ મંદિરમાં કોઈ પણ પ્રકારનું દાન લેવામાં આવતું નથી.

આરતી બાદ પ્રસાદીમાં પશુઓને ફ્રૂટ અને ડ્રાયફ્રૂટ આપવામાં આવે છે. બે મહિના અગાઉ મંદિરના પ્રાંગણમાં 280થી વધુ પશુઓને આશરે 8 લાખથી વધુની કિંમતનું ડ્રાયફ્રૂટ ખવડાવવામાં આવ્યું હતું. દિવાળી નિમિત્તે પણ મંદિરમાં તમામ પશુઓને વિવિધ વાનગી તૈયાર કરી ખવડાવવામાં આવે છે. પ્રશાંત શુકલા જનની ગૌસેવા સંસ્થાનના માધ્યમથી પશુસેવા કરી રહ્યા છે.

# NCERTના પુસ્તકોની ખોટી સામગ્રી છાપનાર પ્રકાશકો સામે કાર્યવાહી થશે

**■ બજારમાં પાઈરેટેડ અને ખોટી માહિતીવાળા પુસ્તકોની ભરમાર**

ગુજરાત | વંદન



નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા પાઈરેટેડ પુસ્તકો અને ખોટી માહિતી આપતા કન્ટેન્ટ સામે કડક કાર્યવાહી કરવા માટે નોટિસ ઈશ્યુ કરી છે. એન.સી.ઇ.આર.ટી દ્વારા વેબસાઈટ પર પુસ્તકોનો કન્ટેન્ટ અપલોડ કરવામાં આવતો હોવાથી કેટલાક પ્રકાશનો આ કન્ટેન્ટનો મંજૂરી વગર પોતાના પુસ્તકોમાં ઉપયોગ કરતા હોવાનું સામે આવ્યું છે. આમ, કોપીરાઈટનું ઉલ્લંઘન કરતા હોવાથી તેમની સામે કડક કાર્યવાહીની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. એન.સી.ઇ.આર.ટી દ્વારા વાલીઓને પણ આવા પાઈરેટેડ પુસ્તકો ન લેવા માટે સલાહ આપી હતી અને જો કોઈ આવા પુસ્તકો વેચતું હોવાનું જણાય તો તે અંગે કાઉન્સિલને જાણ કરવા માટે પણ અપીલ કરી હતી.

એન.સી.ઇ.આર.ટી એ સ્કૂલના પુસ્તકોને લઈને કોપીરાઈટ ઉલ્લંઘનની ચેતવણી ઉચ્ચારી છે. કોઈ પણ ખોટી રીતે એન.સી.ઇ.આર.ટીના પુસ્તકો છપાવશે તો તેની સામે કડક કાનુની કાર્યવાહી કરાશે. એન.સી.ઇ.આર.ટીએ જાહેર કરેલી નોટિસમાં જણાવ્યું હતું કે, કેટલાક પ્રકાશકોએ મંજૂરી વગર જએન.સી.ઇ.આર.ટીના પુસ્તકનું કન્ટેન્ટ ગેરકાયદે રીતે લઈ પુસ્તકો છાપ્યા છે. નોટિસમાં એમ પણ જણાવાયું છે કે, કોઈ પણ પ્રકાશક એન.સી.ઇ.આર.ટીના પુસ્તકો તેની મંજૂરી વગર વેચતા હોવાનું જણાશે તો તેમને દંડ પણ ફટકારાશે. આમ, પ્રકાશકો કોપીરાઈટની મંજૂરી લીધા વગર પુસ્તકો વેચી શકશે નહીં.

એન.સી.ઇ.આર.ટીએ શાળાના પાઠ્યપુસ્તકોના અનધિકૃત પ્રિન્ટીંગ અને વ્યાપારી વેચાણ સામે લોકોને ચેતવણી આપવાની સાથે તેની શૈક્ષણિક સામગ્રીના કોપીરાઈટ ઉલ્લંઘન સામે ચેતવણી આપી હતી. કેટલાક પ્રકાશકો એન.સી.ઇ.આર.ટીની પરવાનગી લીધા વિના, તેમની વેબસાઈટ પર ઉપલબ્ધ એન.સી.ઇ.આર.ટીશાળાના પાઠ્યપુસ્તકોને તેમના પોતાના નામ હેઠળ છાપતા હોવાનું સામે આવ્યું હતું. પ્રકાશનોમાં એન.સી.ઇ.આર.ટી પાઠ્યપુસ્તકોને સંપૂર્ણ અથવા આંશિક રીતે કન્ટેન્ટ લેવામાં આવે છે. આવા પ્રકાશનો એન.સી.ઇ.આર.ટીના પુસ્તકોમાંથી મોટાભાગની વિગતો લઈ પોતાના નામે પ્રિન્ટ કરી બજારમાં વેચતા હોવાથી કોપીરાઈટનો ભંગ થાય છે. કોપીરાઈટ એક્ટ હેઠળ સ્પષ્ટ કોપીરાઈટ પરવાનગી મેળવ્યા વિના પુસ્તકોમાંથી કન્ટેન્ટ ઉઠાવતા હોવાના લીધે હવે આવા પ્રકાશનોને કાનૂની પરિણામોનો સામનો કરવો પડશે.

એન.સી.ઇ.આર.ટીએ ગત સપ્તાહમાં જ જાહેરાત કરી હતી કે, ધોરણ-3 માટેના પાઠયપુસ્તકો એપ્રિલના છેલ્લા અઠવાડિયા સુધીમાં ઉપલબ્ધ થશે. જ્યારે ધોરણ-6 માટેના પુસ્તકો મેના મધ્ય સુધીમાં ઉપલબ્ધ થશે.એન.સી.ઇ.આર.ટી દ્વારા સમગ્ર દેશમાં ધોરણ-1, 2, 7, 8, 10 અને 12ના પાઠ્યપુસ્તકોની 1.21 કરોડ નકલો પહોંચાડી દેવામાં આવી છે. આમ, મોટાભાગના પુસ્તકો પહોંચી ગયા છે અને અમુક ધોરણના પુસ્તકો બાકી છે તે આગામી દિવસોમાં પહોંચી જશે

# ગાંધીનગરના ત્રણ તાલુકામાં સ્ત્રી-પુરુષ મતદારોમાં 10 ટકાનો તફાવત



**■ મહિલાઓ મતદાન માટે જાગૃત્ત થાય તો ટકાવારી વધે**

ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લાના કલોલ, દહેગામ અને ગાંધીનગર તાલુકામાં સ્ત્રી- પુરૂષ મતદારોમાં 10 ટકા તફાવત જોવા મળ્યો છે. ત્યારે આ ત્રણ તાલુકાના બુથો પર મહિલાઓ સક્રિય થઇ મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. લોકશાહીના અવસરમાં મહિલાઓનું મતદાન કરીને યોગદાન વધે તે માટે ૧૦ ટકા સ્ત્રી- પુરૂષ તફાવત ધરાવતા કલોલ, દહેગામ અને ગાંધીનગર તાલુકાના બુથોના બીએલઓ સાથે ટીપીઈઓ, બીઆરસી કોર્ડિનેટર, સીડીપીઓ અને ખેતીવાડી અધિકારીઓ દ્વારા આ બેઠકનું આયોજન કરાયું હતું.

જેમાં સ્થાનિક કક્ષાએ મહિલા મતદાન વધારવા માટેના સુચારું આયોજન અર્થે સ્થાનિક કક્ષાએ આંગણવાડી કાર્યકર, આશાવર્કર બહેનો, ગ્રામ સેવક અને સખી મંડળોને મહિલા જાગૃત્તિ અર્થેમાં જોતરવામાં આવનાર છે. આ તમામ ક્ષેત્રોમાં સક્રિય મહિલાઓ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણીમાં જે તાલુકામાં સ્ત્રી - પુરૂષ મતદારોમાં ૧૦ ટકા તફાવત મતદાનમાં રહ્યો છે, ત્યાં મહિલાઓનો સંપર્ક કરીને અવશ્ય મતદાન કરવા અને ઘરના અન્ય સભ્યોને મતદાન દિવસ ૭મી મે, ૨૦૨૪ના રોજ પ્રેરિત કરવા માટે જાગૃત્ત કરવામાં આવશે. લોકશાહી દેશમાં મહિલાઓના મતની શું કિંમત છે, તેનાથી પણ વાકેફ કરવામાં આવશે.

મહિલાઓ મતદાન અર્થે જાગૃત્ત બનશે, તો અવશ્ય મતદાન વધશે. તેવી આશા પણ જિલ્લા વહીવટી તંત્ર તરફથી વ્યક્ત કરવામાં આવી છે. લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અંતર્ગત દેશમાં ગુજરાત રાજયનું સૌથી વધુ મતદાન થાય તે દિશામાં ચૂંટણી પંચ કમરકસી રહ્યું છે. તે જ રીતે રાજયમાં સૌથી વધુ મતદાન ગાંધીનગર જિલ્લામાં થાય તે દિશામાં સુચારું આયોજન જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યું છે.

# અમિત શાહ 19 મીએ ગાંધીનગર બેઠક માટે ઉમેદવારી નોંધાવશે

**■ માંડવિયા 15મીએ , રૂપાલા 16 મીએ અને પાટિલ 18 મીએ ઉમેદવારીપત્ર ભરશે**

ગુજરાત | વંદન



ગુજરાતમાં લોકસભાની 26 બેઠકોની ચૂંટણી માટે 12 એપ્રિલથી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ગુજરાત ભાજપ દ્વારા 26 ઉમેદવારોની ફોર્મ ભરવાની તારીખ નક્કી કરવામાં આવી છે. જેમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અને ગાંધીનગર લોકસભાના ઉમેદવાર અમિત શાહ 19 એપ્રિલના રોજ પોતાની ઉમેદવારી નોંધાવશે. આ ઉપરાંત મનસુખ માંડવીયા, સી આર પાટીલ, પરસોત્તમ રૂપાલા અને પૂનમ માડમ સહિતના ઉમેદવારો પણ અલગ-અલગ રીતે પોતાની ઉમેદવારી નોંધાવશે.

મળતી માહિતી પ્રમાણે, ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો 15મી એપ્રિલથી ફોર્મ ભરવાનું શરૂઆત કરશે. જેમાં પ્રથમ કેન્દ્રીય આરોગ્ય મંત્રી અને પોરબંદરના ભાજપના ઉમેદવાર મનસુખ માંડવિયા પોતાની ઉમેદવારી સાથે ભાજપના અન્ય છ. ઉમેદવારો પણ આ જ દિવસે ફોર્મ ભરશે. જ્યારે 16 એપ્રિલના રોજ કેન્દ્રીય રાજ્ય કક્ષાના મંત્રીઓને રાજકોટ લોકસભાના ઉમેદવાર પરષોત્તમ રૂપાલા પોતાની ઉમેદવારી નોંધાવશે.

17મીએ રામનવમી હોવાના કારણે અન્ય બાકી રહેલા ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર 18 મી એપ્રિલના રોજ પોતાની ઉમેદવારી નોંધાવશે. જેમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અને નવસારીના સાંસદ સી આર પાટીલ 18 એપ્રિલના રોજ પોતાની ઉમેદવારી નોંધાવશે. આ સાથે-સાથે જામનગર લોકસભા સીટના ઉમેદવાર પૂનમ માડમ પણ 18 એપ્રિલના રોજ ઉમેદવારી નોંધાવશે.

મહત્વનું છે કે, કેન્દ્રીય ગૃહ મંત્રી અને ગાંધીનગર લોકસભાના ઉમેદવાર અમિત શાહ 19 એપ્રિલના રોજ પોતાની ઉમેદવારી નોંધાવશે. વર્ષ 2019ની લોકસભા ચૂંટણીમાં પણ અમિત શાહ નવરંગપુરાથી લઈ અને ગાંધીનગર કલેક્ટર કચેરી સુધી વિશાળ રોડ શો દ્વારા પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

તેવી જ રીતે આ વર્ષે પણ તે જ પ્રકારે રોડ શોના મારફતે પોતાની ઉમેદવારી નોંધાવી તેવી માહિતી પ્રાપ્ત થઈ રહી છે. ફોર્મ ભરતી વખતે ભારતીય જનતા પાર્ટીના પરંપરા પ્રમાણે ઉમેદવારો સાથે પ્રદેશના નેતાઓ મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી રાષ્ટ્રીય તેમજ રાજ્ય ભાજપના મોટા નેતાઓ પદાધિકારીઓ પણ હાજર રહેશે.

## મહાનગરમાં ફતેપુરાની સ્થિતિ ગામડાંથી પણ બદતર..



પાટનગર તરીકે ગાંધીનગરને રાજ્યના અન્ય શહેરોની સરખામણીએ વધુ બ્યુટીફાઈડ બનાવવામાં આવી રહ્યું છે અને કરોડો રૂપિયાના ખર્ચે બ્યુટીફિકેશનના કામો ચાલી રહ્યા છે ત્યારે શહેરના અનેક વિસ્તારો એવા છે કે જે પાયાની સુવિધાથી વંચિત છે. સેક્ટર-15નું ફતેપુરા મહાનગરપાલિકામાં સમાવિષ્ટ હોવા છતાં ચારેબાજુ ગટરો ઉભરાય છે. સ્થાનિક નાગરિકોનું નેતાઓ, કોર્પોરેટરો સાંભળતા નથી. તંત્ર આ તરફ નજર સુદ્ધા નાંખતું નહીં હોવાની ફરિયાદ નાગરિકો કરે છે.

# કલોલથી વિજાપુર વચ્ચે બાલવા ગામમાં રેલ્વે અન્ડરપાસ સામે વિરોધ

**■ ચોમાસામાં ખેડુતોને ખેતરમાં જવા માટે પડશે મુશ્કેલી - રજૂઆત**

ગુજરાત | વંદન

બાલવામાંથી પસાર થતી કલોલથી વિજાપુર બ્રોડગેજ રેલવે લાઈનમાં ફાટકને દુર કરીને અન્ડરપાસ બનાવવામાં આવી રહ્યો છે. અન્ડરપાસ બનાવવાથી ચોમાસાની ઋતુમાં ખેડુતોને ખેતરમાં જવા માટે હાલાકી વેઠવી પડશે. કેમ કે અન્ડરપાસમાં પાણી ભરાઇ જવાથી લોકોની અવર જવર બંધ રહેતા ખેડુતોને ખેતરમાં કેવી રીતે જવું તે મોટો પ્રશ્ન ઉભો થશે. આથી અન્ડરપાસની સાથે સાથે ફાટક રાખવામાં આવે તો ચોમાસામાં ખેડુતોને ખેતરમાં સરળતાથી જઇ શકે તેમ ખેડુતોએ જણાવ્યું છે.



રેલવે વિભાગ દ્વારા ગાંધીનગરથી હરીદ્વાર જતી રેલવે લાઇન આદરજ મોટીથી વિજાપુર જાય છે. જેમાં કલોલથી વિજાપુરની રેલવે લાઇન અગાઉ મીટરગેજમાં હતી. તેમાં સુધારો કરીને રેલવે વિભાગ કલોલથી વિજાપુર સુધી બ્રોડગેજ લાઇન નાંખી રહી છે. બ્રોડગેજ રેલવે લાઇન નાંખવાની સાથે સાથે ફાટક બંધથી ટ્રાફિક જામ જેવી સ્થિતિ ઉભી થાય નહી. તે માટે રેલવે વિભાગ દ્વારા ફાટકોને બંધ કરીને અન્ડરપાસ બનાવવામાં આવી રહ્યા છે. તેમાં જિલ્લાના કલોલ તાલુકાના બાલવા ગામમાંથી પસાર થતી કલોલથી વિજાપુરની રેલવે લાઇનના ફાટકને દુર કરીને અન્ડર પાસ બનાવવાની કામગીરી હાલમાં ચાલી રહી છે.

જોકે રેલવે લાઇનનો ફાટક દુર કરીને અન્ડરપાસ બનાવવાથી ચોમાસામાં ગામના ખેડુતોને ખેતરમાં કેમ જવું તે મોટો પ્રશ્ન ઉભો થશે. કેમ કે ચોમાસામાં અન્ડરપાસમાં પાણી ભરાઇ જવાથી અવર જવર બંધ થઇ જશે. આથી આવી સ્થિતિમાં ખેડુતોને હાલાકી પડે નહી તે માટે રેલવે લાઇન ઉપરના ફાટકને દુર કરવાને બદલે તેની જગ્યાએ અવર જવર માટે ફાટક રાખવામાં આવે તેમ બાલવાના ગ્રામજનો અને ખેડુતોએ જણાવ્યું છે. જોકે આવી સ્થિતિ માત્ર એક જ ગામની નથી.

# સારથી હેલ્પલાઈન હવે વિદ્યાર્થીઓ માટે બનશે "સારથી"

**■ 200 શિક્ષકોની ટીમ કારકિર્દીનું માર્ગદર્શન આપશે**

ગુજરાત | વંદન

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની સારથિ હેલ્પલાઈન પરીક્ષા વખતે વિદ્યાર્થીઓને ખુબ મદદરૂપ બની રહી છે. હેલ્પલાઈન પર રિસિપ્ટ ખોવાઈ ગઈ છે અને શાળાનું લોકેશન મળતું નથી જેવા પ્રશ્નોને લઈને વિદ્યાર્થીઓના ફોન આવ્યા બાદ તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યા બાદ હવે આ હેલ્પલાઈન પર વિદ્યાર્થીઓને કારકિર્દીનું માર્ગદર્શન પણ મળી રહે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરી દ્વારા હેલ્પલાઈન પર વિદ્યાર્થીઓ-વાલીઓને કારકિર્દીના માર્ગદર્શન માટે 200 જેટલા શિક્ષકોની ટીમ તૈયાર કરી છે. જે વોટ્સએપના માધ્યમથી મળેલા પ્રશ્નનો ઉત્તર આપી વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી ઘડવામાં મદદરૂપ બનશે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સારથિ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓ-વાલીઓ દ્વારા હેલ્પલાઈન પર સંપર્ક કરતા તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવે છે. આ હેલ્પલાઈન પર પરીક્ષાને લગતા પ્રશ્નો ઉપરાંત, આરટીઈને લગતા પ્રશ્નો અને કચેરીને લગતા તમામ વહીવટી પ્રશ્નોનો પણ ઉકેલ લાવવામાં આવે છે. આ હેલ્પલાઈનની મદદથી પ્રશ્નોનું નિરાકરણ ખુબ જ ઝડપથી આવી રહ્યું હોવાનું સૂત્રો




જણાવી રહ્યા છે. પરીક્ષા વખતે પણ આ હેલ્પલાઈનનો સંપર્ક કરી વિદ્યાર્થીઓ મદદ મેળવી રહ્યા હતા.

સારથિ હેલ્પલાઈન 9909922648 પર વોટ્સએપના માધ્યમથી પ્રશ્નો મળ્યા બાદ હેલ્પલાઈનમાં કાર્યરત કચેરીની ટીમ, વિષય શિક્ષકોની ટીમ, મનોચિકિત્સકની ટીમ, વહીવટી ટીમ દ્વારા તાત્કાલિક ઉકેલ લાવવા માટેના પ્રયાસો શરૂ કરવામાં આવે છે. જેમાં જેટલા પ્રશ્નો હેલ્પલાઈનને મળ્યા હતા તે તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું છે. આમ, આજદિન સુધી એક પણ પ્રશ્નનો ઉત્તર બાકી રાખવામાં આવ્યો ન હોવાનું જાણવા મળે છે. જોકે, હવે આ હેલ્પલાઈન પર વધુ એક મુદ્દો ઉમેરવામાં આવ્યો છે. જેમાં હવે વિદ્યાર્થીઓને કારકિર્દીનું માર્ગદર્શન પણ હેલ્પલાઈનના માધ્યમથી મળે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે હેલ્પલાઈન પર કારકિર્દીનું માર્ગદર્શન આપવા માટે 200 જેટલા શિક્ષકોની ટીમ પણ તૈયાર કરવામાં આવી છે.

અમદાવાદ શહેરના DEO રોહિત ચૌધરીએ જણાવ્યું કે સારથિ હેલ્પલાઈન પર પરીક્ષાને લગતી, RTEના લગતા, કચેરીને લગતા વિવિધ પ્રશ્નોનું માર્ગદર્શન આપવામાં આવતું હતું, પરંતુ હવેથી વોટ્સએપના માધ્યમથી હેલ્પલાઈન પર કારકિર્દીને લગતા પ્રશ્નોનું પણ સમાધાન કરવામાં આવશે. આગામી દિવસોમાં ધોરણ-10 અને 12ના પરિણામ જાહેર થવાના છે ત્યારે વિદ્યાર્થીઓને કારકિર્દીને લઈને ખૂબ જ મુંઝવણ હોય છે. જેથી હેલ્પલાઈન આવા વિદ્યાર્થીઓ-વાલીઓ માટે મદદરૂપ બનશે.

# ઉનાળુ વેકેશનમાં વધારાની ટ્રેનો દોડાવવા રજૂઆત

**■ પૂર્વોત્તર રાજ્યોમાં જવા માટે મુસાફરોનો ભારે ધસારો**

ગુજરાત | વંદન




રાજ્યમાં હાલમાં ધો.10 અને 12ની પરીક્ષા પૂર્ણ થઈ ચૂકી છે. આગામી 20મી એપ્રિલ સુધીમાં કોલેજોની પરીક્ષા પણ પૂર્ણ થઈ જાય તેમ છે. અમદાવાદમાં રહેતા અન્ય રાજ્યોના નાગરિકોને વતનમાં જવા રેલવેમાં કોઈ ટ્રેનમાં કન્ફર્મ ટિકિટ મળતી નથી. મોટાભાગની ટ્રેનો નો રૂમ આવી રહી છે. આ સ્થિતિમાં ઉત્તરપ્રદેશ, બિહાર સહિતની ટ્રેનોમાં વધારાના કોચ લગાવવા ઉપરાંત ક્લોન વિશેષ ટ્રેન દોડાવવી જોઈએ તેવી માગણી અખિલ ભારતીય રેલ યાત્રી સંઘ દ્વારા કરવામાં આવી છે.નોંધનીય છે કે રેલ્વે દ્વારા અમદાવાદથી ઊપડતી કેટલીક ટ્રેનોને ગાંધીનગર શિફ્ટ કરી છે, જે હવે ગાંધીનગર રેલ્વે સ્ટેશનથી ઉપડે છે.

ધો.10-12ની પરીક્ષા પૂરી થયા બાદ હવે સ્કૂલની પરીક્ષાઓ પણ પૂરી થવાની તૈયારીમાં છે. આગામી દિવસોમાં 20મી એપ્રિલ સુધીમાં કોલેજની પરીક્ષાઓ પણ પૂરી થઈ જાય તેમ છે. આ સ્થિતિમાં અમદાવાદમાં રહેતા ઉત્તર પ્રદેશ, ગોરખપુર, વારાણસી, મુઝફ્ફરપુર, પટના, દરભંગા, આગરા સહિતના લોકો ઉનાળાના વેકેશનમાં વતનમાં જવાની તૈયારી કરતાં હોય છે. હાલની સ્થિતિ એવી છે કે, મોટાભાગની ટ્રેનોમાં હાલમાં કન્ફર્મ ટિકિટ મળતી નથી. 90 ટકા એક્સપ્રેસ ટ્રેનમાં મે માસના બીજા સપ્તાહ સુધી વેઈટિંગ ચાલી રહ્યું છે. ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, દિલ્હી જેવા રાજ્યોમાં જતી મોટભાગની ટ્રેનોમાં નો રૂમ જેવી સ્થિતિ છે.

ટ્રેનોમાં કન્ફર્મ ટિકિટ ન મળવાને કારણે વતન જવા ઈચ્છતાં નાગરિકો તત્કાલ ટિકિટ લેવા પ્રયાસ કરતાં હોય છે, પરંતુ તેમાં પણ નિરાશા મળી રહી છે.

## વાહન ચાલકને પોતાનું વાહન ધીમું કરવાની ફરજ પડશે

# ડેન્જર ઝોનના માર્ગ પર પીળા પટ્ટા લગાવાયા

ગુજરાત | વંદન

શહેરમાં દિન પ્રતિદિન અકસ્માતની સંખ્યામાં પણ વધારો થતો હોય છે. રોડ ઉપર વાહન ચાલકો દ્વારા બેફામ સ્પીડે વાહન ચાલી અકસ્માત સર્જતા હોય છે.શહેરના સિંધુભવન રોડ ઉપર મોડી રાત્રે નબીરાઓ દ્વારા સ્ટંટ પણ કરવામાં આવે છે. જેને ધ્યાનમાં લઈ અમદાવાદ ટ્રાફિક પોલીસ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકો ધીમે વાહન ચલાવે તેના માટે સિંધુભવન રોડ પર ગોટીલા ગાર્ડન અને તાજ હોટલ નજીક રંબલર સ્ટ્રીપ (પીળા પટ્ટા) લગાવવામાં આવ્યા છે. જેના કારણે રોડ પર બેફામ સ્પીડમાં ચલાવતા વાહન ચાલકોને ધીમે વાહન ચલાવવાની અને ડેન્જર ઝોન હોવાનો ખ્યાલ આવશે.



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટ્રાફિક વિભાગના એડિશનલ સીટી ઈજનેર પ્રેમલ શેઠે જણાવ્યું હતું કે શહેરમાં રોડ ઉપર જ્યાં ડેન્જર ઝોન અને અકસ્માત થવાની સંભાવના હોય ત્યાં રંબલર સ્ટ્રીપ (પીળા પટ્ટા) લગાવવામાં આવે છે. જેના કારણે આગળ ચાર રસ્તા અને અકસ્માત ઝોન હોવાની વાહન ચાલકને પોતાના વાહનની સ્પીડ ધીમી કરવા અંગેની જાણકારી થાય છે.

ટ્રાફિક પોલીસ દ્વારા સર્વે કરી અને જે જગ્યાએ અકસ્માત ઝોન અથવા તો ડેન્જર ઝોન હોય તેની માહિતી આપવામાં આવતી હોય છે જેના આધારે શહેરના સિંધુભવન રોડ ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ રંબલર સ્ટ્રીપ (પીળા પટ્ટા) લગાવવામાં આવ્યા છે.

શહેરના સિંધુભવન રોડ ઉપર સૌથી વધારે રેસ ડ્રાઈવિંગ થતું હોય છે. મોડી રાત્રે નબીરાઓ દ્વારા સરદાર પટેલ રિંગરોડ થી લઈ પકવાન ચાર રસ્તા સુધી સ્ટંટ બાજી અને બેફામપણે વાહન ચલાવતા હોય છે ત્યારે આવા વાહનચાલકોને રોકવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનને રંબલર સ્ટ્રીપ (પીળા પટ્ટા) લગાવવામાં આવ્યા છે.

ભૂતકાળમાં સિંધુ ભવન રોડ ઉપર સ્ટંટબાજીના કિસ્સાઓ સામે આવ્યા છે. ટ્રાફિક પોલીસ દ્વારા આ બાબતે સર્વે કરી અને મ્યુનિસિપલ કોર્પોરેશનને જાણ કરવામાં આવી હતી. સિંધુભવન રોડ ઉપર અન્ય એક જગ્યાએ પણ હજી રંબલર સ્ટ્રીપ (પીળા પટ્ટા) લગાવવામાં આવશે.

## અમિત શાહના ધર્મપત્નીએ શરૂ કર્યો ડોર ટુ ડોર પ્રચાર

ગુજરાત | વંદન

આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ગાંધીનગર લોકસભા બેઠકનાં સાંસદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના ધર્મપત્ની સોનલબેન શાહે કોલવડા ગામે ડોર ટુ ડોર પ્રચાર કરી સોનીપુર ગામે બહુચર માતા મંદિરે પૂજા અર્ચના કરી પણ કરી હતી. આ અવસરે ધારાસભ્ય રીટાબેન પટેલ સહિતના ભાજપના આગેવાનો-કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.ગાંધીનગર લોકસભા બેઠક પરથી કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ 19 મી એપ્રિલના રોજ ઉમેદવારી ફોર્મ ભરવાના છે. જેને લઈને ભાજપ દ્વારા આગલા દિવસે વિશાળ રેલી યોજવાની તૈયારીઓ કરાઈ રહી છે. શાહને જંગી બહુમતી એટલે કે 10 લાખની લીડથી જીતાડવા માટે શહેર-જિલ્લા ભાજપનાં હોદ્દેદારો, આગેવાનો અને કાર્યકરો દ્વારા ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ પણ કરી દેવામાં આવ્યાં છે.

# ઉમેદવારનો કથિત અશ્લીલ વીડિયો વાયરલ , પાટિલે કહ્યું : માફ કરી દેશો

## મિતેષભાઈની કંઈ ભૂલ હોય તો તમે અમારી સામે જોજો

ગુજરાત | વંદન

દેશમાં લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી છે, ત્યારે ગુજરાતમાં 7મી મેના રોજ મતદાન થશે. આ દરમિયાન ભાજપના ઉમેદવારોના કોઈને કોઈ વિવાદો સામે આવી રહ્યાં છે, ત્યારે થોડા દિવસ પહેલા ભાજપના આણંદના સાંસદ મિતેષ પટેલનો એક કથિત અશ્લીલ વિડીયો વાયરલ થયો હતો. આ મામલે ખૂબ વિવાદ થયો હતો અને સૌએ મિતેષ પટેલને આણંદમાંથી ઉમેદવાર તરીકે હટાવવાની ચર્ચાઓ પણ ચાલી વહેતી થઇ હતી. ત્યારે તેમણે આ વિડિયોને નકારી કાઢ્યો હતો. વાયરલ વીડિયો ક્યાંનો છે તેની હજુ પુષ્ટિ થઈ શકી નથી. પરંતુ એક મીડિયા રિપોર્ટ અનુસાર આ





વિડીયોમાં મિતેષ પટેલ જ છે તે જ દેખાઈ રહ્યાં છે.

આ સમગ્ર મામલે જ્યારે મિતેષ પટેલને પૂછવામાં આવ્યું તો તેમણે આ વિડીયો તેમનો નથી તેવું જણાવ્યું હતું. વિડીયોમાં જે વ્યક્તિ છે તે તેઓ નથી. જો કે થોડા દિવસ પહેલા જ્યારે આ વિડીયો વાયરલ થયો અને મિતેષ પટેલનો વિરોધ થયો હતો. આ વિરોધમાં ડેમેજ કંટ્રોલ કરવા સી.આર. પાટીલ મેદાને આવ્યા હતા અને આણંદમાં એક સભામાં કહ્યું હતું કે મિતેષભાઈની કંઈ ભૂલ હોય તો તમે અમારી સામે જોઈ તેમને માફ કરી દો.

ઉલ્લેખનીય છે કે, મિતેષ પટેલ 2019 ની લોકસભાની ચૂંટણીમાં જીત્યા હતા અને આણંદના સાંસદ બન્યા હતા. વર્ષ 2019માં મિતેષ પટેલે કોંગ્રેસના દિગ્ગજ નેતાની છબી ધરાવતા ભરતસિંહ સોલંકીને 1.97 લાખ મતની સરસાઈથી હરાવીને વિક્રમ સર્જ્યો હતો.

## શહેર ટ્રાફિક પોલીસે ફુટપાથના દબાણો દૂર કરવાની ઝુંબેશ આદરી

### રાહદારીઓને ચાલવા માટે ખુલ્લી ફૂટપાથ મળી રહેશે

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં જાહેર રસ્તા પરના દબાણો સામાન્ય બાબત બની ગઈ છે ફેરિયાઓ અને પાથરણાવાળા રસ્તા પર કબજો જમાવીને બેઠા છે, બીજી તરફ દુકાનવાળા ઉપર ફૂટપાથ પર મોટા બોર્ડ કે હોર્ડિંગ્સ મૂકતા હોવાથી નાગરીકને ભારે હાલાકી થાય છે.

આ ઉપરાંત ટ્રાફિક અને પાર્કિંગ સમસ્યા પણ ગંભીર બને છે. સામાન્ય રીતે આ દબાણો દૂર કરવાની જવાબદારી મ્યુનિસિપલ એસ્ટેટ વિભાગની છે. પરંતુ મ્યુનિ. તંત્ર આ મામલે બેદરકાર સાબિત થતા તેની સ્વૈચ્છિક જવાબદારી શહેર ટ્રાફિક પોલીસે લીધી છે તેમજ વિવિધ વિસ્તારોમાંથી આવા દબાણો દૂર કરવામાં આવી રહયા છે.અમદાવાદ શહેર પશ્ચિમ ટ્રાફિક ડી સી પી નીતા દેસાઈના જણાવ્યા મુજબ ફૂટપાથ પર મૂકવામાં



આવેલા બોર્ડ/ બેનર્સ દૂર કરવાની ઝુંબેશ સતત ચાલી રહી છે. ટ્રાફિક વિભાગ તરફથી તમામ વિસ્તારોમાં આ પ્રકારની નિયમિત કાર્યવાહી કરવામાં આવી રહી છે. શહેરની ટ્રાફિક અને પાર્કિંગ સમસ્યા હળવી કરવા તેમજ રાહદારીઓને ચાલવા માટે ખુલ્લી ફૂટપાથ મળી રહે તે માટે જાહેર માર્ગ અને ફૂટપાથ પરના દબાણ દૂર કરવા માટે ટ્રાફિક પોલીસ વિભાગ સજાગ છે.

## શિલજ અને ઓગણજ ખાતે બનશે અંડરપાસ

# ADB દ્વારા બે અંડરપાસ સહિત 9 ફ્લાય ઓવર માટેની લોન મંજૂર કરવામાં આવી

ગુજરાત | વંદન

અમદાવાદમાં દિવસેને દિવસે ટ્રાફિસની સમસ્યા વકરતી જાય છે. શહેરની બહારના વિસ્તારોમાં પણ ટ્રાફિક વધી રહ્યો છે. તેવામાં અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી એટલે કે ઔડા આગામી પાંચથી સાત વર્ષમાં ભારે ટ્રાફિકની અપેક્ષા રાખીને એસપી રિંગ રોડને છ લેનનો બનાવવાની યોજના બનાવી રહી છે. ઔડાની આ યોજના ઝડપથી અમલમાં આવી શકે છે.

ઔડાએ આ પ્રોજેક્ટ અંગે ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા માટે ટ્રાન્સલિંકને રોક્યા છે. આ માટેનો અંદાજીત ખર્ચ ૮૦૦ કરોડ રૂપિયા છે. એક અહેવાલ પ્રમાણે ડીઆરપીમાં સિક્સ લેન રોડની ડિઝાઈન, ટ્રાફિક, સર્વે દ્વારા જંક્શન પર નવા ફ્લાયઓવરની ઓળખ કરવી તથા રિંગ રોડની પશ્ચિમ અને પૂર્વ બંને બાજુએ અનુક્રમે ભાટ અને કમોદ નદીના બ્રિજના રિનોવેશન અથવા તો એક્ટેન્શનનો પણ સમાવેશ થાય છે.જેમાં એક છે ટોલ કલેક્શન સાથે સેલ્ફ-ફંડિંગ. બીજુ છે બિલ્ડ-ઓપરેટર ટ્રાન્સફર મોડલ અને ત્રીજુ છે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ. આ ત્રણમાંથી કયા વિકલ્પને પસંદ કરવો તેનો આધાર જે ડીપીઆર પસંદ કરવામાં આવશે તેના એનાલિસિસ પર નિર્ભર રહેશે. ઔડાના અધિકારીએ જણાવ્યું હતું કે, ફંડિંગ માટે કયો વિકલ્પ પસંદ કરવો તે ડીઆરપીના અંતિમ નિર્ણયના મૂલ્યાંકન પછી લેવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, હાલમાં શિલજ ખાતેના એક અને ઓગણજ અંડરપાસ સહિત નવ ફ્લાયઓવરને ઔડા માટે એડીબી લોન હેઠળ મંજૂર કરવામાં આવ્યા છે.

જે પૈકી બે વર્ક પેકેજ મંજૂર કરી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નવા ડીપીઆરમાં જો નવા જંક્શન પર ફ્લાયઓવર બનાવવાની જરૂર હશે તો તેની વિગતો કન્સલ્ટન્ટ દ્વારા ડીપીઆરમાં મૂકવામાં આવશે. ૨૦૦૬માં બોટ કરાર હેઠળ બાંધવામાં આવેલ એસપી રીંગ રોડ પર ટ્રાફિકમાં ઘણો વધારો જોવા મળ્યો છે. ૨૦૧૭માં સિક્સ-લેન વિસ્તરણને મંજૂરી આપવામાં આવી હતી.કન્સેશનર કંપની એર્રીલએ ૨૦૧૯માં ૨૦૦ કરોડ રૂપિયાના વિસ્તરણ માટે ભંડોળ આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેમાં તેમની કન્સેશન અવધિ લંબાવવાની શરત હતી. ઔડાએ કંપનીની આ શરતને નકારી કાઢી હતી અને ખર્ચ આકારણી માટે થર્ડ પાર્ટી સલાહકારની નિમણૂક કરવાનું પસંદ કર્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે, એર્રીલ તેમની કન્સેશન ૩.૫ વર્ષ માટે લંબાવવા માંગે છે.જોકે, ઔડા દ્વારા આ પ્રસ્તાવને નકારી કાઢવામાં આવ્યોહતો. ઔડા બોર્ડે ખર્ચ નક્કી કરવા માટે થર્ડ પાર્ટી સલાહકારની નિમણૂક કરી હતી. આ પ્રોજેક્ટ વધારાના જમીન સંપાદન વિના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારશે.

## 25 વર્ષીય દિવ્યાંગ જયની ભાવુક અપીલ : 'મતદાન અવશ્ય કરજો'

### મતદાન જાગૃતિ' માટેનું કેનવાસ પેઇન્ટિંગ બનાવ્યું

ગુજરાત | વંદન

અમદાવાદ જિલ્લામાં આગામી 7મી મે, 2024ના રોજ યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને 'મતદાન જાગૃતિ' અન્વયે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અવનવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ચૂંટણી તંત્ર દ્વારા દિવ્યાંગ મતદારોની સુવિધા પર પણ વિશેષ કાળજી લેવામાં આવી રહી છે.

અમદાવાદના એક એવા દિવ્યાંગ યુવાનની વાત કરવી છે, જે અચૂક મતદાન માટેનો જુસ્સો અને પ્રેરણા આપી રહ્યા છે. શહેરના 25 વર્ષીય દિવ્યાંગ યુવાન જય ગાંગડિયાએ 'મતદાન જાગૃતિ'નો દીવો પ્રગટાવ્યો છે. પોતાની આગવી ચિત્રકળાથી જયે 'મતદાન જાગૃતિ' અંગેનું કેનવાસ પેઈન્ટિંગ બનાવી લોકોને મતદાન પર્વમાં સહભાગી થવાનો સંદેશ



પાઠવ્યો છે.

જય ગાંગડિયાએ 'ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ', 'વોટ ફોર ઈન્ડિયા' જેવા મતદાન જાગૃતિને લગતા વિવિધ પેઈન્ટિંગ બનાવ્યાં છે. દિવ્યાંગ યુવાન જયે 'હું પણ મતદાન કરીશ, તમે પણ મતદાન કરો' ની જાહેર અપીલ કરી દેશહિત ખાતર લોકશાહીના પર્વમાં સહભાગી થવા લોકોને પ્રેરિત કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ વિશ્વ દિવ્યાંગજન દિવસે જય ગાંગડિયાને શ્રેષ્ઠ દિવ્યાંગજન 2023નો નેશનલ એવોર્ડ દેશના રાષ્ટ્રપતિ સુશ્રી દ્રૌપદી મૂર્મુજીના હસ્તે પ્રાપ્ત થયો હતો.

## રહીશોનું કહેવું છે કે પીજીમાં રહેતા યુવક યુવતીઓ અભદ્ર વર્તન કરે છે

# શહેરનાં રહેણાંક સોસાયટીઓમાં ચાલતા PGથી રહીશો પરેશાન..

ગુજરાત | વંદન

અમદાવાદમાં પીજી એકવાર ફરી ચર્ચામા આવ્યા છે. શહેરના આનંદનગર વિસ્તારમાં પીજીને લઈ વિવાદ ઉઠ્યો છે. એલીગન્સ સોસાયટીમાં પીજીને લઈ અન્ય લોકોની અવરજવરને કારણે સોસાયટીના રહીશોની નારાજગી સામે આવી છે.

આ અંગે સોસાયટીના લોકોએ ત્રણ મહિનાના પાસ ઈશ્યુ રવાનો નિર્ણય કર્યો છે. જેમાં માત્ર પીજીમાં રહેતા લોકોને પ્રવેશ મળે તે માટે પાસ ઈશ્યુનો નિર્ણય લેવાયો છે. જો કે સોસાયટીના નિર્ણય સામે પીજીમાં રહેતા છોકરા છોકરીઓ દ્વારા વિરોધ કરાયો છે.

આનંદ નગર વિસ્તારની




નીલકંઠ એલીગન્સ સોસાયટીમાં વિવાદ સામે આવ્યો છે. રહીશોએ પી જી માં રહેતા યુવક યુવતીઓ સામે પોલીસ ફરિયાદ કરી છે. રહીશોનું કહેવું છે કે પીજીમાં રહેતા યુવક યુવતીઓ અભદ્ર વર્તન જાહેરમાં કરે છે. સાથે જ તેઓ દારૂનું પણ સેવન કરે છે. રાતના સમયે સોસાયટીમાં પ્રવેશ લેનારાઓની સંખ્યા ૭૦૦-૮૦૦ સુધી પહોંચી જાય છે.

પીજીના રહીશો સિવાય પણ અન્ય લોકોની અવરજવરને કારણે રહીશોમાં નારાજગી જોવા મળી. અગાઉ સોસાયટીના લોકોએ ત્રણ મહિના માટે પાસ ઈશ્યુ કરવાનો નિર્ણય લીધો છે. જેમાં માત્ર પીજી માં રહેતા લોકોને જ પ્રવેશ મળે તેવુ રહીશોનું કહેવું છે. તો બીજી તરફ, પીજીમાં રહેતા મોટાભાગના યુવક યુવતીઓએ પાસ લેવાની ના પાડી છે.

રહીશોનું કહેવું છે કે નીલકંઠ એલીગન્સમાં ૧૭૪ ફ્લેટ્સમાંથી ૭૪ માં પીજી ચાલે છે. અહીં લોકો ગેરકાયદે પેટા ભાડુઆત રાખ્યા છે. એક વ્યક્તિએ ૨૫ ફ્લેટ્સ પીજી માટે આપ્યા છે. પીજીમાં રહેવા માટે આપવા પડતા ડોક્યુમેન્ટ્સ પણ જમા કરાવ્યા નથી. આ સિવાય સોસાયટીનું મેઈન્ટેન્સન પણ સમયે ચૂકવામાં આવતું નથી.

## શિવરંજની ચાર રસ્તા પાસે મ્યુનિસિપલ પ્લોટ કોન્ટ્રાક્ટરને આપ્યો

# કોર્પોરેશનનો પ્લોટ બારોબાર પધરાવી દીધો

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ખેડે તેની જમીન જોવો ઘાટ જોવા મળી રહ્યો છે મ્યુનિસિપલ કોર્પોરેશનની અબજો રૂપિયાની જમીન પર ભૂ-માફિયાઓએ કબજો કર્યો છે પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશનની સંલગ્ન સંસ્થાઓએ પણ કોર્પોરેશનના રિઝર્વ પ્લોટ કેટલાક કોન્ટ્રાક્ટરોને બારોબર પધરાવી દીધા છે આવો જ એક કીમતી પ્લોટ જનમાર્ગ લિમિટેડ દ્વારા તેમના ઈ સવારી પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટરને વિનામૂલ્ય આપવામાં આવ્યો હોવાની ચોકાવનારી વિગતો બહાર આવી છે.

અમદાવાદ જનમાર્ગ લિમિટેડ દ્વારા ઇ-રીક્ષા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. સદર પ્રોજેક્ટ અંતર્ગત કોન્ટ્રાક્ટર દ્વારા નાગરિકોને તેમના ઘરેથી જનમાર્ગ બસ શેલટર સુધી લાવવામાં આવે છે જેના માટે પ્રતિ પેસેન્જર રૂપિયા ૧૦ નું ભાડું નક્કી કરવામાં આવ્યું છે હાલ આ પ્રોજેક્ટ નવા પશ્ચિમઝોનના



વિસ્તારમાં પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવ્યો છે

જેમાં કોન્ટ્રાક્ટર દ્વારા ૬૦ જેટલી ઇ-રીક્ષા લાવવામાં આવી છે સૂત્રોનું માનીએ તો જનમાર્ગ લિમિટેડ દ્વારા આ અંગે કોઈ ટેન્ડર મંગાવવામાં આવ્યા નહતા પરંતુ તેના માટે આરએફપી જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં વ્રજ શાહ નામના કોન્ટ્રાક્ટરને કામ સોંપવામાં આવ્યું છે જનમાર્ગ અને કોન્ટ્રાક્ટર વચ્ચે થયેલ કરાર મુજબ ઇ-રીક્ષાઓ પાર્ક કરવા માટેની વ્યવસ્થા જનમાર્ગ લિમિટેડ દ્વારા કરવામાં આવશે.

જેના માટે જનમાર્ગ લિમિટેડના ઉચ્ચ અધિકારીએ શિવરંજની ચાર રસ્તા પાસે મ્યુનિસિપલ પ્લોટ કોન્ટ્રાક્ટરને આપ્યો છે અહીં નોંધનીય બાબત એ છે કે આ પ્લોટ કોર્પોરેશન દ્વારા નાગરિકો માટે પાર્કિંગ પ્લોટ તરીકે જાહેર કરવામાં આવ્યો છે તેમજ હાઈકોર્ટ સમક્ષ કરેલી એફિડેવિટમાં પણ એનો ઉલ્લેખ છે તેમ છતાં જનમાર્ગ લિમિટેડ એ અડધો પ્લોટ કોન્ટ્રાક્ટરને આપ્યો છે

પરંતુ એના માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો અને વહીવટી તંત્રની સદંતર અવગણના કરવામાં આવી છે સામાન્ય નિયમ મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનના કોઈપણ પ્લોટ ની ફાળવણી કરવામાં આવે તો તેના માટે સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી ફરજિયાત છે પરંતુ આ કેસમાં અધિકારીઓએ સ્ટેન્ડિંગ કમિટી ની મંજૂરી લેવાનું યોગ્ય માન્યું નથી.

વધુ ચોકાવનારી બાબત એ છે કે જનમાર્ગ લિમિટેડ એ સદર રિઝર્વ પ્લોટ કોઈપણ ભાડા લીધા વિના જ કોન્ટ્રાક્ટરને આપ્યો છે આમ, જનમાર્ગ લિમિટેડના ઉચ્ચ અધિકારીઓએ કોર્પોરેશન પ્લોટ નો બારોબાર વહીવટ કરી કોન્ટ્રાક્ટરને તમામ રીતે ફાયદો કરાવ્યો છે.

અત્રે ઉલ્લેખ સે બાબતે છે કે જનમાર્ગની માફક ડ્રેનેજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા પણ આ રીતે જ બારોબાર પ્લોટના વહીવટ કરવામાં આવી રહ્યા છે જેમાં સુપર સકર અને જેટિંગ મશીન ને મૂકવા માટે કોર્પોરેશન દ્વારા સાત ઝોનમાં અલગ અલગ સ્થળે વિનામૂલ્યે પ્લોટ ફાળવવામાં આવ્યા છે ડ્રેનેજ પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓએ કોન્ટ્રાક્ટરોના લાભાર્થે આ માટે સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી લેવાની કોઈ જ દરકાર કરી રાખી નથી પરંતુ બારોબાર ટેન્ડરમાં જ આ શરત ગોઠવી દેવામાં આવી છે જે નિયમ વિરુદ્ધ હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે.

## અમદાવાદ શહેર-જિલ્લા પોલીસમાં પોસ્ટિંગ ન થતાં ગુનેગાર અનકંટ્રોલ

ગુજરાત | વંદન

ગુજરાતમાં હાલ લોકસભા 2024 ચૂંટણીની જોરશોરોથી તૈયારીઓ ચાલી રહી છે. એવામાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સંભાળવા માટે પોલીસ અધિકારીઓ ઈન્ચાર્જ તરીકે કામગીરી કરી રહ્યા છે. એટલું જ નહીં અમદાવાદમાં અનુભવી અધિકારીઓની ક્યાંક કમી પણ દેખાઇ રહી છે. કારણ કે, હાલ આચારસંહિતા ચાલી રહી છે તેવા સમયે જ આ જગ્યાઓ ખાલી પડી છે તેને ભરવા માટે હજી સુધી કોઇ આદેશ કરવામાં આવ્યો નથી. જો કે, ચૂંટણી પંચના સુત્રોના જણાવ્યા અનુસાર દિલ્હીની ઈલેક્શન કમિશન ટૂંક સમયમાં ગુજરાતમાં આવી રહ્યું છે. અને આ ખાલી પડેલી ઉચ્ચ અધિકારીઓની જગ્યાને લઇ મોટો નિર્ણય જાહેર કરશે.

અમદાવાદ શહેરમાં લોકસભા ચૂંટણીની તેયારીઓ અલગ અલગ પક્ષ દ્વારા કરવામાં આવી રહી છે. પરંતુ શહેરના અલગ અલગ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સંભાળવા માટે પોલીસ અધિકારીઓ ઈન્ચાર્જ તરીકે કામગીરી કરી રહ્યા છે. હાલ લોકસભા ચૂંટણીને લઈ આચારસંહિતા ચાલી રહી છે તેવા સમયે આ ખાલી પડેલી જગ્યા ભરવા હજી સુધી કોઇ આદેશ કરવામાં આવ્યો નથી. આ વચ્ચે એક વિસ્તારમાં બે કોમના ટોળા સામ સામે આવ્યા હોય તેવા બનાવ પણ બન્યો છે. કેટલીક જગ્યાએ ગુનેગારો પોલીસની સામે પડી રહ્યા છે અને પોલીસે પીછેહટ કરવી પડી રહી છે. બીજી તરફ વિદેશી વિદ્યાર્થીઓને પણ ક્યાંક વિવાદોનો સામનો કરવો પડ્યો હતો.

# શહેરના બોપલ - ઘુમાના 40 હજાર મિલકત માલિકો ભરશે 100% ટેક્સ

## ચાલુ નાણાકીય વર્ષ 2024-25 માટે ટેક્સ વસૂલાશે

ગુજરાત | વંદન

બોપલ-ઘુમાને અમદાવાદ શહેરમાં ભેળવ્યે 4 વર્ષ થયા બાદ હવે આ વિસ્તારના રહીશોના 40 હજારથી વધારે મકાનો પાસેથી ચાલુ નાણાકીય વર્ષ 2024-25માં 100 ટકા ટેક્સ વસૂલાશે. શહેરમાં ભેળવાયેલા નવા વિસ્તારોને 3 વર્ષ સુધી ટેક્સમાં 25 ટકાથી લઈ્ને 35 ટકા સુધીની તબક્કાવાર રાહત મળતી હતી. હવે આ બંને વિસ્તારોના 40 હજાર મકાનો પાસેથી મ્યુનિ.ને વધારે 2.5 કરોડ જેટલી રકમ મળે તેવી શક્યતા છે.

શહેરમાં નવા જોડાયેલા બોપલ - ઘુમામાં વિકાસના કામો માટે મ્યુનિ.એ દરેક બજેટમાં કેટલાક નવા કામો માટે રકમની




ફાળવણી કરવામાં આવે છે. આ વિસ્તારમાં અત્યારે ડ્રેનેજ સિસ્ટમ ડેવલપ કરાઈ છે. સાથે બોરથી ખેંચાતા પાણીને બદલે સરફેસ વોટર આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જે માટે જાસપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી આ પાણીનો જથ્થો આપવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જોકે કેટલાક વિસ્તારમાં હજુ આજે પણ ડ્રેનેજની યોગ્ય સુવિધા તેમજ વરસાદી પાણીના નિકાલની સમસ્યાનો અંત આવ્યો નથી. કેટલાક વિસ્તારમાં આજે પણ ગટરના પાણી રસ્તા ઉપર વહેતા હોવાની ફરિયાદો મ્યુનિ.ને મળી રહી છે. જેનો ઉકેલ ત્યાં નવી ડ્રેનેજ લાઇન નાંખવાથી થઈ શકે તેમ છે.આ બંને વિસ્તારમાંથી મ્યુનિ.ને અત્યારે 10 થી 12 કરોડ જેટલો ટેક્સ મળી રહ્યો છે. આગામી દિવસોમાં ત્યાં પુર્ણ ટેક્સ મળતાં જ હવે મ્યુનિ.ને 15 કરોડ સુધીનો ટેક્સ મળી શકે તેવી શક્યતા છે. નોંધનીય છેકે,આ બંને વિસ્તાર જ્યારે મ્યુનિ. માં ભળ્યા ત્યારે નગરપાલીકા દ્વારા પહેલા જ ટેક્સ વસુલી લીધો હતો. જેથી બીજા વર્ષથી મ્યુનિ. દ્વારા ટેક્સ વસૂલવાનું શરૂ કરાયું હતું. પ્રથમ વર્ષે 75 ટકા, બીજી વર્ષે 50 ટકા અને ત્રીજા વર્ષે 25 ટકા જેટલો ટેક્સમાં રાહત આપવામાં આવી હતી.

વરસાદી પાણી ન ભરાય તે માટે શાંતિપુરા ખાતે મેઈન ટ્રંક લાઈન નખાઈ. 4 વર્ષ પહેલાં બોપલ અને ઘુમાને કોર્પોરેશનની હદમાં ભેળવવામાં આવ્યા હતા. નવા વિસ્તારને 3 વર્ષ સુધી ટેક્સમાં 25 ટકાથી માંડી 75 ટકા સુધીની રાહત આપવામાં આવી હતી.

## હવે રાજકીય પક્ષના નામે નવતર ઠગાઈ: 2.80 કરોડ ઉઘરાવી લીધા

### NCPનું બેંક એકાઉન્ટ ખોલાવી છૂમંતર

ગુજરાત | વંદન

એનસીપીના નામે બંધન બેંકમાં એકાઉન્ટ ખોલાવીને ડોનેશન માંગવાના કૌભાંડમાં સાયબર ક્રાઈમ પોલીસે એક આરોપીને વટવામાંથી ઝડપી પાડ્યો છે. જેમાં આરોપી એનસીપીના ભળતા નામે ખોટી કંપની ઉભી કરીને તે નામથી બેંક એકાઉન્ટ ખોલાવ્યું હતું. તેમજ આરોપી જે લોકો ફંડ જમા કરાવે તેમને પાર્ટીની બનાવટી રસીદ પણ આપતો હતો. પોલીસે તપાસ કરતા 86 લોકો સાથે આ પ્રકારની ઠગાઈ આચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. તેમજ આરોપી જે રકમ ડોનેશનમાં આવે તેની 10 ટકા રકમ મેળવી બાકીના રૂપિયા પરત આપતો હતો.

બોડકદેવમાં રહેતા હેમાંગભાઇ હર્ષદભાઇ શાહ છેલ્લા પાંચ વર્ષથી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)માં ખજાનચી તરીકે કામ કરે છે. રાજકીય પક્ષોને મળતા ડોનેશન પર ઈન્કમટેક્સમાંથી 100 ટકા રિબેટ મળે છે. જેથી એક ગઠિયાએ સોશિયલ મીડિયા પર એનસીપીના નામે એક બેંક એકાઉન્ટની માહિતી મૂકી હતી. તે એકાઉન્ટમાં એનસીપીના નામે ડોનેશન ઉઘરાવવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળ્યું હતું. જેને લઈને હેમાંગભાઈએ તપાસ કરતા જે એકાઉન્ટ નંબર એનસીપીના નામે સોશિયલ મીડિયામાં ફરતો કરવામાં આવ્યો હતો તે એકાઉન્ટ નંબર બંધન બેંકનો હતો. આટલું જ નહીં આ એકાઉન્ટ નંબર પર ડોનેશન કરનારને એનસીપીની બનાવટી સ્લિપ પણ આપવામાં આવતી હતી. જેથી આ અંગે હેમાંગભાઈ શાહે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

જેના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

**સંપાદકીય....**

# બાબા, આપ તો ઐસે ન થે....દેશને તમારી પાસેથી આવી આશા નહોતી..



યોગાચાર્ય બાબા રામદેવ કરતાં તેમની કંપની પતંજલિનું નામ સૌથી વધારે છે. અલબત આ કંપની તેમની જ બ્રાન્ડ છે, જે દેશી દવાઓનું વેચાણ કરે છે અને છેલ્લાં 10 વર્ષમાં પતંજલિએ કરોડોનો નહીં પણ અબજોનો કારોબાર કર્યો છે. કારણમાં એ છે કે તેઓ પોતે જ પોતાની પ્રોડક્ટનું માર્કેટિંગ કરે છે. કોઈ બોલીવુડિયા અભિનેતા કે અભિનેત્રીને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે મૂક્યા નથી. જો કે તેમની પ્રોડકટનું એટલુ વેચાણ વધ્યું કે વધતા વધતા તેઓએ પ્રચારમાં એલોપથીને નીચુ દેખાડતા મામલો સુપ્રિમ કોર્ટમાં ગયો અને કઇ મને હાથ લગાડી શકે તેમ નથી એવી શેખી મારનાર બાબાને સુપ્રિમમાં બબ્બે વખત માથુ નીચુ રાખીને ઉભા રહેવુ પડ્યું અને હાલત એવી થઇ ગઇ છે કે કદાજ તેમને જેલ પણ થઇ શકે અથવા કરોડો રૂપિયાનો દંડ ફટકારવામાં આવી શકે....

મામલો એવો થયો કે તેમણે પ્રચાર માધ્યમોમાં એલોપથીની ઠેકડી ઉડાવી અને એલોપથી ડોક્ટરોના સંગઠને કોર્ટમાં ફરિયાદ કરી.સુપ્રિમે બાબાને હાજર થવા કહ્યું પણ મેરા દોસ્ત હૈ ઉપરવાલા....માં રાચતા બાબાને છેવટે ન્યાયનો એવો દંડો પડ્યો કે નીચા મોઢે જજોની સામે ઉભા રહી કહેવુ પડ્યું ક અમારી ભલ થઇ ગઇ અમને માફ કરવામા આવે. પરંતુ કોર્ટે કહ્યું કે નહીં, માફી તો નહીં જ આપીએ પણ સજા ભોગવવાની તૈયારી રાખો....!

બાબા રામદેવ ભગવાધારી છે અને યોગાનું શિક્ષણ આપવાની સાથે દેશી દવાઓનો વેપાર પણ કરે છે. તેમની વેપારની પ્રગતિને 10 વર્ષમાં જે ગતિ મળી તેનાથી સૌ પરિચિત છે. તેમના દ્વારા દેશી ઉપચારથી કેન્સરની સાથે કોરોના વગેરે. મટાડવાનો દાવો અને એલોપથી સારવાર પધ્ધતિનો વિરોધ કરવામાં તેમનું શિર્ષાસન થઇ ગયું....અને હવે જો તેમને સજા થાય તો શું થશે....કેમ કે તેમનના લાખો અનુયાયીઓ છે અને રાજકીય રીતે સત્તાની સાથે જોડાયેલા હોવાથી તેમની સામે કોર્ટ દ્વારા જે કાંઇ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેની અસર પડી શકે છે. સિવાય કે કોઇ એમ કહે કે એ તો તેમનો અંગત વ્યાપારિક મામલો છે અમારે તેની સાથે કાંઇ નિસ્બત નથી...

બાબા રામદેવે 2013-14માં જન આંદોલનમાં ભાગ લીધો હતો અને દિલ્હીના રામલીલી મેદાનમાંથી મહિલાના કપડાં પહેરીને નાસવાની ફરજ પડી હતી એ ઈતિહાસ કાંઇ હરપ્પન સંસ્કૃતિ જેટલો પ્રાચીન નથી...! તેમણે એ વખતે પ્રચાર કર્યો હતો કે દેશમાં 2014ની ચૂંટણીમાં સરકાર બદલાશે તો પેટ્રોલ 35 રૂપિયે મળશે....કાલા ધન વાપસ આયેંગા.... પણ એવુ કાંઇ થયું નથી અને થોડાક મહિના પહલા એક મિડિયાએ તેમને 35 રૂપિયાવાળી વાત યાદ અપાવી ત્યારે ક્રોધાસનમાં આવી ગયા હતા...

બાબાજી, કોર્ટમાં તમે માંગેલી માફી એ બાબતનો પુરાવો છે કે તમે દવાઓની અસરો અંગે દે દાવા કરતા હતા તે ભ્રામક હતા....બીજા શબ્દોમાં કહીએ તો સત્યથી વેગળા હતા અને તળપદી ભાષામાં કહીએ તો જુઠ્ઠા હતા...?! તો શું દેશ એમ માની લે કે તમે અત્યાર સુધી પતંજલિની પ્રોડક્ટ્સ અંગે પાના ભરી ભરીને જે દાવાઓ કર્યા તે સાવ જુઠ્ઠાણુ હતું..? તમારા ઉપર વિશ્વાસ રાખીને જેમણે એ દવાઓનો ઉપયોગ કર્યો તેમની સાથે શું ચિટીંગ થયું કહેવાય..? બાબા, કમ સે કમ તમારી પાસેથી આવી આશા નહોતી....આપ ઐસે તો ન થે.... શું સંગ તેવો રંગ...નું પરિણામ છે..?

**ધર્મ**

# રામનવમીના દિવસે ભગવાન શ્રીરામનો થયો હતો જન્મ



રામ નવમીનો તહેવાર ભારતમાં શ્રદ્ધા અને આસ્થાની સાથે ઉજવાય છે. રામનવમીના દિવસે જ ચૈત્ર નવરાત્રીની સમાપ્તિ પણ થાય છે. હિંદુ ધર્મ શાસ્ત્રના મુજબ આ દિવસે ભગવાન શ્રી રામનો જન્મ થયો હતો. તેથી આ શુભ તિથિને ભક્ત લોકો રામનવમીના રૂપમાં ઉજવે છે અને પવિત્ર નદીઓમાં સ્નાન કરી પુણ્યના ભાગીદાર બને છે.

રામનવમી ભગવાન રામના જન્મોત્સવના રૂપમાં ઉજવાય છે. ભગવાન રામને આદર્શ પુરૂષના રૂપમાં પણ જાણીએ છે. પૌરાણિક કથાઓ અને વાર્તાને જાણીએ તો તમને આ જ શીખામણ મળે છે કે એક પુરૂષનુ ચરિત્ર ભગવાન રામની રીતે જ હોવું જોઈએ. આ જ કારણ છે કે ભારતવર્ષમાં ભગવાન રામના અનુગામી ઘણા છે. ચૈત્ર કૃષ્ણ પક્ષની નવમી તિથિના દિવસે સરયૂ નદીના કાંઠે વસેલી અયોધ્યાપૂરીમાં રાજા દશરથના ઘરમાં ભગવાન શ્રીરામનો જન્મ થયુ હતુ. રાજા દશરથ અને તેમની ત્રણ રાણીઓ આ વાત ને લઈને ચિંતિત રહેતી હતી કે તેમને પુત્ર ન થતાં ઉતરાધિકારી કોણ બનશે ? એમની ચિંતા દૂર કરવા માટે ઋષિ વશિષ્ટ સલાહ આપે છે કે તમે શ્રૃંગ ઋષિથી પુત્રેષ્ટિ યજ્ઞ કરાવો આથી પુત્રની પ્રાપ્તિ થશે.

શ્રૃંગ ઋષિનો લગ્ન રાજા દશરથની દીકરી શાંતાથી થયું હતું. રાજા દશરથે તેમની પુત્રીને રાજા રોમપાદથી ગોદ લીધી હતી . શાંતાના કહેવા પર શ્રૃંગ ઋષિ રાજા દશરથ માટે પુત્રેષ્ટિ યજ્ઞ કરવા તૈયાર થયાં. એનું કારણ આ હતું કે યજ્ઞ કરતાનો જીવન ભરનો પુણ્ય આ યજ્ઞની આહુતિમાં નષ્ટ થઈ જશે. રાજા દશરથે શ્રૃંગ ઋષિને યજ્ઞ કરવાના બદલે ખૂબ ધન આપ્યું જેથી તેના પુત્ર અને કન્યાનો ભરણ પોષણ થયું અને યજ્ઞથી પ્રાપ્ત ખીરથી રામ,લક્ષ્મણ,ભરત અને શત્રુઘ્નનો જન્મ થયો હતો . ભારત ભરમાં આ દિવસે અયોધ્યા રામ મંદિર સહિત ઠેર ઠેર ઉજવણી થશે.

## આપ પાર્ટી અને સરકારની પ્રથમ હરોળ જેલમાં, બીજી હરોળ નબળી અને રાજીનામાં....

# કેજરીવાલના કિલ્લાના કાંગરા ખરવા માંડ્યા?!

## સીએમમાંથી "સુશિક્ષિત વડાપ્રધાન" બનવાની રાજકીય મહત્વાકાંક્ષા ભારે પડી ગઇ...

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com








દિલ્હીમાં 10 વર્ષથી રાજ કરનાર આમ આદમી પાર્ટી-આપ- સરકારનું કાઉન્ટ ડાઉન શરૂ થઇ ગયું છે. આપ સરકારના મુખ્યમંત્રી અને 2012-13માં ભ્રષ્ટાચાર સામે આંદોલન કરીને જાહેર જીવનમાં આવનાર રેવેન્યૂ કેડરના પૂર્વ અધિકારી અરવિંદ કેજરીવાલના દાણા-પાણી ભરાઇ ગયા હોય તેમ તેમના રાજકીય કિલ્લામાંથી રાજીનામારૂપી કાંગરા ખરવાની શરૂઆત થઇ ગઇ છે....

આપ પાર્ટી અને આપ સરકારનું પ્રથમ હરોળનું નેતૃત્વ જેલમાં બંધ છે ત્યારે બીજી કેડરના નબળા નેતૃત્વથી ડર્યા વગર આપ સરકારમાંથી રાજીનામા પડવાની શરૂઆત થઇ ગઇ છે. અને ધીમે ધીમે એક પછી એક મંત્રીઓ અને ધારાસભ્યો રાજીનામા આપીને એક એવી પરિસ્થિતિનું નિર્માણ કરશે કે ઉપરાજ્યપાલ સરકારને બરખાસ્ત કરી દેશે. કહેવાય છે કે કોંગ્રેસની સામે સંઘ દ્વારા કેજરીવાલને રાજકારણમાં આગળ કરવામાં આવ્યાં હતા. પણ હવે તેમની સાથે વિપક્ષ સિવાય કોઇ નથી.

2015થી લઈને ગુજરાત વિધાનસભાની 2022ની ચૂંટણી સુધી કેજરીવાલે કોંગ્રેસને દેશભરમાં મતોમાં ગાબડા પાડીને ભારે નુકશાન પહોંચાડ્યું અને તેનો લાભ દેખીતી રીતે જ ભાજપને મળતા આપ પાર્ટી ભાજપની બી ટીમ હોવાનો આરોપ પણ કેજરીવાલ સામે લાગ્યો દિલ્હી બાદ પંજાબમાં સત્તા મળતા કેજરીવાલને લાગ્યું કે પોતાની લોકપ્રિયતા બિગ બોસની જેમ વધી રહી છે અને દેશને અભણ નહીં પણ (મારા જેવા ) ભણેલા-ગણેલા વડાપ્રધાનની જરૂર છે એવો પ્રચાર શરૂ કરતાં કેજરીવાલ બિગ બોસની રડારમાં આવી ગયા અને ત્યારથી રાજકીય પતનની શરૂઆત થઇ. જેમાં સૌથી પહેલા દિલ્હી સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈન, ત્યારબાદ કેજરીવાલના ખાસ વિશ્વાસુ મનિષ સિસોદિયા અને તે પછી સાંસદ સંજયસિંહને જેલ ભેગા કરતાં સમસમી અને થરથરી ઉઠેલા કેજરીવાલ વિપક્ષની શરણમાં અને પછી જેલમાં ગયા....

ભાજપ કોંગ્રેસના ધારાસભ્યોને તોડે છે એવા આરોપો થાય છે. કોંગ્રેસના ધારાસભ્યો તૂટે તો કેજરીવાલના મંત્રીઓ અને ધારાસભ્યો કેમ ન તૂટે, એવા સવાલોની વચ્ચે મેજિક ફિગર એ છે કે વિધાનસભાની 2020માં યોજાયેલી ચૂંટણીમાં 70માંથી કેજરીવાલની પાર્ટીને 63 અને ભાજપને માત્ર 7 બેઠકો મળી છે. ભાજપની મુશ્કરેલી એ છે કે આપના ધારાસભ્યો તૂટે તો પણ સરકાર બનાવી શકે તેમ નથી. સિવાય કે -30-40 ધારાસભ્યો અલગ પડે તો તેમાંથી કોઇને મહારાષ્ટ્રમાં શિંદેની જેમ સીએમ બનાવે અને ભાજપ ટેકો આપે કે પછી સરકારમાં જોડાઇને સૌથી પહેલુ કામ વિધાનસભાના રેકર્ડમાંથી કેજરીવાલે વડાપ્રધાન મોદી અને અદાણીને લઇને જે ખુલ્મખુલ્લા ખતરનાક આક્ષેપો કર્યા છે તે રેકર્ડ પરથી દૂર કરશે. જેમ સંસદમાં રાહુલ ગાંધીએ અદાણીને લઇને કરેલા આક્ષેપો રેકર્ડમાંથી દૂર કરાયા તેમ દિલ્હી વિધાનસભામાંથી દૂર કરવાનો એક ઓપન સિક્રેટ એજન્ડા ચાલી રહ્યો છે.

સત્યેન્દ્ર જૈનથી લઇને કેજરીવાલની ધરપકડ સુધી આપ સરકારના મંત્રીઓ અને ધારાસભ્યોએ ધરણાં કર્યા હોય, દેખાવો કર્યા હોય તેવા કોઇ નામોઉલ્લેખ મિડિયામાં ક્યારેય થયા નથી. બીજી હરોળની નેતાગીરીમાં મંત્રી આતિશીસિંગ અને સૌરભ ભારદ્વાજે મોરચો સંભાળ્યો તે સિવાય કોઇ મંત્રીઓ કે ધારાસભ્યો કેમ બહાર આવ્યા નથી કે આવતા નથી તે પણ રહસ્ય જ કહી શકાય. બની શકે કે તેઓ કોઇના જેલમાં જવાની રાહ જોતા હશે અને હવે ખુલ કે બાહર આયેંગે...?!

કેજરીવાલના કિલ્લામાં પહેલી તિરાડ પડી છે. કેજરીવાલ સરકારને ફટકારૂપ. સરકારમાં મંત્રી રહેલા રાજકુમાર આનંદે મંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે. મીડિયા સાથે વાત કરતા તેમણે પાર્ટી છોડતી વખતે પોતાની પાર્ટીને અને નેતાઓને વગોવવાની મોડસ ઓપરેન્ડીની જેમ, ભ્રષ્ટાચાર મામલે આમ આદમી પાર્ટીના વલણ પર સવાલ ઉઠાવ્યા.( અત્યાર સુધી કેમ ચુપ હતા એમ પણ કોઇ પૂછી શકે) તેઓ સમાજ કલ્યાણ મંત્રાલયની જવાબદારી સંભાળી રહ્યા હતા. મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે તેઓ કોઇ પાર્ટીમાં જવાના નથી. પણ રાજકારણમાં સૌ કોઇ જાણે છે તેમ કે દરેક નેતા આ રીતે જ જવાબ આપે છે અને પછી બીજી પાર્ટીમાં જોડાઇ જાય છે....

મીડિયા સાથેની વાતચીતમાં રાજકુમાર આનંદે કહ્યું- હું રાજ કુમાર આનંદ દિલ્હી સરકારમાં મંત્રી છું, મારી પાસે 7 વિભાગો છે પરંતુ આજે હું ખૂબ જ વ્યથિત છું તેથી હું આજે તમારી સાથે મારા દુઃખને શેર કરવા આવ્યો છું.....

હું રાજકારણમાં જોડાયો ત્યારે અરવિંદ કેજરીવાલજીએ કહ્યું હતું કે રાજનીતિ બદલાશે પરંતુ આજે મારે અફસોસ સાથે કહેવું છે કે રાજનીતિ તો બદલાઇ નથી પરંતુ રાજકારણીઓ બદલાયા છે. આમ આદમી પાર્ટીનો જન્મ પણ ભ્રષ્ટાચાર સામેના આંદોલનમાંથી થયો હતો, પરંતુ આજે પાર્ટી પોતે જ ભ્રષ્ટાચારના દલદલમાં ફસાઈ ગઇ છે. હું આ પાર્ટીમાંથી, આ સરકારમાંથી રાજીનામું આપી રહ્યો છું કારણ કે હું મારું નામ ભ્રષ્ટ વ્યવહારમાં સામેલ કરવા માંગતો નથી. મને નથી લાગતું કે આપણી પાસે શાસન કરવા માટે કોઈ નૈતિક તાકાત બચી છે.

અધૂરામાં પૂરૂ સ્ક્રિપ્ટ મુજબ આમ આદમી પાર્ટી પર દલિત વિરોધી હોવાનો આરોપ પણ લગાવ્યો. તેમણે કહ્યું કે રાજ્યસભામાં અમારા 13 સભ્યો છે, પરંતુ તેમાંથી કોઈ પણ દલિત નથી, કોઈપણ મહિલા નથી અને કોઈ પછાત જાતિથી નથી. આ પાર્ટીમાં દલિત ધારાસભ્યો, કાઉન્સિલરો અને મંત્રીઓ માટે કોઈ આદર નથી. આવી સ્થિતિમાં તમામ દલિતો છેતરાયાની લાગણી અનુભવી રહ્યા છે. એટલા માટે મારા માટે આ પાર્ટીમાં રહેવું મુશ્કેલ છે.

રાજકુમાર આનંદના રાજીનામા બાદ કેજરીવાલ સરકારમાં આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહ અને મંત્રી સૌરભ ભારદ્વાજે પ્રેસ કોન્ફરન્સ કરીને ભાજપ પર પ્રહાર કર્યા હતા. સૌરભ ભારદ્વાજે કહ્યું કે અમે પહેલા જ કહી ચૂક્યા છીએ કે કેજરીવાલને જેલમાં મોકલીને આ લોકો પાર્ટીને તોડવા અને દિલ્હી-પંજાબમાં સરકારોને પાડવાનો પ્રયત્ન કરશે

## લઘુવાર્તાઃ સ્વીકાર — હું જેનાથી પ્રેગનન્ટ થઈ તેની સાથે મારે કોઈ સંબંધ નથી...

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

આખો દિવસ સારિકા સરપ્રાઈઝમાં શું સમાચાર, આપવાની છે તેની અવનવી અટકળ પર વિચારતાં કૌશલ્યા અને અવિનાશને એ પણ ખબર ન રહી કે ક્યારે સાંજ પડી ગઈ. ઘડિયાળમાં છના ટકોરા પડયા ન પડ્યા અને ડ્રાઈવ-વેમાં કેબ આવીને ઊભી!

દીકરીના આગમનથી હરખાતાં કૌશલ્યાદેવી પગમાં ચંપલ પહેર્યાં વગર છેક કેબ લગી દોડી ગયાં. સારિકાના હાથમાંથી બેગ લઈ લીધી.

દીકરી અને મામ, હજી ડ્રાઈવ-વેમાં વાતો કરતાં હતાં ત્યાં તો અવિનાશજીએ ઘરની બહાર આવી વૉલેટમાંથી પચાસ ડોલરની નોટ કાઢીને કેબ ડ્રાઈવરના હાથમાં મૂકતા કહ્યું, 'Keep the change'.

'દીકરા, કેમ છે?'

'ડેડ, I am so happy.'

'That's good, તારી મમ્મીને હું કેટલા મહિનાથી રોજ કહી કહીને થાક્યો, પણ તેણે મારા માટે પૂરણપોળી ન બનાવી, જ્યારે પણ હું કહું કે દેવી, આજ પૂરણપોળી બનાવો, તો તે તરત જ કહેશે કે, તમારે જરૂર નથી! પણ આજ તું આવવાની છો એટલે તેણે તારા માટે ઝટ દઈને બનાવી નાખી!'

સારિકા અવિનાશજીની સામે ડાઈનિંગ ટેબલ પર બેઠી એટલે કૌશલ્યાએ પૂછ્યું, 'બેટા, સારિકા, ભૂખ લાગી છે ને?'

'Yes, Mom, very much!'

'તો પછી કોની વાટ જુએ છે? ચાલો આપણે સીધા જ જમવા જ બેસી જઈએ! બધી જ રસોઈ તૈયાર છે!'

અવિનાશે . કૌશલ્યાદેવીના સૂરમાં તાલ મિલાવતાં કહ્યું, 'હા હાબસ, બેસી જ જઈએ. સારિકા તને જ નહીં હો, મને પણ ક્યારની ભૂખ લાગી'.




'ડેડી, તમને તો ભૂખ લાગી જ હશે! કદાચ તમે તો જમી કરીને બેઠા હો અને તમારી સામે જ પૂરણપોળી મૂકી દઈએ તો તમને ફરી પાછી ભૂખ લાગી જ જાય!'

'દીકરી, તારી વાત સાવ સાચી છે! જિંદગીમાં મને ફક્ત ત્રણ જ વસ્તુ વહાલી છે. એક તારી મમ્મી, બીજી તું અને ત્રીજી પૂરણપોળી.'

હરખજમણની મજા માણતાં અવિનાશજીએ સારિકાને કહ્યું, 'બેટા, કાલથી અમે બંને જણા અવનવા વિચારોમાં ગોથાં ખાઈએ છીએ', અને પછી અવિનાશજીએ પોતાના અને કૌશલ્યાના મનના તરંગોની વાત છૂટી મૂકી.

'Please Dad, stop It, No લગ્ન! No રેસિડેન્સી at ટેમ્પા!'

'તો પછી શું સરપ્રાઈઝ છે અમારા બંને માટે!' ખુશખુશાલ હૈયે કૌશલ્યાદેવીએ પૂછી નાંખ્યું!

'મામ, હું પ્રેગનન્ટ છું! મમ્મી બનવાની છું!'

સારિકાની વાત સાંભળી, કૌશલ્યાદેવી અને અવિનાશજીનો કોળિયો હાથમાં જ રહી ગયો!

બંને જણા એકમેકના મોઢા સામું જોવા માંડ્યા. મામ અને ડેડમાંથી હવે કોણ પ્રથમ તેની સાથે વાર્તાલાપ કરે છે, તે જોવા સારિકા શાંત ચિતે વિચારતી બેઠી.

બેચાર ક્ષણ ખામોશ રહી, આખરે કૌશલ્યાએ વાતની શરૂઆત કરી. 'દીકરા, જે થઈ ગયું તેને આપણે ઈશ્વર ઈચ્છા એમ સમજી લઈએ, પણ તને એક વાત કહી દઉં. આપણા ઈન્ડિયન સમાજના કાને આ વાત જાય તે પહેલાં જ અમે તારા લગ્ન; તું જેના થકી મા થવાની છો તે છોકરા જોડે, I mean તારા boyfriend સાથે કરી દઈએ.'

પ્લેટમાં ફોર્કનો ઘા કરતી, સારિકા ગુસ્સામાં બરાડી ઊઠી, 'મામ, who car's about your Indian society! હું તમને ચોખ્ખા શબ્દમાં કહી દઉં છું. મને તમારા ભારતીય સમાજની બિલકુલ ચિંતા નથી!

ક્યારના ય શાંત ચિતે મા દીકરીની વાત સાંભળતા, અવિનાશજીએ આખરે હોઠ ખોલ્યા, 'દીકરા, તારી વાત આમ જોવા જઈએ તો સાવ ચાચી છે. તારી અંગત જિંદગીમાં બીજાને દખલ દેવાનો શો અધિકાર! પણ દીકરા, તારો બાપ હોવાને નાતે તો તને બેચાર અંગત સવાલ પૂછી શકું કે નહીં?'

'Sure ડેડ, હું તમને અથવા મામને સવાલ પૂછવાની કયાં ના પાડું છું? મને વાંધો છે જેની સામેનો તે આપણા રૂઢિચુસ્ત સમાજનો!'

'તો સાંભળ, દીકરા, તું મને તારા બૉય ફ્રેન્ડ વિશે જરા વિગતવાર વાત કહીશ, તે કોણ છે? શું કરે છે? તારી સાથે તે રેસિડેન્સી કરે છે કે પછી!'

'ડેડી, હું તમને સાચું કહું, હું જેનાથી પ્રેગનન્ટ થઈ છું. તેની સાથે મારે કોઈ જાતનો સંબંધ નથી. નથી એ મારો બૉયફ્રેન્ડ કે પછી કોઈ ખાસ મિત્ર!'

સારિકાનો જવાબ સાંભળી, કૌશલ્યાબહેન પાછા ઉતાવળે જ વચમાં બોલી બેઠાં,

"સારિકા, જીવનમાં ભૂલ તો થઈ જાય! જો ખરેખર! આ ભૂલ જ હોય તો, ભલે આપણે ધર્મે જૈન હોવા છતાં, હું તને કહું છું કે તું જેમ બને તેમ જલદીથી એબોર્શન કરાવી નાખ!'

'અરે! મામ, જો મારે ઍબોશન જ કરાવી નાંખવું હોત તો, મેં ક્યારનું કરાવી નાખ્યું હોત. શું મારે તમને આ બાબતની કોઈ જાણ કરવાની જરૂર હોત ખરી?'

'કૌશલ્યા, મહેરબાની કરીને તું જરા બે પાંચ મિનિટ શાંત

(અનુસંધાન પેજ-6 ઉપર)

## ઇલેક્શોનોમિક્સ — લોકસભાની ચૂંટણી લડવા માટે રૂ. 75 લાખનો સત્તાવાર ખર્ચ કરી શકાય, બિન સત્તાવાર..?

# નાણામંત્રીએ કહ્યું - ચૂંટણી તો લડવી છે..પણ મારી પૈસા જ નથી..!

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## મનમોહન પોતાના કાર્યકરોને માત્ર બે-ચાર કેળા આપતા હતા, હારી ગયા...!

ચૂંટણી પંચ દ્વારા એવી ચેતવણી આપવામાં આવી છે કે 4 જૂન સુધી એટલે કે લોકસભાની સામાન્ય ચૂંટણીના પરિણામો સુધી 50,000 રૂપિયા રોકડા સાથે રાખવાનું ટાળો..., નહીં તો સરકારી એજન્સીઓ દ્વારા હેરાન થવાની સંભાવના રહેશે. આ ચેતવણીનો અર્થ સમજવો કોઈપણ માટે મુશ્કેલ ન હોવો જોઈએ - દરેક ચૂંટણીના પ્રસંગે, એવા અહેવાલો આવતા હોય છે કે આટલા બધા બિનહિસાબી નાણાં અમુક-તમુક સ્થળેથી પકડાયા છે, અને ઉમેદવારો નાણા વહેંચતા જોવા મળ્યા છે..

આ સમાચાર પણ જોયા અને વાંચ્યા હશે જેમાં દેશના નાણામંત્રી નિર્મલા સિતારામનને ટાંકવામાં આવ્યા છે કે તેઓ ઈચ્છે તો પણ લોકસભાની ચૂંટણી લડી શકશે નહીં, કારણ કે તેમની પાસે ચૂંટણી લડવા માટે પૈસા જ નથી.....બોલો કેવુ કહેવાય. દેશનો કારભાર સંભાળનાર ખુદ નાણામંત્રી પાસે લોકસભા ચૂંટણી લડવા પૈસા ના હોય તો બીજા મંત્રીઓ કઇ રીતે ચૂંટણી લડી રહ્યાં હશે..?! આપણે નાણામંત્રીને અભિનંદન પણ આપવા જોઇએ કે તેમણે નિખાલસતા સાથે કહી દીધુ- ચૂંટણી તો લડવી છે... પણ શું કરૂ,...મારી પૈસા જ નથી...!! અભિનંદન હો...

ચૂંટણી એ માત્ર લોકશાહીની ઉજવણી નથી, એક રીતે તે જીવન પણ છે. અને જનતામાં લોકપ્રિયતાના મહત્વનો એક માપદંડ એ છે કે મતદાર કેટલી સ્વતંત્રતા અને સમજદારીપૂર્વક મતદાન કરીને પોતાના પ્રતિનિધિને પસંદ કરે છે....





ચૂંટણી લડવા માટે તે પૈસાની જરૂર છે, એ નિર્વિવાદ છે. મતદારો સુધી પહોંચવા અને તેમનો સંદેશો તેમના સુધી પહોંચાડવા માટે જરૂરી સાધનો પૈસા વિના મેળવી શકાતા નથી. અહીં પ્રશ્ન એ છે કે કેટલા પૈસા ખર્ચવા જોઇએ... ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલા અંદાજોના આધારે આ મર્યાદા નક્કી કરવામાં આવી છે કે એક ઉમેદવાર લોકસભા અને વિધાનસભાની ચૂંટણી લડવા માટે અનુક્રમે 75 લાખ અને 40 લાખ રૂપિયાનો ખર્ચ કરી શકે છે.

એવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે કે મતદાન બાદ ચોક્કસ સમયગાળામાં ઉમેદવારોએ ચૂંટણીમાં થયેલા ખર્ચની સંપૂર્ણ વિગતો આપવાની રહેશે અને જો આ ખર્ચ નિયત મર્યાદા કરતાં વધુ જણાશે તો ચૂંટણી પરિણામ રદ જાહેર કરી શકાશે.

તો શું અહીં 75 કે 40 લાખ રૂપિયામાં ચૂંટણી લડી શકાય? આ પ્રશ્નનો એક જવાબ એ છે કે ચૂંટણી ખર્ચની મર્યાદા ઉમેદવાર દ્વારા ખર્ચવામાં આવેલી રકમ માટે જ નક્કી કરવામાં આવી છે, રાજકીય પક્ષો તેમના ઉમેદવાર માટે ગમે તેટલી રકમ ખર્ચવા માટે સ્વતંત્ર છે! તેથી જ તમામ રાજકીય પક્ષો તેમના 'સ્ટાર પ્રચારકો'ની યાદી જાહેર કરે છે અને તેમના દ્વારા કરવામાં આવેલો ખર્ચ ચૂંટણી પંચની ચકાસણી હેઠળ આવતો નથી.

આ સ્ટાર પ્રચારકો ચાર્ટર્ડ પ્લેનમાં મુસાફરી કરે છે, લાંબા 'રોડ શો' કરે છે, લાખો સમર્થકો સાથે રેલીઓ યોજે છે. આ તમામ ખર્ચ રાજકીય પક્ષો ઉઠાવે છે. તેથી જ આ પક્ષો દ્વારા કરવામાં આવતાઅંગે પ્રશ્નો ઉભા થાય છે. એવું પૂછવામાં આવે છે કે ઘણીવાર શાસક પક્ષોને વધુ દાન મળે છે...કારણ સ્પષ્ટ છે. સત્તામાં હોય તેની પાસેથી લાભ મળે..વિપક્ષ પાસેથી શું લાભ મળવાનો છે ભાઇ....?!

છેલ્લા કેટલાક વર્ષોમાં, રાજકારણીઓ અને રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીમાં ખર્ચવામાં આવતી રકમને લઈને ઘણા સૂચનો કરવામાં આવ્યા છે. આ પ્રશ્ન પણ ઘણી વખત ઉઠાવવામાં આવ્યો છે કે શું ચૂંટણી પર અમર્યાદિત ખર્ચ લોકશાહીમાં બધા માટે સમાન તકની વિભાવનાને પ્રશ્નમાં લાવતો નથી?

તે જાણીતું છે કે આજે દેશની લગભગ અડધી વસ્તી ગરીબી રેખા નીચે જીવે છે. સરકાર ભલે વીસ કરોડથી વધુ લોકોને આ લાઇનથી ઉપર લાવવાનો દાવો કરતી હોય, પરંતુ વાસ્તવિકતા પોતાનામાં જ ભયાનક છે કે આજે દેશના 80 કરોડ લોકોને સરકાર દ્વારા મફત ભોજન આપવાની જરૂર છે. તો શું તેમનો મતલબ એ થાય કે 80 કરોડ લોકો પોતાનું પેટ ભરવા માટે પૂરતું કમાઈ શકતા નથી....?.

લોકશાહી દરેકને વિકાસની સમાન તક આપવાનો દાવો કરે છે. ચૂંટણી લડવા માટે સમાન તક જેવું કંઈક હોવું જોઈતું હતું, પરંતુ વિડંબના એ છે કે વિશ્વની સૌથી મોટી લોકશાહી હોવાનો દાવો કરતા આપણા દેશમાં દરેક નાગરિક ચૂંટણી લડી શકે તેની ખાતરી આપતી સિસ્ટમમાં એવું કંઈ નથી.

વાસ્તવિકતા એ છે કે ઉમેદવાર અને તેમનો પક્ષ સંસદ અને વિધાનસભા સુધી પહોંચવા

(અનુસંધાન પેજ-6 ઉપર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

## કરણીસેનાના આગેવાન સામે નીતિ-નિયમોનો ભંગ કર્યાની અનેક ફરિયાદો
# ભાજપની સામે પડતાં ખોટું કર્યાની વિગત જાહેર

ગુજરાત | વંદન

ભાજપના રાજકોટના ઉમેદવાર પુરુષોતમ રૂપાલાનો વિરોધ કરવા કરણી સેનાના આગેવાન રાજ શેખાવત ભાજપની સાથે હતા ત્યાં સુધી તેમણે કઈ ખોટું કર્યું હોય તેની કોઈ વિગતો જાહેર થતી નહતી. પરંતુ રૂપાલાના મામલે ભાજપમાંથી રાજીનામું આપી અને મેદાને પડ્યા છે ત્યારે તેમણે નીતિ-નિયમનો ભંગ કરીને કાંઈક ખોટું કર્યાની માહિતી હવે બહાર આવી રહી છે. જેને લઈને કેટલાક એવા સવાલો કરી રહ્યા છે કે રૂપાલાના વિરોધ પહેલા આ બધી વિગતો કેમ બહાર ન આવી?

સરકાર સામે પડેલા કરણી સેનાના રાજ શેખાવત છેલ્લા ઘણા સમયથી રહેણાક ફ્લેટનો કોમર્શિયલ ઉપયોગ કરી કોર્પોરેશનની ટેક્સની ચોરી કરી રહ્યાં હોવાનું સામે આવ્યું છે. છેલ્લા કેટલાય વર્ષોથી રાજ શેખવાત તેની રેડ ફોક્સની ઓફિસ ફ્લેટમાં જ ચલાવે છે, ઉપરાંત તેના ત્યાં નોકરી કરતા વ્યક્તિઓ માટે ફ્લેટમાં જ હોસ્ટેલ બનાવી ત્યાં રાખ્યા છે. આ મામલે થોડા વર્ષો પહેલાં ફ્લેટના રહીશોએ નરોડા પોલીસમાં અરજી પણ કરી હતી. બીજી તરફ થોડા મહિના પહેલા ફ્લેટના બીજા માળે બીજી હોસ્ટેલ બનાવવાનું કામ પણ રાજ શેખાવતે કર્યું હતું. જેમાં રહીશોએ વાંધો ઉઠાવતા વિવાદ થયો હતો.

લોકસભાના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદનને લઈ ક્ષત્રિય સમાજ દ્વારા ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવતે મંગળવારે બપોરે 2 વાગ્યે કમલમ ખાતે કેસરી ઝંડા અને મજબૂત દંડા સાથે ક્ષત્રિયોને વિરોધ પ્રદર્શન માટે જોડાવા કહ્યું હતું. જોકે, અમદાવાદ એરપોર્ટ પહોંચતા જ રાજ શેખાવતની અટકાયત કરવામાં આવી ત્યારે શેખાવતે વર્ષો પહેલાં નરોડાના દિપીકા ટાવર્સ ખાતે સસ્તામાં ફ્લેટ રાખ્યા હતા. જેમાં તબક્કાવાર બાંધકામ વધારી ત્યાં જ તેમની સિક્યુરીટી એજન્સી રેડ ફોક્સની ઓફિસ બનાવી દીધી છે. આમ તેઓ ફ્લેટમાં જ વર્ષોથી કોમર્શિયલ કામગીરી કરી રહ્યાં છે અને કોર્પોરેશનમાં કોમર્શિયલ ટેક્સ પણ ભરી રહ્યાં નથી. ઉપરાંત સલામતીનું કામ હોવા છતાં ત્યાં રહેતા યુવકો ફ્લેટના રહીશોને ડરાવી ધમકાવી રહ્યાં હોવાનું પણ સામે આવ્યું છે. આ મામલે વર્ષો પહેલાં ફ્લેટના રહીશોએ નરોડા પોલીસ મથકમાં અરજી પણ કરી હતી, પરંતુ રાજ શેખાવતા માફી માગી તેઓના કર્મીઓ શાંતિથી રહેશે તેમ કહી મામલો થાળે પાડ્યો હતો.બીજી તરફ થોડા મહિના પહેલાં રાજ શેખાવતે ફ્લેટના ઉપરના માળે બીજા બે ફ્લેટ લઇ ત્યાં પણ હોસ્ટેલ બનાવવાની કાર્યવાહી શરૂ કરી હતી, પરંતુ ફ્લેટના સભ્યો એકત્ર થઇ ગયા હતા અને તેમને પોલીસ મથકે લઈ જવાની ચીમકી આપતા તે કામ અટકાવી દીધું હતું. હાલ રાજ શેખાવતે ફ્લેટના ચારે બાજુ પોતાની સિક્યુરીટીની જાહેરાતો લગાવી દીધી છે. ઉપરાંત ફ્લેટમાં પણ ઓફિસના બોર્ડ લગાવી દીધા છે.ફ્લેટમાં રેડ ફોક્સની ઓફિસે દરરોજ સંખ્યાબંધ




લોકો આવતા-જતા હોવાથી ફ્લેટની મહિલાઓ અને દીકરીઓ હેરાન પરેશાન થઇ ગઇ છે. એટલું જ નહીં, રાજ શેખાવતના લોકો દારૂ પણ પીતા હોવાની ફરિયાદો અવાર નવાર ઉઠી છે, પરંતુ વગ ધરાવતા શેખાવત પૈસાના જોરે તમામ બાબતો પર ઢાંકપીછોડો કરવામાં સફળ થયો છે.

# ઈન્ટરનેશનલ ડ્રાઈવિંગ લાઈસન્સ લેનારની સંખ્યામાં 151% નો વધારો
## ડ્રાઈવિંગ પરમિટની વેલિડિટી પૂરી થયા પછી, તે રિન્યુ થતું નથી

ગુજરાત | વંદન

કોરોના પછી વિદેશ જવાનો ટ્રેન્ડ વધ્યો છે. વિદેશમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીની સંખ્યામાં વધારો થયો છે. વિદેશમાં વાહન ચલાવવા માટે છેલ્લા 4 વર્ષમાં ઈન્ટરનેશનલ ડ્રાઈવિંગ લાઈસન્સ લેનારાની સંખ્યામાં 151 ટકાનો વધારો થયો છે. અમદાવાદમાં સૌથી વધુ 18,600 લાઈસન્સ ઈશ્યૂ થયા હતા.

વાહન વ્યવહાર વિભાગે આપેલી માહિતી મુજબ વર્ષ 2020માં 5,999 ઈન્ટરનેશનલ લાઈસન્સ ઈશ્યૂ થયા હતા, જે 2023માં વધીને 43,357 થયા છે. તે ઉપરાંત 2021માં 12,325, 2022માં 29,809 ઈન્ટરનેશનલ લાઈસન્સ ઈશ્યૂ થયા હતા.




ઈન્ટરનેશનલ ડ્રાઈવિંગ લાઈસન્સ આધારે તેઓ વિદેશમાં ટુ વ્હીલર કે ફોર વ્હીલર ચલાવી શકે છે.

જીનીવા કન્વેન્શન ઓન રોડ ટ્રાફિક 1949માં જેટલા દેશો સામેલ છે. તે દેશોના ઈન્ટરનેશનલ ડ્રાઈવિંગ પરમિટ માન્ય છે. ઈન્ટરનેશનલ લાઈસન્સની મુદત 1 વર્ષની હોય છે. જે લોકો ફક્ત વિઝિટર વિઝા પર વિદેશ ગયા હોય તો, તેઓ ફરીથી ભારત આવીને લાઈસન્સ કઢાવવાનું હોય છે. જેમનું પ્લાનિંગ વિદેશમાં જ સેટલ થવાનું છે તો, તેમણે 1 વર્ષ સુધી જે-તે દેશનું લાઈસન્સ મેળવી લેવું જરૂરી છે.

ઈન્ટરનેશનલ લાઈસન્સ માટે મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ, પાસપોર્ટ, વિઝા સહિતના દસ્તાવેજ સાથે કરેલી અરજી કરવાની હોય છે. આરટીઓ કચેરી એક વર્ષના સમયગાળાની મર્યાદા અને પાસપોર્ટની અમલી અવધિની મર્યાદા આધારે ઈન્ટરનેશનલ ડ્રાઈવિંગ પરમિશન મંજૂર કરે હોય છે.

આ પ્રક્રિયા એક દિવસમાં પૂરી થતાં અરજદારને એક દિવસમાં લાઈસન્સ મળી જાય છે. ઈન્ટરનેશનલ ડ્રાઈવિંગ પરમિટની વેલિડિટી પૂરી થયા પછી, તે રિન્યુ થતું નથી.

# સાપ્તાહિક રાશિફળ


પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ): તમારા દરેક કાર્યને વ્યવહારિક રીતે પૂર્ણ કરવાનો પ્રયાસ કરો, કારણ કે ભાવનાત્મક નિર્ણયો ખોટા પણ હોઈ શકે છે. તમને કેટલાક ફાયદાકારક સમાચાર મળશે અને તમને નવી સંભાવનાઓ મળશે. તમારી ક્ષમતાઓમાં વિશ્વાસ રાખો. ભાવનાઓમાં આવીને કોઈ મહત્વપૂર્ણ નિર્ણય ન લો.

**વૃષભ** (બ.વ.ઉ): તમારા વ્યક્તિત્વને સુધારવાના પ્રયાસો પણ કરવામાં આવશે. તમને પ્રભાવશાળી લોકોની કંપની મળશે અને અનેક પ્રકારની માહિતી પણ મળશે. કોઈપણ ખરીદી કરતી વખતે મજબૂત બિલનો ઉપયોગ કરવો જરૂરી છે. કારણ કે ભવિષ્યમાં કેટલીક સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

**મિથુન** (ક.છ.ઘ): ધાર્મિક વ્યક્તિના સંગતમાં રહેવાથી તમારી વિચારધારામાં સકારાત્મક પરિવર્તન આવશે. મહિલાઓ માટે દિવસ ખૂબ જ ફળદાયી છે. તેમનામાં દરેક પરિસ્થિતિનો સામનો કરવાની હિંમત હશે. વધુ પડતી વ્યસ્તતાને કારણે તમારા પોતાના કામમાં અવરોધો આવી શકે છે.

**કર્ક** (ડ.હ): યુવાનોને કરિયર સંબંધિત કોઈ સારા સમાચાર મળવાથી રાહત અનુભવાશે. પરંતુ કોઈપણ મહત્વપૂર્ણ કાર્ય કરતા પહેલા તમારા પરિવારના સભ્યોની સલાહ ચોક્કસ લો. પોતાનો વિકાસ કરવા માટે થોડું સ્વાર્થી હોવું પણ જરૂરી છે. સમયનું યોગ્ય નિયંત્રણ કરો.

**સિંહ** (મ.ટ): જો ઘરના નવીનીકરણને લઈને કોઈ યોજના બનાવવામાં આવી રહી છે, તો તેના પર વિચાર કરવાનો આજનો સમય શ્રેષ્ઠ છે. પરંતુ વાસ્તુ સંબંધિત નિયમોનું પાલન કરો. જો લેણ-દેણ સંબંધિત કોઈ સમસ્યા ચાલી રહી હોય તો તેનો ઉકેલ મળવાની સંભાવના છે.

**કન્યા** (પ.ઠ.ણ): આ અઠવાડિયે સંજોગો અનુકૂળ છે. કેટલીક સમસ્યાઓનો સામનો કરવા છતાં તમે તમારી સકારાત્મક અને સંતુલિત વિચારસરણીથી આગળ વધશો. આ સમયે ભાવનાઓને બદલે વ્યવહારુ અભિગમ તમારી પ્રગતિમાં મદદરૂપ થશે. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

**તુલા** (ર.ત): ગ્રહોની સ્થિતિમાં સકારાત્મક પરિવર્તન આવશે. જો કે કેટલાક લોકો તમારા કામમાં દખલ કરી શકે છે, પરંતુ તેની પરવા કર્યા વિના તમે તમારા કામમાં વ્યસ્ત રહેશો. તમને ચોક્કસ સફળતા મળશે. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. ફક્ત વર્તમાન પરિસ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરવું.

**વૃશ્ચિક** (ન.ય): ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે. કોઈ સારા સમાચાર મળવાથી તમારામાં આત્મવિશ્વાસ અને નવી ઉર્જા આવશે. પરિવારના વરિષ્ઠ સભ્યોની સલાહ પણ અવશ્ય અનુસરો. મિત્ર કે સંબંધી સાથે ચાલી રહેલી કોઈપણ ગેરસમજ દૂર થશે અને સંબંધોમાં મધુરતા આવશે.

**ધન** (ભ.ધ.ફ): તમે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી કોઈપણ દ્વિધા અને બેચેનીથી મુક્ત રહેશો. કોઈ અસંભવ કાર્ય અચાનક સિદ્ધ થવાથી મનમાં ઘણી ખુશી અને ઉત્સાહ રહેશે. તમે તમારી અંદર ભરપૂર ઉર્જાનો અનુભવ કરશો. કોઈપણ ધાર્મિક યાત્રા પણ શક્ય છે.

**મકર** (ખ.જ): જે કામ લાંબા સમયથી અટવાયેલા હતા તે આ સપ્તાહે થોડી મહેનતે પૂર્ણ થવાની સંભાવના છે. કોઈ સંબંધી તરફથી સારા સમાચાર મળવાથી તમે પ્રસન્ન થશો. લોકો સાથે વાતચીત કરતી વખતે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરો. પડોશીઓ સાથે મુશ્કેલીમાં પડવાને બદલે શાંતિથી ઉકેલ શોધો.

**કુંભ** (ગ.સ.શ.ષ): અનુભવી અને ખાસ લોકોની સંગતમાં રહેવાથી તમને ઘણા અનુભવો થશે અને તમારી વિચારવાની શૈલી પણ નવી હશે. આજે તમે જે ધ્યેય માટે લાંબા સમયથી મહેનત કરી રહ્યા છો તેનું યોગ્ય પરિણામ મળશે તો તમે આનંદ અનુભવશો. સાવધાન રહો, અચાનક કોઈ પરેશાની આવી શકે છે.

**મીન** (દ.ચ.ઝ): આ સપ્તાહે જો તમે કોઈ ખાસ કામ માટે પ્રયાસ કરી રહ્યા છો, તો તમને તેનાથી સંબંધિત યોગ્ય સફળતા મળવાની છે. અન્ય ઘણી પ્રવૃત્તિઓમાં પણ તમારી હાજરી રહેશે. તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવું અને લોકો શું કહે છે તેની પરવા ન કરવાથી તમને ફાયદો થશે. તમારી ઈચ્છા પૂરી કરવા માટે પણ ઘણી મહેનત કરવી પડશે. નકામી પ્રવૃત્તિઓમાં તમારો સમય બગાડો નહીં. બિનજરૂરી મુસાફરી પણ ટાળો.

## 35 મુમુક્ષુઓના વરસીદાનનો ભવ્ય વરઘોડો 21 મીએ સવારે કાઢવામાં આવશે
# 35 જૈન દીક્ષાનો વિક્રમસર્જક વીરવ્રતોત્સવ ઉજવાશે

ગુજરાત | વંદન

જીન શાસનના પાટનગર સમાન અમદાવાદ શહેરના ઈતિહાસમાં ક્યારેય ન બની હોય તેવી અજબગજબની ઘટના આગામી ૨૨ એપ્રિલે બનવા જઈ રહી છે. જૈનધર્મના અંતિમ તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામીના નિર્વાણનાં ૨,૫૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે ૩૫ મુમુક્ષુઓ સંસારનો ત્યાગ કરીને પ્રભુ મહાવીરના પંથે વિજય પ્રસ્થાન કરશે.

શહેરના રિવરફ્રન્ટ ઉપર નિર્માણ કરવામાં આવેલી ભવ્ય, દિવ્ય અને સુરમ્ય અધ્યાત્મ નગરીમાં દીક્ષાના મહાનાયક પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે ૧૧ વર્ષની ઉંમરનાં બાળકથી લઈને ૫૬ વર્ષના પ્રૌઢ સુધીના ૩૫ મુમુક્ષુઓ દીક્ષા લેશે. આ મુમુક્ષુઓના મહાભિનિષ્ક્રમણ નિમિત્તે પાંચ દિવસના ભવ્ય મહોત્સવનો પ્રારંભ તા.૧૮ એપ્રિલે થશે, જેમાં વિશ્વના ખૂણે ખૂણેથી શ્રદ્ધાળુ જૈનો ઉપસ્થિત રહેશે. દીક્ષા લેનારા ૩૫ મુમુક્ષુઓના વરસીદાનનો ભવ્ય વરઘોડો તા. ૨૧ એપ્રિલના સવારે કાઢવામાં આવશે, જેની લંબાઈ આશરે ૧ કિલોમીટર જેટલી હશે. રાત્રિના સમયે બે હજાર દીવાઓ દ્વારા રોશની કરવામાં આવશે. અધ્યાત્મ નગરીમાં પરમાત્માની ભક્તિ માટે રાજસ્થાનના રાજમહેલની થીમ પર ભવ્ય મંદિરની રચના બોલિવૂડના આર્ટ ડિરેક્ટર ચંદ્રશેખર પરબે કરી છે.



અમદાવાદના ઈતિહાસમાં ક્યારેય જોવા ન મળ્યો હોય તેવો દીક્ષાનો મહોત્સવ યોજવા માટે સાબરમતી રિવરફ્રન્ટમાં ત્રણ લાખ ચોરસ ફીટ વિસ્તારમાં રાજસ્થાનના ભવ્ય મહેલોની ઝાંખી કરાવતી અધ્યાત્મ નગરીનું નિર્માણ કરાયું છે. તેમાં બે લાખ મીટર કાપડનો અને ૨.૫ લાખ ચોરસ ફૂટ લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેનો મુખ્ય મંડપ ૬૦,૦૦૦ ચોરસ ફૂટનો છે, જેમાં બે હજાર ચોરસ ફૂટનું સ્ટેજ મુમુક્ષુ પરિવારો માટે બાંધવામાં આવ્યું છે. બીજાં સ્ટેજ પર પૂજ્ય સાધુ ભગવંતો અને ત્રીજાં સ્ટેજ પર પૂજ્ય સાધ્વીજી ભગવંતો બિરાજમાન થશે. મુખ્ય મંડપમાં આશરે ૨૦,૦૦૦ દર્શકો સાથે બેસીને દીક્ષાના કાર્યક્રમોને નિહાળી શકશે. ઉનાળાની ગરમીમાં એર કન્ડીશનર કે પંખાનો ઉપયોગ કર્યા વિના પણ ઠંડક થાય તેવા ઉપાયો કરાશે.

આ માટે ૬૫,૦૦૦ ચોરસ ફૂટનું ક્ષેત્રફળ ધરાવતા વિશાળ ભોજન મંડપનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં એક જ પંગતમાં ૩,૨૦૦ ભાવિકો ભોજન કરી શકશે.દીક્ષાના દિવસે કુલ ૫૦,૦૦૦ ભાવિકોની સાધર્મિક ભક્તિ કરવામાં આવશે. મિઠાઈ, ફરસાણ, ★શરબત, રાબ, રોટલી, પૂરી, કઠોળ, ભાત, દાળ વગેરે મળીને આશરે ૧૫થી ૨૦ વાનગીઓ રહેશે.ચૈત્ર મહિનામાં શાશ્વતી ઓળીના દિવસો હોવાથી ભોજનમાં શાકભાજી તેમ જ ફળફળાદિનો ઉપયોગ કરાશે નહીં. રસોઈ માટે ૨૦૦ માણસોનો અને પીરસવા માટે ૫૦૦ માણસોનો સ્ટાફ રાખવામાં આવ્યો છે. ભોજન માટે ૭,૦૦૦ કાંસાના થાળીવાટકાના સેટનો ઉપયોગ થશે

# ગુજરાત સરકાર દ્વારા હવે વન ફેમિલી વન કાર્ડ લોન્ચ કરવામાં આવશે
## રાશન- આરોગ્ય- સ્ટુડન્ટ- સ્કોલરશિપ માટે હવે એકજ કાર્ડનો ઉપયોગ થઈ શકશે

ગુજરાત | વંદન

લોકોની સામાજિક અને આર્થિક સ્થિતિ પ્રમાણે સરકાર તરફથી ઘણી યોજનાઓના લાભ મળતા હોય છે, પરંતુ તેના માટે અલગ અલગ ડોક્યુમેન્ટ રાખવાની ઝંઝટ રહે છે. આ તકલીફ હવે થોડા જ દિવસોમાં દૂર થવાની છે. સરકાર દ્વારા એક ફેમિલી કાર્ડ લોન્ચ કરવામાં આવશે. આ કાર્ડની ખાસિયત એ હશે કે રાશનનું અનાજ, આરોગ્ય સુવિધા, સ્ટુડન્ટ માટે સ્કોલરશિપ, મહિલાઓ અને બાળકો માટેની કલ્યાણ યોજનાઓ વગેરે તમામ લાભ માટે માત્ર એક કાર્ડ દેખાડવાનું રહેશે. લોકસભાની ચૂંટણી પછી ફેમિલી કાર્ડ લોન્ચ કરવામાં આવે તેવી શક્યતા છે.

સૂત્રોએ જણાવ્યું કે ગુજરાત સરકાર દ્વારા ફેમિલી કાર્ડ પ્રોજેક્ટ પર કામ ચાલુ છે અને લોકસભાની ચૂંટણી પછી કાર્ડ લોન્ચ થઈ શકે છે. સરકારી સ્કીમોનો લાભ આપવામાં લિકેજ એ સૌથી મોટી સમસ્યા છે. એટલે કે ઘણી વખત જે લોકો વિવિધ લાભ મેળવવાને પાત્ર નથી, તેઓ પણ લાભ લઈ લેતા હોય છે. તેથી આ યોજનાઓને વધુ અસરકારક બનાવવા માટે ફેમિલી કાર્ડનો પ્રોજેક્ટ શરૂ કરવામાં



આવશે.આ સિસ્ટમ એવા પરિવારો માટે છે જેમને હાલમાં એક કે એક કરતા વધારે સરકારી યોજનાઓના લાભ મળે છે. જોકે, આના વિશે હજુ ઘણી બાબતો સ્પષ્ટ થવાની બાકી છે. એટલે કે તમામ પરિવારોને ફેમિલી કાર્ડમાં રજિસ્ટર કરવામાં આવશે કે નહીં, અથવા જે પરિવારમાં કોઈ વ્યક્તિને આવી સ્કીમોનો લાભ નથી મળતો, તેઓ ફેમિલી કાર્ડ માટે લાયક ગણાશે કે નહીં તે હજુ નક્કી નથી.આ પ્રોજેક્ટ લોન્ચ કરવામાં રાજ્યના અનાજ અને પૂરવઠા મંત્રાલયની સૌથી મહત્ત્વની ભૂમિકા હશે અને તે નોડલ ડિપાર્ટમેન્ટ તરીકે કામ કરશે. ગુજરાતમાં હાલમાં લગભગ બે કરોડ પરિવારો વસે છે અને રાજ્યની વસતી સવા સાત કરોડ કરતા વધુ હોવાનો અંદાજ છે.ફેમિલી કાર્ડ વિશે માહિતી આપતા એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે આ સ્કીમ હેઠળ પરિવારોની એક સિંગલ આઈડી હશે. પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ, હેલ્થ, સ્ટુડન્ટ સ્કોલરશિપ, મહિલા અને બાળ કલ્યાણની સ્કીમોને કનેક્ટ કરીને તેનો ડેટા એક જ જગ્યા પરથી ઉપલબ્ધ કરાવાશે. તેમાં ફેમિલીઓની નોંધણી થશે અને એક ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે.આ પ્રોજેક્ટમાં કેટલું કામ થયું છે તે વિશે તાજેતરમાં સચિવોની એક કમિટીને પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. અધિકારીઓનું કહેવું છે કે દરેક વ્યક્તિગત લાભાર્થીની વિગતો એકઠી કરીને તેનું મર્જર કર્યા પછી પરિવારોમાં રિગ્રૂપ કરવામાં આવશે. તેનાથી ગુજરાતના નાગરિકો અને સરકાર બંનેને ફાયદો થશે.

નાગરિકોને હવેથી રાશન કાર્ડ, હાઉસિંગ માટે ફ્રી સબસિડી, હેલ્થ ફેસિલિટી વગેરે બધું એક જ કાર્ડ પર મળી રહેશે.

કોઈ પણ સરકારી સ્કીમમાં લિકેજની સમસ્યા હોય છે. તેના કારણે કૌભાંડો થતા હોય છે અને સરકારનો ખર્ચ વધી જતો હોય છે. ફેમિલી કાર્ડ લોન્ચ થવાથી બધો ડેટા અપડેટ થઈ જશે અને લિકેજ અટકવાની શક્યતા છે.

# અણબનાવના કારણે વિડીયો કોલથી બાળકોને મળવાની મંજૂરી
## બાળકોના હિતો સર્વોચ્ચ મહત્વ ધરાવે છે : અદાલત

ગુજરાત | વંદન

અમદાવાદની એક સેશન્સ કોર્ટે એક માતાને તેના બાળકોને ફક્ત ઓનલાઈન મળવાની જ મંજૂરી આપી છે. કોર્ટે મહિલા અને તેના પતિ વચ્ચેના કારણે માતાને વિડીયો કોલ દ્વારા પોતાના બાળકોને મળવાની મંજૂરી આપી છે. મહિલા જ્યારે પોતાનો બાળકોને રૂબરૂ મળવા આવતી હતી ત્યારે તેના અને તેના પતિ વચ્ચે ઝઘડા થતાં હતા અને આ ઝઘડા રોકવાના ઉદ્દેશ્યથી કોર્ટે આ આદેશ આપ્યો છે.

આ દંપતિએ 2013માં લગ્ન કર્યા હતા અને તેમને હાલમાં નવ અને ચાર વર્ષના બે બાળકો છે. આ દંપતિ છેલ્લા એક વર્ષથી અલગ રહે છે. પતિ વડોદરામાં રહે છે જ્યારે પત્ની અમદાવાદમાં રહે છે. મહિલાને જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીમાં એક રાઈટર સાથે સંબંધો હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે તો બીજી તરફ મહિલાએ પણ તેના પતિ પર ગંભીર આરોપો લગાવ્યા છે. હાલમાં બંને બાળકો તેના પિતા સાથે રહે છે.

પત્નીએ જ્યારે ગયા વર્ષે ઘરેલું હિંસા કાયદા એટલે કે ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી ત્યારે તેમના સંબંધો વધારે



વણસ્યા હતા. ડિસેમ્બર 2023માં અહીંની કોર્ટે માતાને મુલાકાત માટેના અધિકારો આપ્યા હતા. વચગાળાની વ્યવસ્થા તરીકે માતાને દર રવિવારે સવારે 10થી સાંજે 5 વાગ્યાની વચ્ચે બાળકોને મળવાની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, પતિએ એક મહિના પછી શહેરની સેશન્સ કોર્ટનો સંપર્ક કર્યો હતો અને દલીલ કરી હતી કે જ્યારે પણ તેની પત્ની બાળકોને મળવા આવે છે ત્યારે તેની સાથે ઝઘડો કરે છે. તે પોતાના ફાયદા માટે પોલીસ સાથેના તેના સંપર્કનો ઉપયોગ કરે છે. પતિએ ટ્રાયલ કોર્ટના આદેશને રદ કરવા અને તેની પત્નીને બાળકોને મળવા આવવાથી રોકવા માટે વિનંતી કરી હતી.

સરકારી વકીલ અને પત્નીના વકીલે તેનો વિરોધ કર્યો હતો. તેમણે દલીલ કરી હતી કે માતાને તેના બાળકોને મળવાના અધિકારથી વંચિત ન રાખી શકાય. એડિશનલ સેશન્સ જજ એમબી કોટકે ટ્રાયલ કોર્ટના આદેશમાં ફેરફાર કર્યો હતો.

## શબ્દોની સંતાકૂકડી 108
ગુજરાત વંદન gujaratvandan.com



**ઊભી ચાવી**

(1) પ્રશ્ન [3]
(2) કેન્સલ કરેલું [2]
(3) સમુદાય, મંડળી, સભા [3]
(5) પૈસા કે ફંડફાળાની યાદી [2]
(8) પુત્રના ..... પારણામાંથી, વહુના ...... બારણામાંથી [3]
(9) અપશબ્દ [3]
(10) આ નામનો એક દેશ [3]
(11) ખ્યાતિ [3]
(13) શકુંતલા અને દુષ્યંતનો પુત્ર [3]
(15) ઝડપ, ગતિ [2]

**આડી ચાવી**

(1) અંગકસરત બતાવતો એક ખેલ [4]
(4) ધૂળ [2]
(6) સ્પર્ધા, હરિફાઈ, ચડસાચડસી [2]
(7) મહિનો [2]
(8) જલને ઊંધેથી લખો [2]
(10) કુબેરનો અનુચર [2]
(11) જાણીતો એક હિંદી આરજે [3]
(12) વેરવિખેર [6]
(14) અહીં નાર શબ્દ ઊંધો થયો છે. [2]
(16) નવ્વાણું પછી આવે [1]
(17) પ્રેમ [2]
(18) સુંદર સ્ત્રી [2]

શબ્દોની સંતાકૂકડી-108નો ઉકેલ



## સુડોકુ કોયડો નં. 109
ગુજરાત વંદન gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 3 | | | 8 | | | | 1 |
| | | 7 | 4 | | | | 5 | |
| 9 | | | | 5 | | 2 | | |
| | | 2 | | | 5 | | 1 | |
| | | | 2 | | | 5 | | 4 |
| | 9 | | | | 4 | | | |
| | | 6 | | | | | 9 | 8 |
| 8 | | | | 4 | 3 | | | |
| | 2 | | | | 8 | | | 5 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-109નો ઉકેલ



# સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

### પીવાના પાણીમાં ORS સપ્લાય કરવામાં આવે છે

## પ્રદ્યુમન પાર્ક ઝૂ ખાતે ઉનાળામાં પ્રાણી-પક્ષીઓ માટે ખાસ વ્યવસ્થા

ગુજરાત | વંદન



પ્રદ્યુમન પાર્ક ઝૂ ખાતેના પ્રાણી-પક્ષીઓને ઉનાળાની ઋતુમાં ગરમીથી રક્ષણ આપવા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. મોટા કદના પ્રાણીઓના પાંજરામાં વિશાળ પાણીના પોન્ડ બનાવવામાં આવેલા છે.રાજકોટ પ્રાણીઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના માર્ગદર્શન મુજબ આધુનિક ઢબે વિકાસ કરાતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રની પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબજ ઉત્તમ સ્થળ બની ગયું છે. જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે આવતા હોય છે. દર વર્ષે અંદાજિત 7.50 લાખ મુલાકાતીઓ ઝૂની મુલાકાતે આવતા હોય છે. હાલ રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે જુદી જુદી 67 પ્રજાતિઓનાં કુલ 564 વન્યપ્રાણી છે. આ તમામ પ્રાણી-પક્ષીઓને જુદી જુદી ઋતુઓમાં વાતાવરણની કોઈ આડઅસર ન થાય અને તમામની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે દર વર્ષે ઋતુ અનુસાર ખાસ તકેદારી રાખવામાં આવે છે.

હાલ ઉનાળાની ઋતુ ચાલતી હોય, સખત તાપ અને ગરમીના કારણે વન્યપ્રાણી-પક્ષીઓમાં વાતાવરણની કોઈ પ્રતીકૂળ અસર ન થાય અને ગરમીથી રક્ષણ મળી રહે તે માટે વન્યપ્રાણી-પક્ષીઓને તેઓની કુદરતી પ્રકૃતી અનુસાર પ્રાણીસંગ્રહાલય ખાતે ખાસ વ્યવસ્થા કરવામાં આવેલી છે.

આ ઉપરાંત ઝૂ ખાતેના તમામ પ્રાણી-પક્ષીઓમાં ગરમીના કારણે ઝાડા - ઊલટીના થાય તે માટે પીવાના પાણીમાં ORS સપ્લાય કરવામાં આવે છે.

### ગોળ-લંબચોરસ આકારના મકાનના પાયાના અવશેષો મળ્યા

## કચ્છના લખપત પાસે 5200 વર્ષ જૂનું નગર મળ્યું

**એક મહિના બાદ ફેબ્રુઆરીમાં ધોળાવીરાની નજીક બીજું નગર મળ્યું...**

ગુજરાત | વંદન

કચ્છના પેટાળમાં પુરાતન નગરો દટાયેલા પડ્યા છે અને સમયાંતરે ખોદકામમાં તેના પુરાવા સામે આવે છે. ફરી કચ્છના લખપત તાલુકાના ખટિયામાં પડદા બેટમાં ૫૨૦૦ વર્ષ જૂના હડપ્પા સભ્યતાના અવશેષો મળ્યા છે. જેના પગલે પુરાતત્ત્વવિદો અને સંશોધકોમાં આનંદ છે. અહીં રેતિયા પથ્થરમાંથી બનેલા ગોળ અને લંબચોરસ આકારના મકાનના પાયા મળ્યા છે.

મળતી વિગતો મુજબ, કેરાલા યુનિવર્સિટીના પુરાતત્વ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.અભયન જી.એસ. અને ડો. રાજેશ એસ.વી.ના માર્ગદર્શન હેઠળ ફેબ્રુઆરીથી માર્ચ ૨૦૨૪ દરમિયાન ખોદકામ કરાયું હતું. ખોદકામમાં ગોળ અને લંબચોરસ આકારના બે મકાનના પાયાના અવશેષો મળ્યા છે. જે સ્થાનિક રેતિયા પથ્થરમાંથી બનાવાયા છે. આ સિવાય માટીના વાસણના ટુકડા પણ મળ્યા છે. જેમાં નાના અને મોટા માટલાઓ મળ્યા છે. તો અનેક વાસણો પણ મળ્યા છે સાથે સાથે સેમી પ્રેસિયસ સ્ટોન પણ મળ્યા છે. ઉપરાંત હેમર સ્ટોન અને ગ્રાઇન્ડીંગ સ્ટોન પણ મળ્યા છે. નવાઈની વાત છે કે, ગાય અને બકરી જેવા પ્રાણીઓના હાડકાના ટુકડા અવશેષો પણ સંશોધન દરમિયાન મળી આવ્યા હતા. જેના પગલે આ ૫૭૦૦ વર્ષ જૂની હડપ્પન સંસ્કૃતિની સાઇટ હોવાનો મત સંશોધકોએ વ્યક્ત કર્યો હતો.



વિસ્તારમાં ખોદકામ કરતાં એક જૂનું કબ્રસ્તાન પણ મળ્યું છે. આ સાથે કેટલાક હાડપિંજરો પણ મળ્યાં છે. ૫૨૦૦ વર્ષ પહેલા અહીં પશુપાલકો રહેતા હતા અને સમય જતાં અહીંની જ માટીમાં દફન થઈ ગયાં હોવાનું અનુમાન વ્યક્ત કરાયું છે. અહીંથી પથ્થર, માટીમાંથી બનાવેલા મણકા, મોતી, ગાય, ભેંસ, ઘેટાં-બકરા, શીપ, છીપલા, તાંબાના પણ અવશેષો અહીં હડપ્પા સભ્યતા સાથે સામ્યતા ધરાવતા વાસણોના અવશેષોની સાથે વિશિષ્ટ પ્રકારની માટીના વાસણો પણ મળી આવ્યા છે.નોંધનીય છે કે, ૨૦૨૪ના વર્ષમાં ગુજરાતમાં ચાર મહિનામાં ત્રીજું પ્રાચીન નગર મળ્યું છે. ૧૭ જાન્યુઆરીના રોજ વડનગરમાં ૨૮૦૦ વર્ષ જુનું નગર મળ્યું હતું. જેના એક મહિના બાદ ફેબ્રુઆરીમાં ધોળાવીરાની નજીક બીજું નગર મળ્યું છે. ધોળાવીરાથી ૫૧ કિમી દૂર લોદ્રાણી ગામમાં ૪૫૦૦ વર્ષ જુનું નગર મળ્યું છે.

હકીકતમાં સોનાની આશાએ લોદ્રાણીના લોકો છેલ્લાં પાંચ વર્ષથી ગામમાં જ્યાં ત્યાં ખોદતાં હતા અને આ ખોદકામ દરમિયાન તેમને પ્રાચીન નગરના અવશેષો મળી આવ્યાં હતાં. માહિતી મળતાં એ.એસ.આઈ.ના પૂર્વ પૂર્વ એડીજી અને પુરાતત્વવિદ્ અજય યાદવ અને ઓક્સફર્ડની સ્કૂલ ઓફ આર્કિયોલોજીના પ્રોફેસર ડેમિયન રોબિન્સન લોદ્રાણી ગામમાં પહોંચ્યાં હતા અને સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું.

## કલોલ: 12 ગામોના સરપંચ સહિત 20 આગેવાનો ભાજપમાં જોડાયા

■ કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોરની હાજરીમાં કાર્યક્રમ યોજાયો

ગુજરાત | વંદન



કલોલ તાલુકાના ખાખરિયા વિસ્તારના મોટીભોયણ અને સાંતેજ જિલ્લા પંચાયત બેઠકનો સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. તેમાં કોંગ્રેસ છોડી ભાજપમાં સામેલ થયેલા કાંતીજી ઠાકોર અને રશ્મિજી ઠાકોરનું અભિવાદન કરવામાં આવ્યુ હતું.

તે પ્રસંગે કલોલ તાલુકાના ૧૨થી વધુ સરપંચ-ઉપસરપંચ સહિત ૨૦ અગ્રણીઓએ ભાજપનો ખેસ ધારણ કરી પાર્ટીમાં સામેલ થયા હતાં.

કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી (બકાજી) ઠાકોરની આગેવાનીમાં નાસ્મેદના કાંતીજી ઠાકોર અને રાચરડાના રશ્મિજી ઠાકોર સહિત 12 આગેવાનોએ ગયા અઠવાડિયે ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. ત્યાર બાદ કોંગ્રેસનો ગઢ ગણાતા આ વિસ્તારમાં ભાજપનું વર્ચસ્વ વધી રહ્યું છે. દરમિયાન શુક્રવારે નાસ્મેદ ગામે મહાકાળી ફાર્મ ખાતે કાંતીજી ઠાકોર અને રાચરડાના રશ્મિજી ઠાકોરનો અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો. જેમા મોટી સંખ્યામાં કાર્યકરોની હાજરીમાં તાલુકાના ૧૨થી વધુ સરપંચ-ઉપસરપંચ સહિત ૨૦ અગ્રણીઓ ભાજપમાં જોડાયા હતાં

## ગાંધીનગર બેઠક માટે પ્રથમ દિવસે એક ઉમેદવારે ફોર્મ ભર્યું

ગુજરાત | વંદન

લોકસભાની ચૂંટણી જાહેર થયા બાદ ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં ચૂંટણી પ્રચારનો આરંભ થઇ ચૂક્યો છે અને હવે આગામી દિવસોમાં પ્રચાર વેગવંતો થવાથી ચૂંટણીનો માહોલ બરાબરનો જામશે. ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં પ્રથમ દિવસે એક ઉમેદવારે ફોર્મ ભર્યું હતુ અને ૩૫ ઉમેદવારી ફોર્મનું વિતરણ કલેક્ટર કચેરીમાંથી થયુ હતું.

ગાંધીનગર સંસદીય મતદાર વિભાગ માટે ચૂંટણી નોટિસ જાહેર થતાં આજથી ઉમેદવારી પત્રો આપવાનો અને ભરાયેલા ઉમેદવારી પત્ર સ્વીકારવાનો આરંભ થયો છે. પ્રથમ દિવસે શુક્રવારે ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં ૩૫ ઉમેદવારી પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ એક ઉમેદવારી પત્ર ભરાઇને આવ્યું હોવાનું જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ સમગ્ર લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે સુચારું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં તા. ૧૨/૦૪/૨૦૨૪થી ઉમેદવારી પત્ર આપવા અને ભરાયેલા ઉમેદવારી પત્ર સ્વીકારવાનો આરંભ કરવામાં આવ્યો છે.

પ્રથમ દિવસે ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાંથી ચૂંટણી લડવા માટે ૩૫ ઉમેદવારોએ કોરા ફોર્મ મેળવ્યા છે. ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં ફોર્મ ભરવાના પણ શ્રીગણેશ થયા છે.

## સુરત : રોગચાળામાં ઝાડા ઉલટીના કેસમાં વધારો, 2 વ્યક્તિઓના મોત

**મનપાની ટીમે પાણીથી કોઇ ચેપ લાગ્યો કેમ તે માટે સર્વે હાથ ધર્યો**

ગુજરાત | વંદન



પ્રકૃતિના બદલાતા મિજાજને પગલે શહેરમાં બેવડી ઋતુનો અનુભવ થાય છે, ઠંડીની સાથે સાથે ગરમીનો પણ અહેસાસ થાય છે. બદલાયેલા આ વાતાવરણને કારણે અનેક શહેરોમાં રોગચાળો ફાટી નીકળ્યો છે. જેમાં હાલ માં સુરતમાં અચાનક રોગચાળો વકર્યો છે. સુરતમાં રોગચાળો ફાટી નીકળ્યા બાદ ઝાડા ઉલટીના અસંખ્ય કેસ નોંધાયા છે. મનપા દ્વારા રોગચાળાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે, એવામાં ઝાડા-ઊલટી થી બે લોકોના મોત થયાના સમાચાર સામે આવતા ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક માહિતી મુજબ સચિન GIDC વિસ્તારમાં અને ગોડાદરા વિસ્તારમાં બે વ્યક્તિના મોત થયા છે. આ તરફ હવે સુરત મ્યુનિશિપલ કોર્પોરેશનની ટીમે આ વિસ્તારોમાં સર્વે હાથ ધર્યો છે.ડાયમંડ સિટી સુરતમાં છેલ્લા કેટલાક દિવસોથી રોગચાળો વકર્યો છે. આ દરમિયાન સુરતના સચીન GIDCમાં રહેતા 2 વર્ષના વિષ્ણુ પાસવાન અને ગોડાદરા વિસ્તારમાં અને એક મહિલાનું ઝાડા-ઉલટીને કારણે 2 વ્યક્તિના મૃત્યુ થયા છે. ઝાડા-ઉલટીના કેસ વધતા મનપાનુ તંત્ર દોડતું થયુ છે. વિગતો મુજબ અહીં એક મહિલા અને એક બાળક ઝાડા-ઉલટીના કારણે મૃત્યુ થયાની ઘટના સામે આવી છે.

## ઑસ્ટ્રેલિયાના મૉલમાં હિંસક હુમલો, 4ના મોત, ચપ્પુથી હુમલા બાદ અફરાતફરી



ગુજરાત | વંદન

ઑસ્ટ્રેલિયાના સિડની શહેરમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે જેમાં એક શોપિંગ મૉલમાં ફાયરિંગ અને ચપ્પા વડે હુમાલાની ઘટના બની છે જેમાં ચાર લોકોના મોત થયાના અહેવાલ મળી રહ્યા છે જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું કહેવાય છે.

સ્થાનિક મીડિયાના અહેવાલો મુજબ, આ ઘટના વેસ્ટફિલ્ડ બોન્ડી જંક્શન શોપિંગ સેન્ટરમાં બની હતી. ગોળીબારનો અવાજ પણ સંભળાયો હતો. ઘટનાના એક સાક્ષીઓએ જણાવ્યું હતું કે પોલીસ દ્વારા ગોળી ચલાવવામાં આવે તે પહેલાં એક વ્યક્તિએ મહિલા અને તેના બાળક સહિત દુકાનદારોને ચપ્પા વડે હુમલો કરીને ઉપરા છાપરી ઘા મારી દીધા હતા. અહેવાલો અનુસાર, મોલમાં ચાર લોકો પર ચપ્પા વડે હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા હાલ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે.

સિડનીમાં શનિવારે બનેલી આ ઘટના બાદ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. ન્યૂ સાઉથ વેલ્સ પોલીસે લોકોને સ્થળથી દૂર રહેવા અપીલ કરી છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે અને પૂછપરછ કરી રહી છે. આ ઘટનાને પગલે થોડીવાર માટે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હાલ ઘાયલોને નજીકની હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. ઘટનાને પગલે લોકોમાં ભય ફેલાય ગયો છે.

અનુસંધાન પેજ 01 પરથી...

### 102 બેઠકો માટે

ગુનાઓ માટે કેસ નોંધાયેલા છે. તેમાંથી એક પર બળાત્કારનો આરોપ છે. 35 ઉમેદવારો એવા છે જેમની સામે ભડકાઉ ભાષણ આપવાના કેસ નોંધાયેલા છે.

પ્રથમ તબક્કામાં, મિઝોરમ અને આંદામાન અને નિકોબાર ટાપુઓએ 21 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અનુક્રમે 16% અથવા 1 અને 2, સૌથી વધુ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. બીજી તરફ, મણિપુર, નાગાલેન્ડ, લક્ષદ્વીપ, છત્તીસગઢ, ત્રિપુરા અને જમ્મુ અને કાશ્મીર સહિતના છ રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોએ કોઈ મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા નથી

અન્ય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં, અરુણાચલ પ્રદેશે 2024ની સામાન્ય ચૂંટણીઓમાં માત્ર એક મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે, બિહારમાં 3, મધ્યપ્રદેશ 7, મહારાષ્ટ્ર 7, મેઘાલય 2, પુડુચેરી 3, રાજસ્થાન 12, સિક્કિમ 1, ઉત્તર પ્રદેશ 7, ઉત્તરાખંડ 4 અને પશ્ચિમ બંગાળ 4.

તમિલનાડુએ લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં સૌથી વધુ ઉમેદવારો ઊભા રાખ્યા હતા, એટલે કે 950. આમાંથી 76 મહિલા છે, એમ EC ડેટા દર્શાવે છે.

### ઈરાન-ઈઝરાયેલ

5 દેશોએ તેમના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે. જેમાં નાગરિકોને ઈરાન અને ઈઝરાયલ ન જવાની સલાહ આપવામાં આવી છે.

હકીકતમાં, 1 એપ્રિલના રોજ ઈઝરાયલે સીરિયામાં ઈરાની એમ્બેસી નજીક હવાઈ હુમલો કર્યો હતો. જેમાં ઈરાનના બે ટોચના આર્મી કમાન્ડર સહિત 13 લોકો માર્યા ગયા હતા. આ પછી ઈરાને બદલો લેવા ઈઝરાયલ પર હુમલો કરવાની ધમકી આપી હતી.

લુફ્થાન્સાએ ઈરાન જતી તમામ ફ્લાઈટ્સ રદ કરી છે. જર્મન એરલાઈન લુફ્થાન્સાએ કહ્યું છે કે તેના વિમાનો ઈરાની એરસ્પેસનો ઉપયોગ કરશે નહીં.

લુફ્થાન્સાએ 18 એપ્રિલ સુધી ઈરાન જતી અને તેની તમામ ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. ઈરાનમાં લગભગ 4,000 ભારતીયો રહે છે. તે જ સમયે, 18,500 NRI ઈઝરાયલમાં રહે છે. સમાચાર એજન્સી પીટીઆઈએ કહ્યું કે ભારત બંને દેશોમાંથી ભારતીયોને છોડાવીને દેશમાં પરત લાવવાની તૈયારી કરી રહ્યું છે. આ સિવાય ત્યાં ભારતીયો માટે સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

અનુસંધાન પેજ 04 પરથી...

### હું જેનાથી પ્રેગનન્ટ થઇ

રહીશ? મને સારિકા જોડે શાંત ચિત્તે વાત કરવા દે!'

'લ્યો ત્યારે, તમે બાપ દીકરી પડો ઊંડી ખાઈમાં!' 'સારિકા, દીકરા, જો એ તારો બૉય ફ્રેન્ડ કે અંગત મિત્ર ન હોય તો પછી આ બધું એકાએક થયું કેવી રીતે?'

'ડેડ, તમને તો ખબર છે. હું નાની હતી ત્યારથી આફ્રિકન અમેરિકન અભિનેતા ડેન્ઝલ વોશિંગ્ટનની ફેન છું. મેં જ્યારે યુવાનીમાં કદમ મુક્યો તે દિવસથી મારા મનમાં એક જ ઈચ્છા હતી કે મારી જિંદગીમાં અભિનેતા ડેન્ઝલ વોશિંગ્ટન આવે તો મારી જિંદગી ધન્ય ધન્ય થઈ જાય. આ તો થઈ એક સ્વપ્નની, ફેન્ટસીની વાત વાસ્તવિક જિંદગીમાં આ વાત તો કોઈ કાળે બની શકે નહીં, ખરુંને?

ફિલાડેલ્ફિયામાં હું જે ઍપાર્ટમેન્ટ કૉમ્પ્લેક્સમાં રહું છું ત્યાં ત્રણેક મહિના પહેલાં રોજ સવાર-સાંજ એક આફ્રિકન અમેરિકન ચોગાન સાફસફાઈ કરવા માટે આવતો. સવારે હૉસ્પિટલ જતાં અને સાંજે ઘરે પાછા ફરતાં મારી નજર રોજ તેની સાથે ટકરાતી.

આ આફ્રિકન અમેરિકનમાં મને મારાં સ્વપ્નના રાજકુંવર ડેન્ઝલ વૉશિગ્ટનની મૂર્તિ અંકિત થતી દેખાઈ. ડેડ, હું શું તમને કહું; આ અલી છ ફૂટ લાંબો, મજબૂત, ભરાવદાર શરીરવાળો યુવાન. પેલા ડનલોપ ટાયરની કોમરશિયલ ચમકતા રૂપકડા મૉડેલ સમો લાગતો હતો! જ્યારે પણ મારી નજર તેના પર જતી ત્યારે મનમાં એક જ વિચાર આવતો કે ભલે આ યુવાન મારી જિંદગીમાં સદા માટે ન આવી શકે તો કાંઈ નહીં, પરંતુ જો બે ચાર દિવસ પણ તેની સાથે જીવવા મળે તો મારું આખું જીવન ધન્ય થઈ જાય.

એક સાંજે હૉસ્પિટલથી ઘેર પાછી ફરી રહી હતી, ત્યારે અલી મારા આંગણામાં લૉન કાપી રહ્યો હતો. મેં હિંમત કરીને સામે ચાલીને અલીને હાય હલ્લો કર્યું. તેની સાથે થોડીક હળવી વાતો કરતાં જ મેં તેને પૂછી લીધું કે આવતા વીક-એન્ડમાં તું શું કરે છે? જો તું કાંઈ કરતો ન હો તો મને ન્યૂયોર્ક ફરવા જવા માટે સાથ આપ. ઈશ્વર ઈચ્છાથી અલીએ કોઈ પણ જાતની આનાકાની કર્યા વગર મારું આમંત્રણ સ્વીકારી લીધું.

હું અને અલી મોજમજાથી આખું વીક-એન્ડ ન્યૂયોર્કની ગલીઓમાં હાથમાં હાથ નાખીને રખડ્યાં, મેનહટનની નાની મોટી રેસ્ટોરન્ટમાં ખાધું પીધું અને મનગમતા બારમાં સાંજે નાચગાન સાથે શરાબની મસ્તીમાં ઝુમ્યાં. મોડી રાત્રે જ્યારે આંખો ઘેરાવા માંડતી ત્યારે હૉટેલમાં આવી એક બેડમાં એકમેકની હૂંફમાં સવારના સૂર્યનો ઈંતજાર કરતાં સૂઈ જતાં. વીકએન્ડ પૂર્ણ થતાં પાછા ન્યૂયોર્કથી ફિલાડેલ્ફિયા આવી અમે અમારી જિંદગીમાં ગોઠવાઈ ગયાં. ત્યાર બાદ મેં અલીને ફરી કયારે ય મળવાની કોશિશ કરી નથી! કારણ કે હું મનથી તેને ચાહતી ન હતી મને ફક્ત તેના શરીરનું જ આકર્ષણ હતું.

'ડેડ, હું તમને એક ખાસ વાત કહેવા માગું છું, હું એક સ્વતંત્ર અમેરિકન સ્ત્રીની સીંગલ મધર્સની જિંદગી જીવવા ઈચ્છું છું. વર્તમાનમાં મારે લગ્ન કરવાની કોઈ ઈચ્છા નથી. આવનારા મારાં બાળકને હું મારી રીતે ઊછેરીશ. ભવિષ્યમાં જો મને ક્યારેક જીવનમાં એકલતા જણાશે, તો હું મારી રીતે મારું પાત્ર શોધી લઈશ અને મારે માટે એ કાંઈ જરૂરી નથી કે મારે ઈન્ડિયન છોકરા સાથે જ લગ્ન કરવા!'

'સાંભળ, કૌશલ્યા, જેવી પ્રભુની ઈચ્છા! સારિકા સિવાય આપણી જિંદગીમાં બીજું કોણ છે? ભલે આપણે તેના લગ્નનો લ્હાવો ન લઈ શક્યા તો કંઈ નહીં, પરંતુ તેનું બેબીશાવર તો આપણે ધામધૂમથી કરશું!'

પ્રીતમ લખલાણી
સૌજન્યથી ઓપિનિયન

### નાણામંત્રી...

માટે નિર્ધારિત રકમ કરતાં ઘણો વધુ ખર્ચ કરી રહ્યા છે. અને દરેક ચૂંટણીમાં આ ખર્ચ વધી રહ્યો છે. છેલ્લી સામાન્ય ચૂંટણીઓમાં, એક વિજેતા ઉમેદવારે જાહેરમાં જાહેરાત કરી હતી કે તેણે ચૂંટણીમાં 8 કરોડ રૂપિયા ખર્ચ્યા છે..... ખબર નથી કે આ જાહેરાત પછી ચૂંટણી પંચે કોઈ પગલાં લીધા કે નહીં, પરંતુ તે ચોક્કસપણે સાબિત કરે છે કે પૈસાની શક્તિ આપણી લોકશાહી પર પ્રભુત્વ ધરાવે છે.એક સમય હતો જ્યારે આર્થિક રીતે નબળા વ્યક્તિ પણ સંસદ કે વિધાનસભામાં પહોંચવાનું સપનું જોઈ શકતી હતી. બીજી સામાન્ય ચૂંટણીમાં એક ઉમેદવાર જે રસ્તા પર બેસીને પગરખાં સુધારતો હતો તે રાજસ્થાનના સિરોહી વિધાનસભા મતવિસ્તારની ચૂંટણી જીત્યો હતો. ત્યારબાદ તેમને દાન એકત્ર કરીને એટલા પૈસા આપવામાં આવ્યા કે તેઓ યોગ્ય રીતે રાજ્યની રાજધાની જયપુર પહોંચી શકે અને ધારાસભ્ય તરીકે શપથ લઈ શકે. શું આપણે આજે આવી પરિસ્થિતિની કલ્પના કરી શકીએ? બે વખત દેશના વડાપ્રધાન બનેલા ડો.મનમોહન સિંહ ચૂંટણી લડ્યા બાદ ક્યારેય સંસદમાં પહોંચી શક્યા ન હતા. આ વાત કેટલી સાચી છે તે ખબર નથી, પરંતુ કહેવાય છે કે એક વખત તેઓ રાજધાની દિલ્હીથી ચૂંટણી લડ્યા હતા. તેઓ આ ચૂંટણી હારી ગયા હતા. તેમના કાર્યકરો કહે છે કે આ હારનું એક કારણ એ પણ હતું કે તેઓ સવારના નાસ્તામાં પોતાના કાર્યકરોને માત્ર બે-ચાર કેળા અને એક કપ ચા આપતા હતા - આનાથી વધુ ખર્ચ કરી શકતા ન હતા!

## અમરનાથ યાત્રા: ફિટનેસ સર્ટિ. લેવા શિવભક્તોની લાઈન લાગી



■ આ વખતે યાત્રાનો સમયગાળો 60ને બદલે 45 દિવસ

ગુજરાત | વંદન

29 જૂનથી બર્ફીલા બાબા અમરનાથની યાત્રાનો પ્રારંભ થઈ રહ્યો છે, જે 19 ઓગસ્ટ સુધી ચાલશે. આ વખતે લોકસભાની ચૂંટણીને કારણે પ્રવાસનો સમયગાળો 60 દિવસને બદલે 45 દિવસનો રખાયો છે. યાત્રા પર જનારા શ્રદ્ધાળુઓ માટે ફિટનેસ સર્ટિફિકેટ ફરજિયાત છે. નવી સિવિલમાં મેડિકલ સર્ટિફિકેટ આપવાની કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે, જે જૂના ટ્રોમા સેન્ટરના ગ્રાઉન્ડ ફ્લોર પર 9થી 12 કલાક સુધી ચાલશે. આજે પહેલો દિવસ છે એટલે મોટી સંખ્યામાં લોકો ફિટનેસ પ્રમાણપત્ર લેવા માટે આવ્યા હતા. જોકે આવતીકાલે રવિવારની રજા છે અને બાદમાં સોમવારથી શુક્રવાર રાબેતા મુજબ આ કામગીરી ચાલુ રહેશે.13 વર્ષથી નાની વયનાં બાળકો, 75 વર્ષથી મોટી વયના વૃદ્ધો, ગર્ભવતી મહિલાઓ અને બાયપાસ સર્જરી કે સ્ટેન્ટ મુકાવનારા હાર્ટ પેશન્ટોને મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ અપાશે નહીં. લાંબી લાઈન ટાળવા આ વખતે પણ નવી સિવિલમાં ટોકન સિસ્ટમ રખાઈ છે. એક દિવસમાં 500 ટોકન અપાશે. અત્રે ઉલ્લેખનીય છે કે દર વખતે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાંથી હજારો શ્રદ્ધાળુઓ દર્શન માટે અમરનાથ જતા હોય છે.આ વખતે અમરનાથ યાત્રા માટેનું રજિસ્ટ્રેશન 15 એપ્રિલને સોમવારથી શરૂ કરવામાં આવી રહ્યું છે, એ જ દિવસથી ચારધામ યાત્રાનું પણ રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવશે. જોકે અમરનાથ યાત્રા માટે મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ ફરજિયાત કરવામાં આવ્યું છે. આ સાથે શ્રદ્ધાળુઓને સરકારની ગાઇડલાઈનનું પાલન ફરજિયાત કરવું પડશે. ચારધામ યાત્રા માટે યાત્રીઓને કોઈપણ પ્રકારના મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટની જરૂર નથી.

અનુસંધાન પેજ 12 પરથી...

### પાટિલની કાર્યકરોને...

તેમને 2017ની ભૂલોનું પુનરાવર્તન ન કરવા જણાવ્યું હતું, જ્યારે પક્ષ અમરેલીમાં તમામ પાંચ વિધાનસભા મતવિસ્તારો હારી ગયો હતો. પાટીલે કહ્યું, "અમે 2022 ની વિધાનસભા ચૂંટણીમાં 156 બેઠકો જીતી હતી. અમે ખૂબ હિંમતથી પીઠ થપથપાવી હતી.

પરંતુ (ભાજપની) રાષ્ટ્રીય કાર્યકારિણીમાં જ્યારે ગુજરાતના પરિણામો વિશે વાત કરવાનો સમય આવ્યો ત્યારે મારા પ્રથમ શબ્દો એજ હતા કે ભલે મારી આંખમાં આંસુ ન હોય, પરંતુ મારું હૃદય રડી રહ્યું છે કારણ કે અમે 26 બેઠકો ગુમાવી છે. દરેક વ્યક્તિ વિચારે છે કે, જીત અને હાર ચૂંટણીની રાજનીતિનો અભિન્ન ભાગ છે. પરંતુ હાર અમને સ્વીકાર્ય નથી અને ચોક્કસપણે નાની ભૂલને કારણે તો નહી જ".

### 18,778 શિક્ષકોએ...

શિક્ષકોમાંથી 15 ટકા શિક્ષકો ગણિત અને સાયન્સ વિષયના હોય છે.

વિદ્યાર્થીઓને જ્યારે પોતાના ગુણ ઓછા લાગે અને પેપરના રિચેકિંગ માટે અરજી કરે ત્યારે આ ભૂલો બહાર આવે છે. આ વર્ષે લગભગ 75,000 શિક્ષકોએ ધોરણ 10 અને 12ની બોર્ડની એક્ઝામની લગભગ 81 લાખ આન્સર શીટની ચકાસણી કરી હતી. બોર્ડ દ્વારા રેન્ડમ રીતે રિવ્યૂ કરવામાં આવે ત્યારે શિક્ષકોની ભૂલો બહાર આવતી હોય છે.

ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડના વાઈસ ચેરમેન દિનેશ પટેલ કહે છે કે પેપર ચકાસણીમાં ભૂલો કરનારા શિક્ષકોને બોલાવવામાં આવે છે અને તેમને દંડ કરાય છે. તેમનો દાવો છે કે શિક્ષકો દ્વારા આ ભૂલો ઈરાદા વગર થયેલી હોય છે. સારી વાત એ છે કે ગયા વર્ષે આવી ભૂલોનું પ્રમાણ ઘટ્યું હતું.

અનુસંધાન પેજ 10 પરથી...

### ડોન ઔર ડીપફેક

આ ઉકેલ ફૂલપ્રૂફ છે કે કેમ. સવાલનો જવાબ છે-આનાથી કંઈ થશે નહીં. વોટરમાર્કિંગ ત્યારે કામમાં આવશે જ્યારે કોઈ મોટી કંપની મોટા પ્રમાણમાં વીડિયોનું નિર્માણ કરી રહી હોય. આ એક ઓપન-એન્ડેડ ટેક્નોલોજી છે, તેથી કોઈપણ વ્યક્તિ આ ડીપફેક બનાવી શકે છે. સોશિયલ મીડિયા પર તમે જે વીડિયો જુઓ છો તેમાંથી મોટાભાગના બ્લેક માર્કેટમાંથી આવે છે.

શું ગામમાં બેઠેલા મતદાર ડીપફેક વિડિયોને પકડવા સક્ષમ છે? કોઈ રસ્તો નથી. દેશમાં એવા કરોડો લોકો છે જે ફક્ત કોલ કરવા માટે જ મોબાઈલ ફોનનો ઉપયોગ કરે છે. તેઓ WhatsAppનો યોગ્ય રીતે ઉપયોગ કેવી રીતે કરવો તે પણ જાણતા નથી. તેઓ માત્ર સોશિયલ મીડિયા પર રીલ્સ જુએ છે.

સામાન્ય માણસ માટે ડીપફેક વિડીયો જોવો ખૂબ જ મુશ્કેલ છે.શું ભારતમાં કાયદો ડીપફેક સામે લડવા સક્ષમ છે? જવાબ છે- ના. ભારતમાં હાલમાં એવો કોઈ કાયદો નથી કે જે ડીપફેકને વ્યાખ્યાયિત કરે. આવા કિસ્સાઓમાં, ફક્ત IT એક્ટ લાગુ પડે છે, જે ડીપફેક માટે પૂરતું નથી.

# SBIની 'અમૃત-કળશ' યોજનામાં 31 સપ્ટે.સુધી રોકાણ કરી શકાશે

## ■ સીનિયર સિટિઝનને 7.60% અને અન્યને 7.10% વાર્ષિક વ્યાજ મળી રહ્યું છે

ગુજરાત | વંદન

ભારતીય સ્ટેટ બેંક એ તેની સ્પેશિયલ ફિક્સ્ડ ડિપોઝિટ યોજના અમૃત કળશમાં રોકાણ કરવાની છેલ્લી તારીખ લંબાવી છે. હવે તમે તેમાં 31 સપ્ટેમ્બર 2024 સુધી રોકાણ કરી શકશો. અગાઉ તેની છેલ્લી તારીખ 31 માર્ચ હતી. આ યોજના હેઠળ સીનિયર સિટિઝનને FD પર 7.60% વાર્ષિક વ્યાજ અને અન્ય લોકોને 7.10% વ્યાજ આપવામાં આવે છે. આ ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમમાં વ્યક્તિએ 400 દિવસ માટે રોકાણ કરવાનું હોય છે. મોટાભાગે વરિષ્ઠ નાગરિકો સુરક્ષિત અને નિશ્ચિત આવકનાા હેતુ સાથે બેન્ક એફડીમાં રોકાણ કરવાનું પસંદ કરતાં હોય છે. બેન્ક એફડી સૌથી સુરક્ષિત રોકાણ માધ્યમ છે.

બેન્ક એફડી મારફત વધુ વ્યાજ મેળવવા માગતા રોકાણકારો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI)ની આ ખાસ યોજનામાં રોકાણ કરી શકે છે. એસબીઆઈની સ્પેશિયલ ફિક્સ ડિપોઝિટ સ્કીમ અમૃત કળશમાં રોકાણ કરવાની તક 30 સપ્ટેમ્બર સુધી મળશે. જેમાં વરિષ્ઠ નાગરિકોને વાર્ષિક 7.60 ટકા અને અન્યને 7.10 ટકા વ્યાજ મળવાપાત્ર છે. આ ફિક્સ ડિપોઝિટ સ્કીમમાં 400 દિવસ માટે રોકાણ કરવાનું રહે છે. મોટાભાગે વરિષ્ઠ નાગરિકો સુરક્ષિત અને નિશ્ચિત આવકનાા હેતુ સાથે બેન્ક એફડીમાં રોકાણ કરવાનું પસંદ કરતાં હોય છે. બેન્ક એફડી સૌથી સુરક્ષિત રોકાણ માધ્યમ છે.




અમૃત કળશ એ સ્પેશિયલ રિટેલ ટર્મ ડિપોઝિટ એટલે કે FD છે. જેમાં સીનિયર સિટિઝનને 7.60% અને સામાન્ય નાગરિકોને 7.10%ના દરે વ્યાજ મળે છે. આમાં તમે વધુમાં વધુ 2 કરોડ રૂપિયાની FD કરી શકો છો. અમૃત કળશ યોજના હેઠળ, તમને દર મહિને, ત્રિમાસિક અને દર 6 મહિને વ્યાજ ચૂકવવામાં આવે છે. તમે તમારી અનુકૂળતા મુજબ FD વ્યાજની ચુકવણી નક્કી કરી શકો છો

આ યોજનામાં રોકાણ કરવા માટે, તમે બેંક શાખામાં પણ જઈ શકો છો. તેમજ, નેટ બેંકિંગ અને SBI YONO એપ દ્વારા પણ રોકાણ કરી શકાય છે. સામાન્ય FDની જેમ અમૃત કળશ પર પણ લોન લેવાની સુવિધા મળે છે. SBI બીજી સ્પેશિયલ ટર્મ ડિપોઝિટ (FD) સ્કીમ 'વીકેર' પણ ચલાવી રહી છે. SBIની આ સ્કીમમાં વરિષ્ઠ નાગરિકોને 5 વર્ષ કે તેથી વધુ સમયગાળાની થાપણો (FD) પર 50 બેસિસ પોઈન્ટનું વધારાનું વ્યાજ મળશે. વરિષ્ઠ નાગરિકોને 5 વર્ષથી ઓછી રિટેલ ટર્મ ડિપોઝિટ પર સામાન્ય લોકો કરતાં 0.50% વધુ વ્યાજ મળે છે.

'વીકેર ડિપોઝિટ' યોજના હેઠળ, 5 વર્ષ કે તેથી વધુની FD પર 1% વ્યાજ મળશે. જો કે, પાકતી મુદત પહેલા ઉપાડ પર કોઈ વધારાનું વ્યાજ આપવામાં આવશે નહીં. હવે તમે આમાં પણ 31 સપ્ટેમ્બર 2024 સુધી રોકાણ કરી શકશો.આ યોજનામાં રોકાણ કરવા માટે તમે બેન્કની બ્રાન્ચમાં જઈ રોકાણ કરી શકો છો. નેટ બેન્કિંગ અને એસબીઆઈ યોનો મારફત પણ તેમાં રોકાણ કરી શકાય છે. અમૃત કળશ યોજના પર લોન લેવાની સુવિધા પણ મળે છે.

# સ્વિગીએ આઈકોનિક દાલ લેક પર ફૂડ ડિલિવરીની કરી શરૂઆત

## ■ બેંગલુરુ, ભુવનેશ્વર, વિશાખાપટ્ટનમ - વિજયવાડામાં ટ્રેનમાં ભોજન પહોંચાડવાની યોજના

ગુજરાત | વંદન




સ્વિગીએ હવે પાણી પર પણ તેમની ફૂડ ડિલિવરી સેવાઓ શરૂ કરી છે. કંપનીએ તેની શરૂઆત જમ્મુ-કાશ્મીરના શ્રીનગરથી કરી છે. સ્વિગીએ કહ્યું કે કંપનીએ શ્રીનગરના આઈકોનિક દાલ લેક પર હાઉસબોટ સુધી ખોરાક પહોંચાડવા માટે તેમની સેવાઓનો વિસ્તાર કર્યો છે. કંપનીના ડિલિવરી પાર્ટનર્સ આ તરતી હાઉસબોટ્સ સુધી પહોંચવા માટે શહેરની પ્રખ્યાત શિકારા બોટનો ઉપયોગ કરશે. સ્વિગીએ જણાવ્યું હતું કે પ્રવાસી આકર્ષણો પર ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે કંપનીએ શિકારા ઓપરેટર્સ સાથે ભાગીદારી કરી છે. કંપનીની અખબારી યાદી મુજબ આ ઓપરેટરોને વિસ્તૃત ડિલિવરી સમય માટે પણ વળતર આપવામાં આવે છે.

સ્વિગી ફૂડના નેશનલ હેડ ઓફ બિઝનેસ સિદ્ધાર્થ ભાકુએ જણાવ્યું હતું કે, "'Swiggy હાઉસબોટ ડિલિવરી' એ ગ્રાહકના સ્થાનને ધ્યાનમાં લીધા વિના સેવાઓ પહોંચાડવાના કંપનીના મિશનનો પુરાવો છે. સ્વિગીએ 2022માં શ્રીનગરમાં કામગીરી શરૂ કરી હતી. કંપનીના પ્લેટફોર્મ પર શ્રીનગરની 300થી વધુ રેસ્ટોરાં સામેલ છે.

સ્વિગી ચાર શહેર - બેંગલુરુ, ભુવનેશ્વર, વિશાખાપટ્ટનમ અને વિજયવાડામાં લોકોને ટ્રેનમાં ભોજન પહોંચાડવા માટે ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) સાથે પણ કામ કરી રહી છે. કંપની આગામી છ મહિનામાં આ સેવાને 59 થી વધુ રેલ્વે સ્ટેશનો પર લાવવાની યોજના બનાવી રહી છે, જે પ્રવાસીઓને વધુ ખોરાકના વિકલ્પો પ્રદાન કરશે.

IRCTC બોસ સંજય કુમાર જૈને કહ્યું કે તેઓ પહેલેથી જ લગભગ 350 મોટા સ્ટેશનો પર ફૂડ ડિલિવરી ઓફર કરે છે. જ્યાં ટ્રેનો થોડા સમય માટે રોકાય છે, જેનાથી ખોરાક પહોંચાડવામાં સરળતા રહે છે. આ કરવા માટે તેઓ Zomato સહિત 17 અલગ-અલગ કંપનીઓ સાથે કામ કરે છે. અત્યાર સુધી તેણે કોઈપણ ફરિયાદ વગર દરરોજ 60,000 મુસાફરોને ભોજન વેચીને 30 કરોડ રૂપિયાની કમાણી કરી છે.હાલમાં સ્વિગી ચાર રેલવે સ્ટેશનો પર તેમની સેવા પ્રદાન કરીને શરૂ કરશે. આ બીજી વખત છે જ્યારે IRCTCએ ફૂડ ડિલિવરી સેવા કંપની સાથે ભાગીદારી કરી છે. ગયા વર્ષે, IRCTC એ નવી દિલ્હી, પ્રયાગરાજ, કાનપુર, લખનૌ અને વારાણસીના સ્ટેશનો પર પ્રી-ઓર્ડર કરાયેલ ખોરાક પહોંચાડવા માટે Zomato સાથે કામ કર્યું હતું.

# કાર્બન ડાયોક્સાઈડને દરિયો ગળી જશે..!!!

## ■ પ્રદૂષણ ઘટાડવાની સાથે પૈસાની બચત અને નવી નોકરીઓનું સર્જન...

ગુજરાત | વંદન



સમગ્ર વિશ્વમાં ઈન્ડસ્ટ્રીઝ મોટા પાયે પ્રદૂષણ ફેલાવે છે. તેમાં કાર્બનનો સૌથી વધુ હિસ્સો છે. વિશ્વભરના દેશ 2050 સુધીમાં કાર્બન ઉત્સર્જન ઘટાડાવાના મહત્વકાંક્ષી લક્ષ્ય પર કામ કરી રહ્યા છે. આ દિશામાં વિશ્વની અનેક કંપનીઓ પ્રયોગ કરી રહી છે. કાર્બન પ્રદૂષણ ઘટાડવાનો એક સૌથી અસરકારક ઉપાય કાર્બન કેપ્ચર એન્ડ સ્ટોરેજ (સીસીએસ) છે. તે હેઠળ CO2નું વાતાવરણમાં ઉત્સર્જનને બદલે ખાસ રીતે કેપ્ચર કરવામાં આવે છે અને જમીનની નીચે સ્ટોર કરવામાં આવે છે.

ઈટાલીની એક એનર્જી કંપની એની પ્રદૂષણ ફેલાવનારી ઈન્ડસ્ટ્રીઝમાંથી કાર્બન ડાયોક્સાઈડને લઈને જૂના પ્રાકૃતિક ગેસ ભંડારમાં સ્ટોર કરવા માટે પાઈપલાઈનનું એક નેટવર્ક બનાવવાની યોજના પર કામ કરી રહી છે. એનીનો દાવો છે કે આ કાર્બન કેપ્ચર અને સ્ટોરેજ પ્રક્રિયાથી મોટા પાયે પ્રદૂષણ ઘટાડવામાં, બચત કરવામાં તેમજ નવી નોકરીનું સર્જન કરવામાં મદદ મળશે. આ કંપની પહેલાથી જ ક્રૂડ અને ગેસના વેચાણના ક્ષેત્રમાં કામ કરી રહી છે પરંતુ ક્લાઈમેટ ચેન્જની ચિંતાઓને કારણે તેને પોતાનું ભવિષ્ય અનિશ્ચિત નજરે પડી રહ્યું છે.

કંપની કેસલબોરસેટીમાં ગેસ પ્રોસેસિંગ પ્લાન્ટમાંથી નીકળતા અંદાજે અડધા કાર્બન ડાયોક્સાઈડને કેપ્ચર કરવા માટે અંદાજે 100 મિલિયન યુરો (અંદાજે 903 કરોડ રૂપિયા) ખર્ચ કરી રહી છે. કામ અનેક હદ સુધી પૂર્ણ થઈ ચૂક્યું છે અને ટૂંક સમયમાં જ કાર્બન ડાયોક્સાઈડને એક નવા કુવાના માધ્યમથી અંદાજે 12 માઈલ દૂર અને દરિયાની સપાટીથી 10,000 ફૂટ નીચે એક ગેસ સેગમેન્ટમાં મોકલવાનું શરૂ કરવામાં આવશે. જો પહેલો તબક્કો સફળ થઈ જશે તો એક મોટી યોજના શરૂ કરવામાં આવશે જેનો પ્રારંભિક ખર્ચ 1.5 અબજ યૂરો (અંદાજે 13,500 કરોડ રૂપિયા) થશે. ઈટલી અને ફ્રાન્સના કારખાનાને જોડવામાં આવશ.

# દેશનું સમગ્ર સ્ટાર્ટઅપ ક્ષેત્ર તેની ચમક ગુમાવી રહ્યું છે

## ■ બાયજુસના અંત સાથે દેશમાં માત્ર 67 યુનિકોર્ન બચ્યા

ગુજરાત | વંદન

BYJU'S એ એક સમયે ભારતના સ્ટાર્ટઅપ ક્ષેત્રનો સૌથી તેજસ્વી તારો હતો, પરંતુ હવે એવું લાગે છે કે માત્ર BYJU'S જ નહીં પરંતુ દેશનું સમગ્ર સ્ટાર્ટઅપ ક્ષેત્ર તેની ચમક ગુમાવી રહ્યું છે. ભારતમાં એક પછી એક ઘણી સ્ટાર્ટઅપ કંપનીઓ મરી રહી છે. તેની પાછળ ઘણા કારણો છે જેમ કે મૂડીનો અભાવ, સ્થાપકો અને રોકાણકારો વચ્ચે તણાવ, છટણી વગેરે. તેથી જ હવે દેશમાં માત્ર 67 યુનિકોર્ન બચ્યા છે, જેમની સંખ્યા એક સમયે 100 થી વધુ હતી.

એક અબજ ડોલરથી વધુ મૂલ્યાંકન ધરાવતી કંપનીઓને 'યુનિકોર્ન' કહેવામાં આવે છે. હુરુન, એક સંસ્થા જે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદી તૈયાર કરે છે, તે વૈશ્વિક યુનિકોર્ન ઈન્ડેક્સ 2024 પણ પ્રકાશિત કરે છે. આ મુજબ, 2023માં ભારતમાં માત્ર 67 યુનિકોર્ન બનાવવામાં આવશે, જે ગયા વર્ષની સરખામણીમાં 68 ઓછા છે. જોકે, રાહતની વાત એ છે કે ભારત હજુ પણ અમેરિકા અને ચીન પછી ત્રીજા નંબરનું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ હબ છે.



ભારતની સૌથી મોટી સ્ટાર્ટઅપ કંપની Byju's આ સમયે માત્ર રોકડની તંગીનો સામનો કરી રહી નથી. હકીકતમાં, તેના સ્થાપકો અને રોકાણકારો વચ્ચે લાંબા સમયથી તણાવ ચાલી રહ્યો છે. તે જ સમયે, તેના ટ્યુશન કેન્દ્રો અને પ્રાદેશિક કચેરીઓ પણ એક પછી એક બંધ કરવામાં આવી રહી છે. છટણી પણ અમર્યાદિત કરવામાં આવી છે અને કંપનીના સ્થાપક બાયજુ રવિન્દ્રનની નેટવર્થ લગભગ શૂન્ય પર આવી ગઈ છે.

એડટેક કંપની બાયજુએ હવે તેનો યુનિકોર્નનો દરજ્જો ગુમાવ્યો છે. એક વર્ષ પહેલા બાયજુનું વેલ્યુએશન 22 બિલિયન ડોલરથી વધુ હતું, પરંતુ હવે તેનું વેલ્યુએશન એટલું ઘટી ગયું છે કે હવે તે એક બિલિયન ડોલરથી પણ ઓછું છે. હુરુનના અહેવાલમાં જણાવાયું છે કે બાયજુના મૂલ્યાંકનમાં આ મોટા ઘટાડાથી તે વિશ્વના કોઈપણ સ્ટાર્ટઅપની સરખામણીમાં સૌથી મોટા ઘટાડા સાથે કંપની બની ગઈ છે.

બાયજુ વિશે ટિપ્પણી કરતા, હુરુન રિપોર્ટના અધ્યક્ષ અને મુખ્ય સંશોધક રુપર્ટ હૂગેવર્ફે જણાવ્યું હતું કે કેટલાક સ્ટાર્ટઅપ્સ વાસ્તવમાં નિષ્ફળ જાય છે. આ સમય દરમિયાન તેઓ પણ મોટા પાયે મીડિયાનું ધ્યાન આકર્ષિત કરે છે. જોકે આવી કંપનીઓ અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ છે.

હુરુનના રિપોર્ટ અનુસાર, ફૂડ ડિલિવરી કંપની સ્વિગી અને ફેન્ટેસી ગેમિંગ ફર્મ ડ્રીમ11 ભારતના સૌથી મૂલ્યવાન યુનિકોર્ન છે. તેમની કિંમત દરેક આઠ અબજ ડોલર છે. આ પછી રેઝરપે આવે છે જેની કિંમત 7.5 અબજ ડોલર છે. વૈશ્વિક સ્તરે, સ્વિગી 83મા સ્થાને છે જ્યારે રેઝરપે 94મા સ્થાને છે.

હુરુન ઈન્ડિયાના મુખ્ય સંશોધક અનસ રહેમાન જુનૈદે જણાવ્યું હતું કે 1,453 યુનિકોર્નની યાદીમાં ભારતીય કંપનીઓની સંખ્યામાં એકંદરે ઘટાડો શેરબજારમાં સારો ફાયદો હોવા છતાં સ્ટાર્ટઅપ સેગમેન્ટમાં રોકાણનો અભાવ દર્શાવે છે. ભારતીય સહ-સ્થાપકોમાં વિદેશમાં કંપની શરૂ કરવાનો ટ્રેન્ડ વધ્યો છે. ભારતીય સ્થાપકોએ દેશની બહાર 109 યુનિકોર્ન શરૂ કર્યા, જ્યારે દેશની અંદર તેમની સંખ્યા 67 હતી.

# હવે સિંગાપોરમાં UPI દ્વારા પેમેન્ટ કરી શકાશે

## ■ 'PhonePe'અને ટૂરિઝમ બોર્ડ સાથે કરાર થયા

ગુજરાત | વંદન




PhonePe યુઝર્સ હવે UAE પછી સિંગાપોરમાં યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસનો ઉપયોગ કરી શકશે. આ માટે PhonePe એ સિંગાપોર ટૂરિઝમ બોર્ડ સાથે હાથ મિલાવ્યા છે.

PhonePe યુઝર્સ સિંગાપોરમાં UPI પેમેન્ટ કરી શકશે, ટૂરિઝમ બોર્ડ સાથે કરાર કરવામાં આવ્યો છે. તાજેતરમાં, UAE માં તેની હાજરી અનુભવ્યા પછી, ભારતીય ફિનટેક કંપની PhonePe પણ સિંગાપોરમાં પ્રવેશી છે. PhonePe વપરાશકર્તાઓ હવે સિંગાપોરમાં પણ યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) નો ઉપયોગ કરી શકે છે. આ માટે PhonePe એ સિંગાપોર ટૂરિઝમ બોર્ડ સાથે હાથ મિલાવ્યા છે. આ સાથે, ભારતીય મુલાકાતીઓ હવે સિંગાપોરમાં 8,000 થી વધુ વેપારીઓને પળવારમાં ચુકવણી કરી શકશે.

PhonePeના ઈન્ટરનેશનલ બિઝનેસના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર રિતેશ પાઈએ જણાવ્યું હતું કે, "STB સાથે ભાગીદારી PhonePe વપરાશકર્તાઓ માટે વ્યવહારોમાં સરળતા લાવશે. તેઓ હવે સિંગાપોરની મુલાકાત લેતી વખતે QR કોડ સ્કેન કરીને તેમના વર્તમાન બેંક ખાતામાંથી સીધા જ ચુકવણી કરી શકે છે."

નોંધનીય છે કે યુઝર્સને PhonePe દ્વારા UPI ટ્રાન્ઝેક્શન પર કોઈ વધારાનો ચાર્જ ચૂકવવો પડશે નહીં. પરંતુ બેંકો આંતરરાષ્ટ્રીય વ્યવહારો અથવા ચલણના રૂપાંતરણ માટે કોઈપણ ફી વસૂલી શકે છે. આ ફી વર્તમાન વિનિમય દરોના આધારે બદલાઈ શકે છે.

# નોકરી બદલો ત્યારે પીએફના પૈસા આપોઆપ ટ્રાન્સફર થશે

## ■ પ્રોવિડન્ટ ફંડના નિયમોમાં થયા ફેરફાર

ગુજરાત | વંદન




એક કંપનીમાંથી બીજી કંપનીમાં સ્વિચ કરતી વખતે PF ટ્રાન્સફર કરવુ એ કર્મચારીઓ માટે મોટી સમસ્યા બની જાય છે. પરંતુ હવે નોકરી બદલ્યા બાદ પીએફ ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા ખૂબ જ સરળ બની ગઈ છે. PF (પ્રોવિડન્ટ ફંડ) સંબંધિત નવો નિયમ 1 એપ્રિલ, 2024 થી અમલમાં આવ્યો છે. જો તમે પણ એવા લોકોમાંથી છો કે જેઓ નોકરી બદલવાનું વિચારી રહ્યા છે અથવા તો તમે પહેલીવાર નોકરી બદલી છે, તો આ નિયમ જાણવો જરૂરી છે.

અત્યાર સુધી નોકરી બદલતી વખતે, જૂની કંપનીમાં પીએફના પૈસા નવા ખાતામાં ટ્રાન્સફર કરવા માટે એક ફોર્મ ભરવું પડતું હતું. પરંતુ હવે આવું કરવું પડશે નહીં. હા, હવે જ્યારે તમે નોકરી બદલો છો, ત્યારે તમારા પીએફના પૈસા આપોઆપ ટ્રાન્સફર થઈ જશે.

એક કંપનીમાંથી બીજી કંપનીમાં નોકરી બદલવા પર, પીએફના પૈસા આપોઆપ ટ્રાન્સફર થઈ જશે. હવે આ માટે ફોર્મ 31 બદલવાની જરૂર રહેશે નહીં. જો તમે નાણાકીય વર્ષ 2024-25 માં નોકરી બદલો છો, તો પીએફના નાણાં આપમેળે ટ્રાન્સફર થઈ જશે.

EPF એ એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનના કાર્યક્ષેત્ર હેઠળની કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓ માટે બચત યોજના છે. EPF સ્કીમ મુજબ, કર્મચારી અને કંપની (એમ્પ્લોયર) બંનેએ આ સ્કીમમાં સમાન રકમ જમા કરાવવાની હોય છે. કોઈપણ કર્મચારી નિવૃત્તિ પર આ પૈસા એકસાથે ઉપાડી શકે છે.

# ADBએ ભારતનો જીડીપી વૃદ્ધિ દર 7 ટકા પર રાખ્યો..

## ■ જાહેર-ખાનગી ક્ષેત્રમાં રોકાણ અને ઉપભોક્તા માંગમાં સુધારો જોવાયો

ગુજરાત | વંદન




એશિયન ડેવલપમેન્ટ બેંકએ ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતની ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ વૃદ્ધિને વધુ સારી ગણાવી છે. વિકાસ બેંકે તેની આગાહી 6.7 ટકાથી વધારીને 7 ટકા કરી છે. બેંકનું કહેવું છે કે ભારતમાં જાહેર અને ખાનગી ક્ષેત્રની રોકાણ માંગ અને ઉપભોક્તા માંગમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે. જો કે, 2024-25 માટે વૃદ્ધિનો અંદાજ 2022-23 નાણાકીય વર્ષ માટે અંદાજિત 7.6 ટકા કરતાં ઓછો છે. ADBએ જણાવ્યું હતું કે મજબૂત રોકાણે 2022-23 ના નાણાકીય વર્ષમાં જીડીપી વૃદ્ધિ તરફ દોરી છે.

આગામી વર્ષોમાં નિકાસને વેગ આપવા માટે ભારતને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓમાં વધુ એકીકરણની જરૂર છે. આર્થિક વર્ષ 2025માં પણ વૃદ્ધિ દરમાં સુધારો થવાની અપેક્ષા છે.'નાણાકીય વર્ષ 2023માં બાંધકામ ક્ષેત્ર અને સેવાઓ મજબૂત થઈ છે અને અર્થવ્યવસ્થાનો ઝડપથી વિકાસ થયો છે. આનાથી આગાહીમાં સુધારો થવાની અપેક્ષા છે. ભારતની વૃદ્ધિ મુખ્યત્વે મજબૂત રોકાણની માંગ અને ઉપભોક્તા માંગમાં સુધાર દ્વારા સંચાલિત થશે. શુક્રવારે જાહેર કરાયેલ એશિયન ડેવલપમેન્ટ આઉટલુકની એપ્રિલ એડિશનમાં જણાવવામાં આવ્યું હતું કે વૈશ્વિક પ્રવાહોને અનુરૂપ ફુગાવો સતત ઘટતો રહેશે. તેમાં કહેવામાં આવ્યું છે કે 'મોનેટરી પોલિસી મોંઘવારી ઘટવાથી વૃદ્ધિને ટેકો આપશે તેવી અપેક્ષા છે.

# સેબીએ યુટ્યૂબરને ફટકારી રૂપિયા 12 કરોડની પેનલ્ટી

## ■ ફિનફ્લૂઅન્સર અને યૂટ્યૂબર રવીન્દ્ર બાલુ ભારતી પર પ્રતિબંધ

ગુજરાત | વંદન



સેબીએ યુટ્યૂબ ફિનફ્લૂઅન્સર અને યૂટ્યૂબર રવીન્દ્ર બાલુ ભારતી દ્વારા સ્થપાયેલા રવીન્દ્ર ભારતી એજ્યૂકેશન ઈન્સ્ટિટ્યૂટને સિક્યુરિટીઝ માર્કેટમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકી દીધો છે અને ગેરકાયદેસર રીતે ઈન્વેસ્ટમેન્ટ એડવાઈરી બિઝનેસથી કમાયેલા નફાની વસૂલાત પેટે રૂ 12 કરોડ જમા કરાવવા આદેશ કર્યો છે. આ રકમ નેશનલાઈઝ્ડ બેન્કના એસ્કો એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.

સેબીએ રવીન્દ્ર બાલુ ભારતી, તેમની પત્ની શુભાંગી રવીન્દ્ર ભારતી અને ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર્સ-રાહુલ અનંત ગોસાવી અને ધનશ્રી ચંદ્રકાંત ગોસાવીને પણ સિક્યુરિટીઝ માર્કેટથી દૂર રહેવાનો આદેશ કર્યો છે. સેબી સમક્ષ રજિસ્ટર્ડ કોઈપણ ઈન્ટરમીડિયરી સાથે પણ તેઓ જોડાઈ નહીં શકે.

રવીન્દ્રનું આ ઈન્સ્ટિટ્યૂટ રોકાણકારોને શેરની ખરીદી, વેચાણ સહિતની તાલીમ આપવાનું કામ કરતું હતું. જોકે આ સાથે તેણે ગેરકાયદેસર રીતે રોકાણકારોને એડવાઈઝરી સર્વિસ આપવાનું કામ શરૂ કરી દીધું હતું. તેમને 25 ટકાથી લઈને 1000 ટકા સુધીનું ખાતરીબદ્ધ વળતરની ગેરેન્ટી પણ આપવામાં આવી હતી. રવીન્દ્ર ઈન્સ્ટિટ્યૂટે એડવાઈઝરી દ્વારા રૂ 2.03 કરોડની કમાણી કરી હતી. આથી સેબીએ આ રકમની પેનલ્ટી કરીને તે રકમ જમા કરાવવા આદેશ કર્યો છે.

# બ્રિટન, ઓસ્ટ્રેલિયા સહિતના દેશોમાં OLAની સેવા બંધ

ગુજરાત | વંદન




એપ આધારિત ટેક્સી પૂરી પાડતી કંપની ઓલા બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં તેની કામગીરી બંધ કરશે. કંપનીએ કહ્યું છે કે તેણે ભારતના બિઝનેસ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આ નિર્ણય લીધો છે. Ola ના પ્રમોટર ANI Technologies એ જણાવ્યું હતું કે કંપની ભારતમાં વિસ્તરણ માટે ઘણી સંભાવનાઓ જુએ છે. ઓલા મોબિલિટીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "અમારો બિઝનેસ ઝડપથી વધી રહ્યો છે અને અમે ભારતમાં નફાકારક છીએ અને સેક્ટરમાં અગ્રેસર છીએ. ભવિષ્ય માત્ર વ્યક્તિગત પરિવહનમાં જ નહીં પણ ઓનલાઈન ટેક્સી બુકિંગ બિઝનેસમાં પણ ઈલેક્ટ્રિક છે. ઉપરાંત, ભારતમાં વિસ્તરણ માટેની ઘણી તકો છે.

તેમણે કહ્યું, "આ સાથે અમે અમારી પ્રાથમિકતાઓનું પુનઃમૂલ્યાંકન કર્યું છે અને યુકે, ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં વર્તમાન સ્વરૂપે અમારો 'રાઈડ-હેલિંગ' બિઝનેસ બંધ કરવાનો નિર્ણય લીધો છે." તેણે વિવિધ વિસ્તારોમાં કામગીરી શરૂ કરી.

શેરબજારને આપવામાં આવેલી માહિતી અનુસાર, નાણાકીય વર્ષ 2022-23માં ANI ટેક્નોલોજીસની સંકલિત ચોખ્ખી ખોટ ઘટીને 772.25 કરોડ રૂપિયા થઈ ગઈ છે. નાણાકીય વર્ષ 2021-22માં કંપનીને રૂ. 1,522.33 કરોડની એકીકૃત ખોટ થઈ હતી. નાણાકીય વર્ષ 2022-23માં કંપનીની ઓપરેટિંગ આવક લગભગ 48 ટકા વધીને રૂ. 2,481.35 કરોડ થઈ છે જે એક વર્ષ અગાઉ રૂ. 1,679.54 કરોડ હતી.

# જન્મદર ઘટવાથી વર્કફોર્સમાં યુવાઓને બદલે વૃદ્ધોની સંખ્યામાં વધારો

## ■ 2050 સુધી ભારતમાં 30 કરોડની વસતી 60 વર્ષને પાર થઈ જશે...

ગુજરાત | વંદન

વિશ્વભરમાં અત્યારે નિવૃત્તિની ઉંમર 60 વર્ષ અથવા તેની આસપાસ છે. પરંતુ જે રીતે અત્યારે મેડિકલ સાયન્સમાં પ્રગતિ થઈ રહી છે અને જીવન સ્તરમાં સુધારો થઈ રહ્યો છે, તો લોકો હવે પહેલાથી વધુ લાંબા આયુષ્યનો આનંદ માણી રહ્યા છે અને સ્વસ્થ જીવનશૈલી ધરાવે છે. તે ઉપરાંત અત્યારે જીવનનિર્વાહનો ખર્ચ પણ દિવસે દિવસે વધી રહ્યો છે. તેને જોતા વિશ્વભરના અનેક વિશ્લેષકોનું માનવું છે કે હવે નિવૃત્તિની ઉંમર પર ફરીથી વિચાર કરવાનો સમય આવી ગયો છે. માર્ચમાં ઈન્વેસ્ટમેન્ટ ફર્મ બ્લેકરૉકે કંપનીના રોકાણકારો માટે એક વાર્ષિક પત્ર પણ જારી કર્યો હતો.

તેના સીઈઓ લેરી ફિંકે 60ની ઉંમરમાં આરામથી અને આર્થિક રીતે સુરક્ષિત રીતે નિવૃત્ત થવાની આશા રાખી રહેલા કર્મચારીઓને ચેતવણી આપી છે. ફિંક અનુસાર જેમ જેમ ગ્લોબલ લાઈફ એક્સપેટન્સી એટલે કે જીવન જીવવાની સંભાવના વધે છે, સામાજિક સુરક્ષા નબળી થાય છે અને જીવનનિર્વાહનો ખર્ચ પણ વધે છે. ફિંકે ચેતવણી આપી છે કે 65 વર્ષની ઉંમરમાં મહત્તમ લોકો માટે નિવૃત્તિ સંભવ નહીં હોય. ફિંક અનુસાર આરામદાયક આધુનિક રિટાયરમેન્ટ માટે 65ની ઉંમર બાદ કામ જરૂરી છે. કેટલીક સરકાર પહેલાથી જ રિટાયરમેન્ટની ઉંમર 65 અને તેનાથી વધુ કરી રહી છે. મે 2026 અને માર્ચ 2028 વચ્ચે યુકેમાં પેન્શનની ઉંમર 66 થી વધીને 67 થવાની છે.



વર્ષ 2044 તે વધીને 68 થઈ શકે છે. વર્ષ 2000ના દાયકાની શરૂઆતમાં વધતી વૃદ્ધની વસતીને કારણે લેબરની અછતનો સામનો કરી રહેલા થાઈલેન્ડે પ્રાઈવેટ સેક્ટરમાં 55 વર્ષની ઉંમરમાં નિવૃત્ત થનારા વૃદ્ધ શ્રમિકોની કામ પર પરત ફરવા માટેની નીતિ લાગૂ કરી છે. વર્ષ 2000 થી 2019ની વચ્ચે ગ્લોબલ લાઈફ એક્સપેક્ટન્સી 67 થી વધીને 73 વર્ષ થઈ ચૂકી છે. સંયુક્ત રાષ્ટ્ર અનુસાર વર્ષ 2050 સુધી વિશ્વના દરેક છમાંથી એક વ્યક્તિ 65 વર્ષ અથવા તેનાથી વધુ ઉંમરના હશે.

વર્ષ 2011ની વસતી ગણતરીમાં 60થી વધુ ઉંમરના વૃદ્ધોની વસતી ભારતની કુલ વસતીના 8.6% એટલે કે 10.3 કરોડ વૃદ્ધ હતા. વર્ષ 2050 સુધી ભારતમાં 30 કરોડથી પણ વધુ વસતી 60 વર્ષથી ઉપરની હશે. મધ્યપ્રદેશ સહિત અનેક રાજ્યોમાં આરોગ્ય વિભાગ સહિત કેટલાક વિભાગમાં કર્મચારીઓની નિવૃત્તિની ઉંમર 60 થી વધારીને 62 કરવામાં આવી છે.

જેમ જેમ વૃદ્ધોની વસતી વધશે, વિશ્વના મહત્તમ દેશ એવી સ્થિતિમાં પહોંચી જશે જ્યાં નોકરીમાં સામેલ થનારા લોકોની તુલનામાં નિવૃત્ત થનારા લોકોની સંખ્યા વધુ હશે. યુકેમાં વર્ષ 2029માં આ સ્થિતિ આવી શકે છે. બ્રાઝિલમાં આ સ્થિતિનું નિર્માણ 2035માં સંભવ છે. અમેરિકામાં વર્ષ 2053 સુધી આવી સ્થિતિ જોવા મળી શકે છે અને ભારતમાં 2048માં આવી સ્થિતિ સંભવ છે. વૃદ્ધ વસતીને કારણે સમાજ પર આર્થિક બોજ વધે છે એટલે અનેક દેશોએ પોતાના વર્કફોર્સમાં કામકાજના જીવનને લાંબુ કરવાના ઉદ્દેશ્યથી નિવૃત્તિની ઉંમર વધારવાની નીતિ લાગૂ કરવાનું શરૂ કર્યું છે.

# ઈક્રાએ બેન્કિંગ ક્ષેત્રનું આઉટલુક પોઝિટિવ પરથી સ્ટેબલ કર્યું

ગુજરાત | વંદન

રેટિંગ એજન્સી ઈક્રા દ્વારા નાણાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે દેશના બેન્કિંગ ક્ષેત્રનું આઉટલુક પોઝિટિવ પરથી ઘટાડી સ્ટેબલ કરાયું છે. બેન્કોની ધિરાણ વૃદ્ધિ તથા નફાશક્તિ ધીમી પડવાની શકયતાને ધ્યાનમાં રાખી આ ઘટાડો કરાયો હોવાનું એજન્સીએ તેના રિપોર્ટમાં જણાવ્યું હતું. બેન્કિંગ ક્ષેત્રની એકંદર રૂપરેખા મજબૂત રહેવાની ધારણાં વ્યકત કરવામાં આવી છે.

ચાલુ નાણાં વર્ષમાં ધિરાણ વૃદ્ધિ તથા નફાશક્તિ ધીમી પડશે. થાપણ મેળવવામાં રહેલા પડકારો તથા નિયમનકારી પગલાં કન્ઝયૂમર ક્રેડિટમાં વૃદ્ધિને મંદ પાડી શકે છે.

એકંદર રીતે નાણાં વર્ષ ૨૦૨૪માં ધિરાણ વૃદ્ધિ ઓલ ટાઈમ હાઈ રહી હતી. નાણાં વર્ષ ૨૦૨૪માં ૧૬.૩૦ ટકા સામે નાણાં વર્ષ ૨૦૨૫માં ધિરાણ વૃદ્ધિ મંદ પડી ૧૧.૭૦થી ૧૨.૫૦ ટકા રહેવા અપેક્ષા છે. થાપણ ખર્ચમાં વધારો થતાં છેલ્લા દોઢ વર્ષમાં બેન્કોના માર્જિન પર દબાણ આવ્યું છે. બેન્કોનું થાપણથી ધિરાણનું પ્રમાણ ૨૨મી માર્ચ ૨૦૨૪ના રોજ વધી ૭૮ ટકા રહ્યાનો અંદાજ છે. ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૮માં ૭૭.૯૦ ટકા બાદ આ સૌથી ઊંચુ પ્રમાણ છે. થાપણથી ધિરાણનું ઊંચુ પ્રમાણ બેન્કો સામે પડકારો ઊભા કરી શકે છે, કારણ કે, છેલ્લા બે વર્ષમાં તેમણે મજબૂત ધિરાણ વૃદ્ધિ માટે પોતાની બેલેન્સ શીટસ પરની લિક્વિડિટીને છૂટી કરી છે. વર્તમાન નાણાં વર્ષમાં થાપણથી ધિરાણનું પ્રમાણ ૮૦ ટકા જેટલું ઊંચુ રહેવા ધારણાં છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



# સાપુતારા ગુજરાતનું નયનરમ્ય આહલાદક હિલ સ્ટેશન

એક તરફ ગુજરાત રાજ્યએ તેના ઔદ્યોગિક વિકાસ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નકશા પર સ્થાન બનાવ્યું છે, તો બીજી તરફ તે તેના સુંદર દરિયાકિનારાના કારણે પ્રવાસન નકશા પર ઉભરી રહ્યું છે અને પ્રવાસીઓને આકર્ષી રહ્યું છે. બે જ્યોતિર્લિંગ, સોમનાથ અને નાગેશ્વર અને ભગવાન કૃષ્ણના કાર્યસ્થળ દેવભૂમિ દ્વારકાની હાજરી આ પ્રદેશને ધાર્મિક દૃષ્ટિકોણથી વધુ મહત્ત્વપૂર્ણ બનાવે છે.

સુંદર હિલ સ્ટેશનનું નામ આવતા જ ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરની સુંદર ખીણો આંખો સામે આવી જાય છે. ગુજરાત જેવા લગભગ સૂકા રાજ્યમાં લીલાછમ હિલ સ્ટેશન હોવું એ માત્ર કલ્પના જેવું લાગે છે. પરંતુ એ વાત સાચી છે કે અરબી સમુદ્રના કિનારે આવેલા આ રાજ્યમાં ઘણા સુંદર હિલ સ્ટેશન પણ છે, જેનું પ્રાકૃતિક સૌંદર્ય જોઈને કોઈ પણ વ્યક્તિ અહીં વારંવાર આવવાનું ઈચ્છશે. રાજ્યનો ઔદ્યોગિક અને તકનીકી વિકાસ એ બે પરિબળો છે જેણે અહીંના પ્રવાસન ઉદ્યોગને સૌથી વધુ સકારાત્મક અસર કરી છે.

સાપુતારા એકમાત્ર હિલ સ્ટેશન છે જ્યાં પહોંચવા માટે ગુજરાતના રહેવાસીઓ સૌથી વધુ અનુકૂળ છે. આ હિલ સ્ટેશન વિશે એવી માન્યતા છે કે ભગવાન રામે તેમના વનવાસના 14 વર્ષમાંથી 11 વર્ષ અહીં વિતાવ્યા હતા. સાપુતારા એક ભવ્ય હિલ સ્ટેશન છે જે તેની લીલીછમ ટેકરીઓ, સૂર્યાસ્ત અને સૂર્યોદયના મનોહર દૃશ્યો માટે પ્રવાસીઓને આકર્ષે છે. ચોમાસામાં કુદરતી ઝરણા, ઝાંખી પડેલી ટેકરીઓ, સરોવરોનું ચોખ્ખું પાણી અને ચોમાસાનું આહલાદક વાતાવરણ આ સ્થળની પ્રાકૃતિક સુંદરતામાં વધુ વધારો કરે છે. આ રાજ્યની સાંસ્કૃતિક ઝલક મોનસૂન ફેસ્ટિવલ દરમિયાન જોઈ શકાય છે.

ગુજરાતનું સાપુતારા હિલ સ્ટેશન લીલાછમ ડાંગ જંગલના પટ્ટામાં એક ઉચ્ચપ્રદેશની ટોચ પર સહ્યાદ્રીઓના સ્તરો વચ્ચે આવેલું છે. ભારતના પશ્ચિમ કિનારે આવેલી પર્વતમાળાને પશ્ચિમ ઘાટ અથવા સહ્યાદ્રી કહેવામાં આવે છે. આ પર્વતમાળા ડેક્કન ઉચ્ચપ્રદેશની પશ્ચિમી ધાર સાથે ઉત્તરથી દક્ષિણ તરફ 1600 કિલોમીટર લાંબી છે. તે જૈવિક વિવિધતાના સંદર્ભમાં વિશ્વમાં 8મા ક્રમે છે. તે ગુજરાતથી શરૂ થાય છે અને કન્યાકુમારીમાં સમાપ્ત થાય છે. વર્ષ 2012 માં, યુનેસ્કોએ પશ્ચિમ ઘાટ ક્ષેત્રમાં 39 સ્થાનોને વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ તરીકે જાહેર કર્યા. હિલ સ્ટેશન હોવાના કારણે સ્થાનિક અને આસપાસના વિસ્તારોમાંથી પ્રવાસીઓની અવરજવર આખું વર્ષ ચાલુ રહે છે કારણ કે ઉનાળામાં પણ જ્યાં અમદાવાદ અને વડોદરા જેવા સ્થળો ગરમીના કારણે સળગતા હોય છે ત્યાં પણ અહીંનું તાપમાન 25 થી 28 ડિગ્રી સેલ્સિયસ રહે છે. ભારે ચોમાસું (જુલાઈથી સપ્ટેમ્બર) વરસાદ સાપુતારાની કુદરતી સંપત્તિને નવજીવન આપે છે. દૂર-દૂર સુધી પહાડીઓ પર હરિયાળીની ચાદર પથરાયેલી જોઈ શકાય છે. શિયાળામાં અહીંનું તાપમાન ઘણું ઓછું રહે છે.

સાપુતારામાં અને તેની આસપાસ જોવા માટે ઘણા રમણીય સ્થળો છે જે ડોન હિલ્સ, વિલ્સન હિલ્સ, અહીંનો સૂર્યોદય અને સૂર્યાસ્ત, સ્વચ્છ પાણીના તળાવો, ધોધ, મુલાકાત લેવા જેવા સ્થળો જેવા પ્રકૃતિની ગોદમાં સમય પસાર કરવાનું પ્રવાસીઓનું સ્વપ્ન પૂર્ણ કરી શકે છે. જેમ કે સપ્તશ્રૃંગી દેવી મંદિર, ગંધર્વપુર કલાકાર ગામ, ગીરા ધોધ, નાગેશ્વર મહાદેવ મંદિર, રોઝ ગાર્ડન, સાપુતારા ટ્રાઈબલ મ્યુઝિયમ, સ્ટેપ ગાર્ડન, હટાગઢ કિલ્લો પ્રવાસીઓને કંટાળો આવવા દેતા નથી. આ ઉપરાંત અહીંની પહાડીઓનું મનોહર દૃશ્ય જોવા માટે ઘોડેસવારી, ઊંટની સવારી, પેડલ બોટિંગ, રોક ક્લાઈમ્બિંગ અને કેબલ કાર રાઈડનો આનંદ લઈ શકાય છે.

અમદાવાદ, વડોદરા અને સુરતથી બસ અથવા ટેક્સી દ્વારા સાપુતારા પહોંચી શકાય છે. નજીકનું રેલ્વે સ્ટેશન બીલીમોરા છે. સુરત, અમદાવાદ અને વડોદરાથી બીલીમોરા સ્ટેશનનું અંતર અનુક્રમે 50 મિનિટ, 2.5 કલાક અને 4.25 કલાક છે અને સાપુતારા બીલીમોરાથી બસ અથવા ટેક્સી દ્વારા પહોંચી શકાય છે. નજીકના એરપોર્ટ વડોદરા અને સુરત છે.

# શું ઓરલ હાઈજીન માટે માત્ર બ્રશ કરવું પૂરતું ?



આપણે બધા આપણા દાંત સાફ કરવાનું મહત્વ જાણીએ છીએ. પરંતુ દાંત અને પેઢાને સ્વસ્થ રાખવા માટે એકલું બ્રશ કરવું પૂરતું નથી? પૂણેની એક મધર એન્ડ ચાઈલ્ડ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના દંત ચિકિત્સક, કન્સલ્ટન્ટ પીડિયાટ્રિક ડેન્ટિસ્ટએ સમજાવ્યું કે શા માટે સારી રીતે ઓરલ હાઈજીન નિયમિત કરવું જરૂરી છે.

દંત ચિકિત્સક કહે છે “સ્વસ્થ મોં, સ્વસ્થ તમે!” બ્રશિંગ અને ફ્લોસિંગ બ્રિથિંગને ફ્રેશ રાખવાની સાથે તે બેક્ટેરિયા સામે લડે છે જે લોહીના પ્રવાહમાં પ્રવેશી શકે છે અને હૃદયરોગ, સ્ટ્રોક અને સગર્ભાવસ્થાના કોમ્પ્લિકેશન જેવી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓમાં અસરકારક થઈ શકે છે. સારી મૌખિક સ્વચ્છતા ડાયાબિટીસને કંટ્રોલ કરવામાં પણ મદદ કરે છે અને તમારી રોગપ્રતિકારક શક્તિને વેગ આપે છે.”

બાળકો માટે ઓરલ હાઈજીન ખાસ કરીને મહત્વનું છે. “દાંતની યોગ્ય સ્વચ્છતા રાખવામાં ન આવે તો બાળકની રોગપ્રતિકારક શક્તિને નબળી બનાવી શકે છે, જે નિર્ણાયક વર્ષો દરમિયાન તેમના વિકાસને અવરોધે છે, યોગ્ય ઓરલ હાઈજીન બાળકોને યોગ્ય પોષણ પ્રાપ્ત કરવામાં અને વિકસાવવામાં પણ મદદ કરે છે. સારી મૌખિક સ્વચ્છતાની આદતો વહેલી તકે શરૂ કરવી એ જીવનભર તંદુરસ્ત દાંત અને પેઢાં માટે જરૂરી છે.

**ફ્લોસિંગઃ** દરરોજ ફ્લોસિંગ કરવાથી દાંતની વચ્ચેના ભાગો રહેલ ખોરાકના કણોને દૂર કરે છે, જે વિસ્તારોમાં ટૂથબ્રશ પહોંચી શકતું નથી.

**નિયમિત ડેન્ટલ ચેક-અપ્સઃ** ઓરલ હાઈજીન માટે તમારા ડેન્ટિસ્ટ દ્વારા પ્રોફેશનલ ક્લિનીંગ અને ચેકઅપ મહત્વપૂર્ણ છે. ડેન્ટિસ્ટ ગંભીર સમસ્યાઓને અટકાવીને સમસ્યાઓને વહેલી તકે શોધી અને સારવાર કરી શકે છે.

**હાઇડ્રેશનઃ** હાઈડ્રેટેડ રહેવાથી લાળના પ્રવાહને કંટ્રોલ કરવામાં મદદ મળે છે, જે કુદરતી રીતે બેક્ટેરિયાને ધોઈ નાખે છે.

**જીભની સફાઈઃ** તમારી જીભને ભૂલશો નહીં! બેક્ટેરિયા જીભ પર જમા થઈ શકે છે, જે શ્વાસની દુર્ગંધમાં ફાળો આપે છે. તમારી જીભને હળવેથી બ્રશ કરવાથી અથવા જીભ સ્ક્રેપરનો ઉપયોગ કરવાથી બેક્ટેરિયા દૂર કરવામાં મદદ મળે છે.

તમારા રૂટિનમાં બ્રશિંગ, ફ્લોસિંગ, જીભની સફાઈ, માઉથવોશ અને ડેન્ટલ મુલાકાતોનો સમાવેશ કરીને, તમે એક વ્યાપક ઓરલ હાઈજીન પ્લાન બનાવી શકો છો જે તમારા સ્મિતને ચમકદાર અને તમારા શ્વાસને ફ્રેશ રાખે છે. યાદ રાખો, સ્વસ્થ મોં એ એકંદર સુખાકારીનો પાયો છે. તેથી, તમારી ઓરલ હાઈજીનને ધ્યાનમાં રાખી 2 ટાઈમ બ્રશ કરો અને જરૂર પડે તો ડેન્ટીસની મુલાકાત લો.

# ઉનાળો આવ્યો.. કેરી આવી.. પણ ખાતા પહેલા આટલી કાળજી લેવી જોઈએ



ઉનાળાની સીઝનની શરૂઆત થઈ છે. આ ઋતુ એટલે અસહ્ય ગરમીની ઋતુ! પરંતુ ઉનાળાની ખાસિયત એ છે કે કેરીઓ ભરપૂર આવે છે, જેમ કે દશેરી, કેસરથી માંડીને હાપુસ સુધી વિવિધ વેરાયટીઓની કેરી આવે છે. પરંતુ કેરીની હેલ્થ પર અસર, તે કૃત્રિમ રીતે પાકી છે કે કેમ તે કેવી રીતે ખબર પડે? અને તેને ખાઈ લેતા પહેલા એક કલાક માટે પાણીમાં પલાળી રાખવી કે કેમ?

કેરીને માત્ર એક કલાક માટે પલાળી રાખવાથી ફાયટીક એસિડનું લેવલ નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે, જે ખનિજના શોષણને અટકાવે છે. આ પ્રક્રિયા જરૂરી છે કારણ કે ફાયટીક એસિડ શરીરની આયર્ન, ઝીંક અને કેલ્શિયમ જેવા આવશ્યક ખનિજોને શોષવાની ક્ષમતામાં દખલ કરે છે, જે સમસ્યા ઉભી કરી શકે છે. કેરી પલાળીને 1-2 કલાક પલાળવાથી વધારાનું ફાયટીક એસિડ દૂર કરવામાં આવે છે, જે વધુ સારા પોષક તત્ત્વોના શોષણને પ્રોત્સાહન આપે છે.

પરંતુ જો તમારી પાસે એટલો સમય ન હોય, તો 25-30 મિનિટ માટે કેરીને પાણીમાં રાખવી જોઈએ. પલાળીને ન માત્ર પોષક તત્ત્વોના શોષણમાં વધારો કરે છે, પરંતુ તે વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓને રોકવામાં પણ મદદ કરે છે.જેમ કે ખીલ, ત્વચાની સમસ્યાઓ, માથાનો દુખાવો, કબજિયાત અને આંતરડા સંબંધિત સમસ્યા વગેરે. જાણકારોએ જણાવ્યું કે આયુર્વેદ અને આધુનિક પોષણ બંને કેરીને ખાતા પહેલા પલાળી રાખવાનું સમર્થન કરે છે. આયુર્વેદમાં, કેરીને તેની મીઠાશ અને ઠંડકના ગુણો માટે મૂલ્ય આપવામાં આવે છે, જે શરીરની ગરમીને સંતુલિત કરી શકે છે. પલાળવાથી આ ગુણધર્મોમાં વધારો થાય છે અને હાઈડ્રેશનમાં વધારો કરતી વખતે પાચનમાં મદદ મળે છે.

આધુનિક પોષણના આધારે કેરીને પલાળવાથી તેમાં પાણીના પ્રમાણમાં વધારો થઈ શકે છે, તેને વધુ હાઈડ્રેટ કરી શકાય છે અને ટેક્સચર અને સ્વાદમાં સુધારો થાય છે, આ પ્રથા કેટલાક લોકો માટે પાચનમાં પણ મદદ કરી શકે છે. પરંતુ તમને યોગ્ય લાગે તેવી પદ્ધતિ પણ પસંદ કરી શકો છો.કેરીનો ઉપયોગ કરતા પહેલા વ્યક્તિગત પસંદગીઓ અને માનવામાં આવતા લાભો પર આધારિત છે. જો કે, યોગ્ય સ્વચ્છતાની ખાતરી કરવી જરૂરી છે અને કોઈપણ દૂષકોના જોખમને ઘટાડવા માટે ફળોને ખાતા પહેલા તેને સારી રીતે ધોઈ લો. ફળને સાફ કરવા માટે પાણીથી યોગ્ય રીતે ધોવા જરૂરી છે.

કેરીની છાલ પરની ગંદકી અથવા કચરો દૂર કરવા માટે કેરીને ઠંડા પાણીની નીચે રાખો.એક બાઉલમાં પાણીથી ભરોઃ જે કેરીને પલાળવા માગો છો તે હવે પૂરતો મોટો બાઉલ લો અને તેને ઠંડા પાણીથી ભરો.કેરીને પલાળી દોઃ કેરીને પાણીના બાઉલમાં નાખ્યા પછી ખાતરી કરો કે તેઓ સંપૂર્ણપણે ડૂબી ગયા છે, તેને લાંબા સમય સુધી પલાળી રાખવાથી નરમ અને રસદાર ફળ મળી બને છે.એકવાર પૂરતા પ્રમાણમાં પલાળ્યા પછી, કેરીને પાણીમાંથી નીકાળીને તેને સ્વચ્છ નેપકીનથી સાફ કરો. હેલ્થ એક્સપર્ટે કહ્યું કે, પાકેલી કેરીને હળવા હાથે દબાવવાથી અને દાંડીના છેડે મીઠી સુગંધ આવે તેવી કેરી પસંદ કરવી જોઈએ.

# ઉનાળામાં ટ્રેકિંગ કરવા લાયક સ્થળ છે માહુતિ નાગ ટ્રેક...



જ્યારે હું શહેરી જીવનની વ્યસ્ત ગતિથી કંટાળી જાઉં છું, ત્યારે મને પહાડ પર જઈને થોડા દિવસો ગાળવાનું મન થાય છે. પર્વતોમાં શાંત અને શુદ્ધ વાતાવરણ અને સ્વસ્થ આબોહવા હજુ પણ સુરક્ષિત છે. ઉનાળો આવી ગયો છે. જો તમારી પાસે સમય હોય, તો તમે પર્વત પર આવી શકો છો અને થોડા દિવસો પસાર કરી શકો છો. જો તમને હાઈકિંગ, ટ્રેકિંગમાં રસ હોય તો હિમાચલ એક સુંદર વિકલ્પ છે. કુલ્લુ મનાલીમાં ઘણા સુંદર ટ્રેક છે જે એપ્રિલ, મે અને જૂન મહિનામાં કરી શકાય છે. આ બધું એટલું મુશ્કેલ નથી. જેમ કે કુલ્લુના બિજલી મહાદેવ, માહુત અથવા થર્ટના માહુતિ નાગ. કોઠીથી ભૃગુ તળાવ અને ચંદ્રખાનીથી મલાણા સુધીનો ટ્રેક ખૂબ જ રસપ્રદ છે અને પ્રકૃતિના ખોળામાં, પર્વતોથી ઘેરાયેલા, ગાઢ પાઈન-દિયોદરના જંગલોમાંથી પસાર થાય છે. રસ્તાઓ એટલા મુશ્કેલ નથી અને આ ટ્રેક્સની ઊંચાઈ પણ વધારે નથી.

આજે હું તમને જે ટ્રેક પર લઈ જઈ રહ્યો છું તે છે માહુતિ નાગ મંદિરનો ટ્રેક. કુલ્લુથી બીજલી મહાદેવ થઈને જતી વખતે તમે થર્ટથી આ ટ્રેક શરૂ કરી શકો છો. વાઈલ્ડ એડવેન્ચર કેમ્પથી એક પગેરું જાય છે. જે તમને સુંદર ગોચર, સાડી પધારમાં લઈ જાય છે. પાઈન અને દેવદાર વૃક્ષો વચ્ચે સુંદર ગોચર જોવા જેવું છે. બાલખાટી પગદંડી ઉંચા જૂના દેવદાર વૃક્ષોમાંથી પસાર થાય છે. મધ્યમાં વિશાળ ખડકો છે અને કેટલીક જગ્યાએ ગુફાઓ છે, જેમાં તમે વરસાદ અથવા મુશ્કેલીના સમયે આશ્રય લઈ શકો છો. આ ગુફાઓ કેટલી જૂની છે તેનો કોઈ અંદાજ નથી. લિખાનુ જોટ પસાર કરીને, તમે પહુરુદ પર પહોંચો છો જ્યાં એટલા મોટા ખડકો છે કે તમે તેમનું કદ જોઈને આશ્ચર્યચકિત થઈ જશો. ત્યાંથી પાર્વતી ખીણનું મનોહર દૃશ્ય દેખાય છે. તેની આસપાસ ઘણી ગુફાઓ છે, જેમાં જવાનું જોખમ વિનાનું નથી. તેમની લંબાઈ અને પહોળાઈનો અંદાજ લગાવી શકાતો નથી.

આ ટ્રેકની વિશેષતા એ છે કે તે ચારે બાજુથી ગાઢ વૃક્ષોથી ઘેરાયેલું છે અને ઘણા ખડકો પર બ્રાહ્મી ભાષામાં કેટલાક શિલાલેખ છે. મોટા ખડકો પર પાણીના નિશાન છે, તેઓ કેટલા જૂના છે તેનો કોઈ ખ્યાલ નથી. અહીં, જેમ જેમ ઊંચાઈ વધે છે તેમ, કોણીય વૃક્ષોની સંખ્યા અને પ્રકાર પણ બદલાય છે. પાઈન, દિયોદર, રાય તોષ, કાયલ અને રખાલ જેવા મોટા વૃક્ષો અહીં જોવા મળે છે. આ બધાના લાકડાનો ઉપયોગ મકાન બાંધકામમાં કરી શકાય છે. રખાલ એક એવું ઝાડ છે જેની છાલ અને પાંદડામાંથી ચા બનાવવામાં આવે છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે, તેને ગ્રીન ટી પણ કહી શકાય. ફ્લાન એ વસંતઋતુમાં પર્વત પર ખીલેલું પ્રથમ ફૂલ છે. જો તમે માર્ચ-એપ્રિલમાં નસીબદાર છો તો તમને બરફ પણ પડી શકે છે. આ 6 કિમીના ટ્રેકમાં, જ્યારે તમે બેરિંગ ટોપ પર પહોંચો છો અને આસપાસ જુઓ છો, ત્યારે તમને એવી બધી ટેકરીઓ જોવા મળશે જે કુલ્લુ કરતાં ઘણી ઊંચી લાગે છે અને ખૂબ જ હાડકાની લાગે છે.

બેરિંગ ટોપ પછી દોઢ કિમી ચાલ્યા પછી, તમે સીધા માહુતિ નાગનું પ્રથમ મંદિર જુઓ છો. સાપ દેવતાનું એક નાનું લાકડાનું મંદિર છે, જેની પાસે જવાની મનાઈ છે. દેવભૂમિમાં, તમે ઘણા મંદિરોમાં ચોક્કસ મર્યાદા સુધી જ પ્રવેશ કરી શકો છો અને કેટલાકમાં ફક્ત ખાસ તહેવારો દરમિયાન જ પ્રવેશ કરી શકાય છે. ધાર્મિક માન્યતાઓ અહીંની શૈલી અને પરંપરામાં છે. ઢાળવાળી ટેકરી પર એક બોર્ડ છે જેના પર મોટા શબ્દોમાં લખેલું છે કે મંદિરની નજીક ન જાવ, તમને 8000 રૂપિયાનો દંડ થઈ શકે છે.

માહુતિ નાગ પહોંચ્યા પછી તમારો બધો થાક દૂર થઈ જશે. આટલું સુંદર દ્રશ્ય ભાગ્યે જ તમારી કલ્પનામાં હશે. તમે અહીં બેસીને તમારી સાથે લાવેલું ભોજન ખૂબ જ આરામથી ખાઈ શકો છો. તમે આ રસ્તાઓ પર ગામડાના લોકોને મળશો જે તમને મહેમાન માને છે અને સ્મિત સાથે તમારું સ્વાગત કરે છે.

# બ્યુટી ટિપ્સ : ગુલકંદનો ફેસ માસ્ક તરીકે પણ ઉપયોગ કરી શકાય

આયુર્વેદમાં એવી અનેક વસ્તુઓનો સમાવેશ થયેલો છે જે ત્વચા અને વાળ માટે અત્યંત ઉપયોગી છે. સ્કિન કેર માટે કેમિકલ પ્રોડક્ટ્સ પર નિર્ભર રહેવાના બદલે આયુર્વેદિક વસ્તુઓનો ઉપયોગ કરવાથી લાભ મળે છે. અનક્લિયર સ્કિન અનેક્ને આ બાબત પરેશાન કરતી હોય છે અને આ સ્કિન સમસ્યા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે.

વળી ત્વચાને લગતી આ સમસ્યા એવી છે જેમાં કેમિકલયુક્ત પ્રોડક્ટ્સ, મોઈશ્ચરાઈઝર્સ કે અન્ય કોસ્મેટિક પ્રોડક્ટ્સના ઉપયોગથી તે બહારથી થોડાં સમય માટે તો દૂર થઈ શકે છે પરંતુ સમય જતાં તે ફરીથી જોવા મળે છે. ત્વચાને લગતી આ સમસ્યાને દૂર કરવા માટે આયુર્વેદમાં અનેક ઘરેલૂ નુસખાઓનો ઉલ્લેખ છે જેના ઉપયોગથી સ્કિનને લાંબા ગાળે કોઈ નુકસાન પણ નથી થતા અને સમસ્યાનો કાયમી ઈલાજ મળે છે.

ગુલકંદ ત્વચા અને વાળ માટે ઈફેક્ટિવ છે, જે શરીરમાં પિત્ત દોષને બેલેન્સ કરીને ડાયજેશનમાં સુધાર લાવે છે. શરીરની પાચનક્રિયાને દુરસ્ત કરીને ગુલકંદ તમારી સ્કિનને અંદરથી ગ્લોઈંગ બનાવશે ગુલકંદને તેમ ફેસ માસ્ક તરીકે પણ ઉપયોગ કરી શકો છો જેમાં પસંદગીની ઔષધિઓ જેમ કે, હરિદ્રા, મજિષ્ઠા, લીમડાનો પાઉડર, ચંદન, યશ્ઠિમધુ, ગુલાબના ફૂલનો પાઉડરને ગુલાબજળ કે સારા પાણીમાં મિક્સને કરીને ચહેરા પર લગાવવાથી ઉનાળામાં સ્કિનને ઠંડક મળશે અને ત્વચા ગ્લો કરશે.

પિત્ત દોષ વધવાથી સ્વાસ્થ્યને નુકસાન થાય છે જેની અસર ત્વચા પર એક્ને, ખીલ કે તેના ડાઘ દ્વારા જોવા મળે છે. તેથી જ ડાયટમાં લીલા મરચા, સરસવના બીજ, કાળા મરી જેવા સૂકા મસાલા લેવાનું ટાળો. આનાથી ડાયજેશનમાં તકલીફ ઉભી થાય છે પરિણામે ત્વચા પર એક્નેની સમસ્યા જોવા મળે છે.

ઉનાળામાં તાપના કારણે નબળાઈ આવવી, હાઈપર એસિડિટી, ક્રોનિક એસિડિટી ઈશ્યુને ગુલકંદથી દૂર કરી શકાય છે. તેમાં કૂલિંગ એજન્ટ્સ નસોને ઠંડક પહોંચાડે છે અને સેન્ટ્રલ નર્વસ સિસ્ટમથી લઈને લિવર માટે પણ તે હેલ્ધી છે.ગુલકંદના ઉપયોગથી ઉનાળામાં વધારે માત્રામાં થતા પરસેવા અને તેની તીવ્ર વાસથી છૂટકારો મળે છે. પિત્ત દોષ બેલેન્સ થવાથી પરસેવામાં દૂર્ગંધ પેદા કરતાં બેક્ટેરિયા દૂર થાય છે. આ સિવાય સ્ત્રીઓમાં



હેવી મેન્સ્ટ્રૂઅલ ડિસ્ચાર્જ, વ્હાઈટ ડિસ્ચાર્જમાં પણ ગુલકંદ ઉપયોગી છે. તેની મંદ સુગંધ હોર્મોનને બેલેન્સ કરે છે.

ઉનાળામાં નાકમાંથી લોહી નિકળવું, હેમરેજ, ઉલટીમાં લોહી પડવું જેવી તકલીફ પિત્ત દોષની નિશાની છે. ગુલાબને આયુર્વેદમાં Hridhya કહેવામાં આવે છે, જેનો અર્થ છે કાર્ડિયોટોનિક. ગુલકંદને ડાયટમાં સામેલ કરવાથી ડાયજેશનમાં સુધાર થાય છે અને કબજિયાતની સમસ્યા પણ દૂર થાય છે.

# હેલ્ધી અને સિલ્કી વાળ માટે પ્રોટીન હેર માસ્ક

હેલ્ધી અને લાંબા વાળ માટે પ્રોટીન ખૂબ જ જરૂરી છે. શરીરમાં પ્રોટીનની ઉણપને કારણે તમારે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે જેમાં વાળ ખરવા પણ સામેલ છે. તમારા આહારમાં પ્રોટીનથી ભરપૂર વસ્તુઓનો સમાવેશ કરવાની સાથે, તમે ઘરે જ વાળ માટે પ્રોટીન હેર માસ્ક પણ તૈયાર કરી શકો છો. દરેક સ્ત્રી અને પુરુષ ઈચ્છે છે કે તેમના વાળ સ્વસ્થ અને જાડા રહે. આ માટે તેઓ પાર્લરમાં જાય છે અને મોંઘી સારવાર કરાવે છે, જેમાં દર મહિને હજારો રૂપિયાનો ખર્ચ થાય છે. પાર્લરમાં કેમિકલયુક્ત ઉત્પાદનોના ઉપયોગથી વાળ ઝડપથી ખરાબ થાય છે. વાળ માટે પ્રોટીન હેર ટ્રીટમેન્ટ જરૂરી છે, તે તમારા વાળને લાંબા સમય સુધી મોઈશ્ચરાઈઝ રાખે છે. આ માટે પાર્લરમાં જઈને કોઈ મોંઘી ટ્રીટમેન્ટ લેવાને બદલે તમે ઘરે જ પ્રોટીન હેર માસ્ક બનાવી શકો છો.

આ હેર માસ્ક બનાવવા માટે એવોકાડોને બાઉલમાં સારી રીતે મેશ કરો. હવે તેમાં નારિયેળનું દૂધ અને ઓલિવ ઓઈલ મિક્સ કરીને બાજુ પર રાખો. હવે આ માસ્કને તમારા વાળમાં સારી રીતે લગાવો અને તેને છોડી દો. 30 મિનિટ પછી, વાળને હળવા શેમ્પૂથી ધોઈ લો. આ માસ્કનો ઉપયોગ કરવાથી તમારા વાળ જલ્દી નરમ અને ચમકદાર દેખાશે.

આ હેર માસ્ક બનાવવા માટે, સૌપ્રથમ એવોકાડોને સારી રીતે મેશ કરો અને પછી તેમાં મેયોનેઝ ઉમેરો. હવે આ માસ્કને માથાની ચામડી અને વાળ પર સારી રીતે લગાવો અને



1 કલાક માટે છોડી દો. આ પછી સૌપ્રથમ વાળને પાણીથી ધોઈ લો. એક વાર ધોયા પછી જ વાળમાં શેમ્પૂ લગાવો. વાળની શુષ્કતા ઘટાડવા માટે, અઠવાડિયામાં એકવાર આ હેર માસ્ક લગાવો.

ઈંડામાં પ્રોટીનની કમી હોતી નથી, તેથી તે વાળ માટે પણ ખૂબ ફાયદાકારક છે. ઈંડાનો હેર માસ્ક બનાવવા માટે સૌથી પહેલા ઈંડાને એક બાઉલમાં તોડીને દહીંથી પીટ કરો અને સારી રીતે મિક્સ કરો. જો તમારા વાળ ખૂબ જ શુષ્ક હોય તો તમારા વાળમાં ઈંડાની જરદી લગાવો. જો તમારા વાળ તૈલી છે તો તમે ઈંડાનો સફેદ ભાગ જ લગાવી શકો છો અને જો તમારા વાળ નોર્મલ છે તો તમે આખું ઈંડું લગાવી શકો છો. આ હેર માસ્કને વાળમાં સારી રીતે લગાવો અને 30 મિનિટ સુધી રહેવા દો. આ પછી, જ્યારે માસ્ક સુકાઈ જાય, ત્યારે પહેલા વાળને ઠંડા પાણીથી ધોઈ લો અને પછી શેમ્પૂ અને કન્ડિશનર લગાવીને ધોઈ લો. જો પ્રથમ ધોયા પછી વાળ થોડા ખરબચડા લાગે તો વાળમાં તેલ લગાવો અને બીજા દિવસે ફરી વાળ ધોઈ લો. આમ કરવાથી વાળ સિલ્કી સોફ્ટ બનશે.

# ભારતની આ નદી એકદમ ‘કાચ’ જેવી

દેશના મોટાભાગના શહેરોમાં ગરમી વધી રહી છે ત્યારે ઘણા લોકો ઠંડી અને પ્રાકૃતિક સ્થળોની મુલાકાત લેતા હોય છે. એવામાં આ સમયમાં દેશમાં ઉતર પૂર્વ રાજ્યોની મુલાકાત લઈને તેની સુંદરતા માણવાની મજા જ કંઈક ઔર છે. દરેક રાજ્ય પ્રાકૃતિક સુંદરતાનો ખજાનો છે, પણ આ વાત મેઘાલયની એવી નદીની કે જેને સૌથી સ્વચ્છ નદીનો દરજ્જો મળ્યો છે.



આ નદીનું પાણી એટલું ચોખ્ખું છે કે જો આ નદી પર તમે હોડી પણ ચલાવો છો તો તમને એવું લાગશે કે તમે કાચ પર હોડી ચલાવી રહ્યા છો. આ નદીનું નામ ઉમંગોટ નદી છે, તેમજ તેને ડોકી તળાવ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નદી ખૂબ જ સુંદર, શાંત અને ક્રિસ્ટલ ક્લીયર છે. ડોકી મેઘાલયમાં ભારત-બાંગ્લાદેશ સરહદ પર આવેલું એક નાનું શહેર છે. તે પૂર્વ ખાસી પહાડી જિલ્લાના એક ગામ માવલીનોંગની નજીક છે અને તેને 2003માં એશિયાના સૌથી સ્વચ્છ ગામ તરીકેની ઓળખ આપવામાં આવી હતી.

**સૌથી સ્વચ્છ નદી, ઊંડે સુધી પથ્થરો સ્પષ્ટ દેખાય**

બાંગ્લાદેશના ડોકીમાંથી આ નદી વહે છે. તેમજ જૈનતિયા અને ખાસી ટેકરીઓને તે બે ભાગમાં વહેંચે છે. ઉમંગોટ નદી મેઘાલયના ત્રણ ગામો દાવકી, દારંગ અને શેનાનડેંગમાંથી વહે છે. આ ત્રણ ગામોમાં 300 થી વધુ મકાનો છે. ખાસી સમુદાયના લોકો આ નદીને સાફ કરવા માટે ભેગા થાય છે. ખાસી અહીંનો મુખ્ય આદિવાસી સમુદાય છે. ઉમંગોટને ભારતની સૌથી સ્વચ્છ નદીઓમાંની એક માનવામાં આવે છે અને માછીમારો માટે એક મહત્વપૂર્ણ સ્થળ છે. અહીં નદી પર એક સ્વિંગ બ્રિજ બનેલો છે, જેને ડોકી બ્રિજ તરીકે પણ ઓળખવામાં આવે છે. ખાસી સમુદાયના લોકો દરરોજ નદીઓની સફાઈમાં ફાળો આપે છે. નદીઓને સ્વચ્છ રાખવાની પરંપરા અહીં લાંબા સમયથી ચાલી આવે છે. હાલમાં જે લોકો નદીઓની સફાઈ કરે છે, તેમના પૂર્વજો પણ સ્વચ્છતાને પોતાનો સંસ્કાર માનીને આમ કરતા હતા. એક મહિનામાં ત્રણથી ચાર દિવસ કમ્યુનિટી ડે નક્કી કરવામાં આવે છે. જેમાં ગામના દરેક ઘરમાંથી ઓછામાં ઓછો એક વ્યક્તિ સફાઈ કામમાં મદદ કરે છે. આ ઉપરાંત અહીં ગંદકી ફેલાવવા માટે 5000 રૂપિયા સુધીનો દંડ પણ નક્કી કરવામાં આવ્યો છે. નવેમ્બર અને એપ્રિલની વચ્ચે, પ્રવાસીઓ અહીં બોટિંગ અને પ્રકૃતિની સુંદરતાનો આનંદ માણવા આવે છે.ડોકીની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય નવેમ્બરથી મે સુધીનો છે કારણ કે ડોકીની મુલાકાત આખા વર્ષ દરમિયાન લઈ શકાય છે, પરંતુ નવેમ્બરથી મે સુધીની શિયાળો અને ઉનાળાની ઋતુઓ તેના અપાર કુદરતી સૌંદર્યને જોવાનો શ્રેષ્ઠ સમય છે. તેમજ અહીં વરસાદની મોસમમાં જવાનું ટાળવું જોઈએ.

નોંધ: આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સંપર્ક કરો.

# પંડ્યા બંધુઓ સાથે રૂ.4.25 કરોડની છેતરપિંડી

## ■ મુંબઈ પોલિસે હાર્દિકના સાવકા ભાઈ વૈભવ પંડ્યાની ધરપકડ કરી



ગુજરાત | વંદન

હાલમાં દેશમાં લોકસભાની ચુંટણી સાથે આઈપીએલ 2024નો પણ માહોલ બરાબર જમ્યો છે, સમગ્ર દેશ આ મેચનો આનંદ લેવામાં મશગુલ છે. એવામાં જાણીતા ક્રિકેટર હાર્દિક પંડયા લાંબા વિરામ બાદ ફરીથી એકવાર મેચમાં પોતાનું સ્થાન પરત મેળવવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. પરંતુ તેમના માટે અચાનક એક માઠા સમાચાર સામે આવી રહ્યા છે. તેમની રમતમાં રહેલી વ્યસ્તતાનો ફાયદો લઈને તેમના સાવકાભાઈએ તેમની સાથે છેતરપિંડી કરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. હાર્દિકના સાવકા ભાઈ વૈભવ પંડ્યાએ કથિત રીતે તેમને કરોડો રૂપિયાનો ચૂનો લગાડી દીધો છે. જેના પરિણામે વૈભવ પંડ્યાની મુંબઈ પોલીસે લગભગ 4.25 કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાના આરોપમાં ધરપકડ કરી છે.

પોલીસ વિભાગની ઈકોનોમિક ઓફેન્સીસ વિંગ (EOW)ના મતે વૈભવ સાથે પંડ્યા બંધુઓએ 2021માં પોલિમર બિઝનેસ ફર્મ સ્થાપી હતી . જેમાં વૈભવ રોજિંદા કામકાજની દેખરેખ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વૈભવે કરારની શરતોનો ભંગ કર્યો હતો અને બંને ભાઈઓને અંધારામાં રાખીને તે જ વ્યવસાયમાં પોતાની માલિકીની પેઢી સ્થાપી હતી.

EOW અધિકારીએ જણાવ્યું હતું કે બાદમાં વૈભવે કથિત રીતે એલએલપી ફર્મમાંથી પૈસા પોતાની પેઢીમાં ડાયવર્ટ કર્યા હતા. ધીરે ધીરે ભાગીદારી પેઢીનો નફો ઘટતો ગયો. આ ઉપરાંત વૈભવે તેના નિયત હિસ્સા કરતાં વધુ હોવાના કારણે બંને ભાઈઓને જાણ કર્યા વિના એલએલપી ફર્મમાં તેના નફાની ટકાવારીમાં કથિત રીતે છેતરપિંડી કરી હતી. આ માટે તેણે કથિત રીતે એલએલપી કરાર પર પંડ્યા બંધુઓની નકલી સહીઓ કરી હતી.

ભાગીદારીની શરતો એવી હતી કે હાર્દિક અને કૃણાલ બંને 40-40 ટકા મૂડી રોકાણ કરશે. જ્યારે સાવકો ભાઈ વૈભવ 20 ટકા રોકાણ કરશે અને રોજબરોજની બાબતો સંભાળી લેશે. નફો એ જ પ્રમાણમાં વહેંચવાનો હતો. જો કે વૈભવે ભાગીદારી કરારનો ભંગ કરીને હાર્દિક-કૃણાલને જાણ કર્યા વગર આ જ ધંધામાં કાર્યરત બીજી પેઢીની સ્થાપના કરી હતી.

રિપોર્ટમાં એક સૂત્રને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે સાવકા ભાઈએ ગુપ્ત રીતે તેનો નફો 20 ટકાથી વધારીને 33.3 ટકા કર્યો છે. જેના કારણે મૂળ ભાગીદારીના નફામાં ઘટાડો થયો હતો, જેના કારણે હાર્દિક અને કૃણાલ પંડયાને રુપિયા 3 કરોડનું નુકસાન થયું હતું. એટલું જ નહીં સાવકા ભાઈ કથિત રીતે ભાગીદારી પેઢીના ખાતામાંથી 1 કરોડ રૂપિયા લઈને પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા. હાર્દિક પંડયાએ જ્યારે તેનો વિરોધ કર્યો ત્યારે વૈભવે કથિત રીતે પંડયા બ્રધર્સની પ્રતિષ્ઠાને કલંકિત કરવાની ધમકી આપી હતી.

# રાજકુમાર શર્માએ ટેબલ ટેનિસમાં જીત્યો સિલ્વર મેડલ

ગુજરાત | વંદન



શહેરના વર્ધમાન એન્કલેવમાં રહેતા અનુભવી ટેબલ ટેનિસ ખેલાડી રાજકુમાર શર્માએ નેશનલ માસ્ટર ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતીને વધુ એક ખિતાબ જીત્યો હતો. હૈદરાબાદમાં 30મી ટેબલ ટેનિસ નેશનલ માસ્ટર ચેમ્પિયનશિપના વિજેતા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં સાઉથ એશિયન ચેમ્પિયનશિપના ગોલ્ડ મેડલિસ્ટ રાજકુમાર શર્માને સાત વખતની નેશનલ ચેમ્પિયન અને અર્જુન એવોર્ડ વિજેતા મોનાલિસા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

તેમની સાથે આઠ વખતના રાષ્ટ્રીય ચેમ્પિયન કમલેશ મહેતા હતા, જેઓ ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયાના જનરલ સેક્રેટરી છે. આ ચેમ્પિયનશિપ 3 એપ્રિલથી 8 એપ્રિલ સુધી ચાલી હતી. દિલ્હી તરફથી રમતા રોહતકના દિગ્ગજ ટેબલ ટેનિસ ખેલાડી રાજકુમાર શર્માએ પણ તેમાં ભાગ લીધો હતો. જેમાં ઓરિસ્સા, મધ્યપ્રદેશ, ચંદીગઢ અને તેલંગાણાની ટીમો પરાજય પામી હતી અને ફાઈનલમાં ટીમે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ખેલાડી રાજકુમાર શર્માએ જણાવ્યું કે તેણે ફાઈનલમાં સિલ્વર મેડલ જીત્યો છે.

# તો ક્રિકેટ રમવાની ઘેલછા બુમરાહને નવી રાહે લઈ જાત..!

## ■ કેનેડા જવાની તૈયારીમાં હતો પ્લેયર જસપ્રીત બુમરાહ



ગુજરાત | વંદન

જસપ્રીત બુમરાહે જ્યારથી ભારતીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો છે ત્યારથી ભારતની ઝડપી બોલિંગ એક અલગ જ સ્તરે પહોંચી ગઈ છે. જો કે, તેને મોહમ્મદ શમી, ઉમેશ યાદવ, ભુવનેશ્વર કુમાર, મોહમ્મદ સિરાજ અને ઈશાંત શર્મા જેવા બોલરોનો સપોર્ટ પણ મળ્યો છે, મુંબઈ ઈન્ડિયન્સે જસપ્રિત બુમરાહને શોધી કાઢ્યો હતો અને તેને પોતાની ટીમમાં સામેલ કરીને એક નવી ઓળખ આપી હતી.

અમદાવાદથી કારકિર્દીની શરૂ કરીને ભારતના જ નહીં વિશ્વના દિગ્ગજ મીડિયમ પેસ બોલરોમાં સ્થાન મેળવનારા જસપ્રીત બુમરાહે તેના ભૂતકાળના કેટલાક સંસ્મરણોને વાગોળ્યા હતા. જસપ્રીતે તેની પત્ની સંજના ગણેશન સાથેની વાતચીતમાં જ ખુલાસો કર્યો હતો કે, એક તબક્કે તો મારો અભ્યાસ પુરો થઈ જાય પછી અમારો પરિવાર કેનેડામાં સ્થાયી થવાનું વિચારતો હતો. જોકે મારી માતાના નિર્ણયને કારણે અમારો આ પ્લાન-બી પડતો મૂકવો પડ્યો અને હું ભારતીય ક્રિકેટમાં આગવી ઓળખ ઉભી કરી શક્યો હતો. જો તેમ ન થયું હોત તો આજે હું કેનેડાની ટીમમાંથી ક્રિકેટ રમવાનો પ્રયાસ કરતો હોત.

બુમરાહે કહ્યું કે, દરેક ખેલાડીનું ક્રિકેટ રમવાનું સ્વપ્ન હોય છે. દેશની દરેક ગલીમાં પાંચ ખેલાડી તો એવા મળી જ રહે કે જેઓ દેશ માટે રમવા ઈચ્છતા હોય. આવી સ્થિતિમાં બેકઅપ પ્લાન જરુરી છે. અમારા સંબંધીઓ ત્યાં રહે છે.

# 2027નો વર્લ્ડ કપ દક્ષિણ આફ્રિકામાં રમાશે

## ■ CSA CEO:પ્રથમ વખત નામીબિયામાં ટુર્નામેન્ટ રમાશે

ગુજરાત | વંદન



દક્ષિણ આફ્રિકાએ ICC વર્લ્ડ કપ 2027 માટે તેના આઠ સ્થળોની જાહેરાત કરી છે. ત્રણ દેશો દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા 2027માં ODI વર્લ્ડ કપની યજમાની કરશે. આ ટુર્નામેન્ટ ઓક્ટોબર અને નવેમ્બરમાં રમાશે.દક્ષિણ આફ્રિકામાં સ્થાનો હોસ્ટ કરવા માટે આઠ સ્ટેડિયમની પુષ્ટિ કરવામાં આવી છે. તેમાં જોહાનિસબર્ગમાં વાન્ડરર્સ, પ્રિટોરિયામાં સેન્ચ્યુરિયન પાર્ક, ડરબનમાં કિંગ્સમીડ, ગેકેબરહામાં સેન્ટ જ્યોર્જ પાર્ક, પાર્લમાં બોલેન્ડ પાર્ક અને કેપ ટાઉનમાં ન્યુલેન્ડ્સ મુખ્ય સ્થળનો સમાવેશ થશે.જ્યારે બ્લોમફોન્ટીનમાં મંગાઉંગ ઓવલ અને પૂર્વ લંડનના બફેલો પાર્કમાં પણ વર્લ્ડ કપ ઈવેન્ટ્સ યોજાશે. દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે બીજી વખત ODI વર્લ્ડ કપની યજમાની કરશે.

સ્થળ પસંદગી વિશે બોલતા, ક્રિકેટ સાઉથ આફ્રિકા (CSA)ના CEO ફોલેત્સી મોસેકીએ કહ્યું કે સ્થળની સાથે તેઓએ હોટલના રૂમ અને એરપોર્ટની ઉપલબ્ધતાને પણ ધ્યાનમાં લેવાની જરૂર છે. દક્ષિણ આફ્રિકાની મીડિયા સંસ્થા સાથે વાત કરતાં તેમણે કહ્યું કે, મેદાનની પસંદગીની પ્રક્રિયા વિચારપૂર્વક કરવામાં આવી છે. આમાં હોટલના રૂમની સંખ્યા અને એરપોર્ટની ઉપલબ્ધતા પણ સામેલ છે. ઈતિહાસમાં આ બીજી વખત બનશે જ્યારે દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે ICC ODI વર્લ્ડ કપની યજમાની કરશે. આ પહેલા બંને દેશોએ 2003માં વર્લ્ડ કપનું આયોજન પણ કર્યું હતું. જો કે, આ પ્રથમ વખત બનશે જ્યારે નામિબિયાને ટુર્નામેન્ટની યજમાની કરવાની તક આપવામાં આવી છે.

ICCએ 2027માં દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેમાં યોજાનાર વર્લ્ડ કપ માટેની ક્વોલિફિકેશન અંગે સ્પષ્ટતા કરી છે. આ વર્લ્ડ કપમાં 14 ટીમ ભાગ લેશે. દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે સીધા યજમાન દેશો તરીકે ક્વોલિફાય થશે. જ્યારે તે સમયે ODI વર્લ્ડ રેન્કિંગના આધારે 8 ટીમ ક્વોલિફાય થશે. જ્યારે ICCની ગ્લોબલ ક્વોલિફાયર ટુર્નામેન્ટ હેઠળ 4 ટીમની પસંદગી કરવામાં આવશે.

# કોમનવેલ્થ ગેમ્સના નવા સ્થળની જાહેરાત આગામી મહિનામાં થશે

## ■ ખર્ચ ઘટાડવા હવે ગેમ્સમાં પરિવર્તન કરવા તરફ નજર

ગુજરાત | વંદન



૨૦૨૬ની કોમનવેલ્થ ગેમ્સ માટેના યજમાનની જાહેરાત આવતા મહિને થવાની સંભાવના છે તેમ કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશને જાહેર કર્યું હતું. અગાઉ આ માટે ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયાની પસંદગી કરવામાં આવી હતી. જોકે હવે સ્થળ બદલવા માટે ઘણી દરખાસ્તો આવી હોવાનું પણ ફેડરેશને જણાવ્યું હતું. ફેડરેશને સોમવારે જણાવ્યું હતું કે અમને જે પ્રસ્તાવ મળ્યા છે જે ગુપ્ત રાખવામાં આવ્યા છે.ગયા વર્ષે જુલાઈમાં વિક્ટોરિયા સ્ટેટે ૨૦૨૬ની કોમનવેલ્થ ગેમ્સના યજમાન તરીકેનું પોતાનું નામ પરત ખેંચી લીધું હતું. તે વખતે તેમણે આયોજનની પડતર ખર્ચમાં વધારો થયો હોવાને કારણે આ નિર્ણય લીધો હતો. ત્યાર બાદ નવા યજમાનની હજી સુધી જાહેરાત કરાઈ નથી. ફેડરેશને સોમવારે જણાવ્યું હતું કે આ બાબતે નોંધપાત્ર પ્રગતિ થઈ છે અને અમે આ બાબતે રોમાંચ અનુભવી રહ્યા છીએ કે અમને ઘણા પ્રસ્તાવ મળ્યા છે.

આ અંગે અમે સામૂહિત રીતે કાર્યરત છીએ અને તેની સમીક્ષા થઈ રહી છે. હાલમાં અમારો ઈરાદો મે મહિનાના પ્રારંભમાં નવા સ્થળની જાહેરાત કરવાની યોજના છે તેમ ફેડરેશને ઉમેર્યું હતું.

# ગુજરાતની દિવ્યાંગ દિકરી બાંગ્લાદેશમાં વગાડશે ડંકો

## ■ સ્પેશિયલ ઓલિમ્પિકમાં રમશે ફૂટબોલ

ગુજરાત | વંદન



પ્રકૃતિનો નિયમ જ છે, દરેક વ્યક્તિ સંપૂર્ણ કે સર્વ જ્ઞાની હોતો નથી. કુદરત કોઈને એક આપે છે, તો બીજા પાસેથી એ વસ્તુ છીનવી પણ લે છે,અને તેની સામે બીજું ઘણું બધું આપી તેની ભરપાઈ કરી દે છે. મળતી માહિતી મુજબ મહીસાગરના ખાનપુરના મછારના મુવાડા ગામની હોનહાર દીકરી હેતલ મછાર આ વાતનું જીવંત ઉદાહરણ છે. નાનપણથી જ માનસિક રીતે ક્ષતિ ધરાવતી મનો દિવ્યાંગ દીકરી હેતલને કુદરતે એવી બક્ષિસ આપી છે કે જેના થકી તે દુનિયાભરમાં ગુજરાત અને દેશનું નામ રોશન કરવા જઈ રહી છે.

ક્રિકેટ ઘેલા ભારતમાં ગુજરાતની દીકરી હેતલે ફૂટબોલ રમીને પોતાની આગવી ઓળખાણ બનાવી છે. તાલુકો હોય કે રાજ્ય કે પછી નેશનલ લેવલની સ્પર્ધા હોય, હેતલે દરેકમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ છે. હવે તે બાંગ્લાદેશમાં 16 થી 22 એપ્રિલ દરમિયાન આયોજિત સ્પેશ્યલ ઓલિમ્પિક્સ સાઉથ એશિયા યુનિફાઈડ ફૂટબોલ કોમ્પિટિશનમાં ભાગ લેવા જઈ રહી છે.

જિંદગીમાં અભાવના રોદણા રડ્યાં કરનારાઓએ હેતલના ઘરની સ્થિતિ પર નજર કરવાની જરૂર છે.અત્યંત સામાન્ય ઘરમાં રહેતી અને ગરીબીમાં જીવતી હેતલને 3 બહેનો અને એક ભાઈ મળી કુલ 6 લોકોનો પરિવાર છે.તેના પિતા ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. વડાગામની જે એસ દરજી હાઈસ્કૂલમાં ભણતી હેતલને નાનપણથી જ રમતગમતમાં રસ હતો. દિવ્યાંગ બાળકોના સ્પેશિયલ એજ્યુકેટરે હેતલની પ્રતિભાને ઓળખી તેને તાલીમ આપી.તો સ્કૂલના પીટી ટીચરે પણ વિશેષ ધ્યાન આપી હેતલને ફૂટબોલની રમતમાં પારંગત બનાવી.

સામાન્ય પરિવાર અંતરિયાળ ગામડું અને પ્રાથમિક સુવિધાઓના અભાવ વચ્ચે ઉછરેલી હેતલ હવે બાંગ્લાદેશના ઢાકામાં રમવા જઈ રહી છે.આ પહેલા તે 10 થી 15 એપ્રિલ સુધી હરિયાણાના ફરિદાબાદમાં નેશનલ લેવલે તાલીમ મેળવશે.ત્યારે હેતલની દેશના સીમાડા વટાવનારી સિદ્ધિને લઈને તેનો પરિવાર અને શાળાનો સમગ્ર સ્ટાફ ખુબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે.

# ઓલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ એથ્લિટ્સને 50 હજાર ડોલર મળશે

## ■ વર્લ્ડ એથ્લેટિક્સ ઓલિમ્પિક્સ રમતોમાં પુરસ્કાર આપનાર મહાસંઘ પ્રથમ હશે

ગુજરાત | વંદન



પેરિસ ઓલિમ્પિક્સમાં આ વર્ષે ટ્રેક અને ફીલ્ડની 48 સ્પર્ધાઓના ગોલ્ડ મેડલ વિજેતાઓને વર્લ્ડ એથ્લેટિક્સ (ડબલ્યુએ)એ સૌપ્રથમ વખત 50,000 યુએસ ડોલર (આશરે રૂ.41.60 લાખ) નો પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે. વિશ્વ એથ્લેટિક્સના આ પગલાંને લીધે 2028ના લોસ એન્જલીસમાં યોજનાર ઓલિમ્પિક્સમાં ત્રણેય મેડલ વિજેતાઓને પુરસ્કાર આપવાનો માર્ગ મોકળો થશે.

ભારતને નીરજ ચોપરા પાસેથી પેરિસ ઓલિમ્પિક્સમાં ભાલા ફેંકમાં ગોલ્ડ મેડલની આશા છે. નીરજ અગાઉ ટોક્યો ઓલિમ્પિક્સમાં દેશ માટે એથ્લેટિક્સમાં સૌપ્રથમ ઐતિહાસિક ગોલ્ડ મેડલ જીત્યો હતો. વ્યક્તિગત સ્પર્ધામાં નીરજ ચોપરા શૂટર અભિનવ બિન્દ્રા પછી ગોલ્ડ જીતનાર બીજો ભારતીય હતો. આ ઐતિહાસિક નિર્ણયને લીધે વર્લ્ડ એથ્લેટિક્સ ઓલિમ્પિક્સ રમતોમાં પુરસ્કાર આપનાર પ્રથમ આંતરરાષ્ટ્રીય મહાસંઘ બનશે. આ નિર્ણયથી ડબલ્યુએ અને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક કમિટી (આઈઓસી) વચ્ચે ઘર્ષણ થવાની સંભાવના પણ રહેલી છે કારણ કે વિશ્વ એથ્લેટિક્સે પુરસ્કાર માટે પૈતૃક સંસ્થા તરફથી મંજૂરી મેળવી નથી.

વર્લ્ડ એથ્લેટિક્સે એક નિવેદનમાં જણાવ્યું કે, ડબલ્યુએ ઓલિમ્પિક્સમાં પુરસ્કાર રકમ આપનાર પ્રથમ આંતરરાષ્ટ્રીય મહાસંઘ બનશે. ડબલ્યુએ પેરિસ ઓલિમ્પિક્સમાં ટ્રેક એન્ડ ફીલ્ડ સ્પર્ધામાં સફળતાના શિખર સર કરીને ગોલ્ડ જીતનાર ખેલાડીને રોકડ પુરસ્કાર એનાયત કરશે. વર્લ્ડ એથ્લેટિક્સના અધ્યક્ષ સેબેસ્ટિયન કોએ જણાવ્યું કે, ઓલિમ્પિક્સ ગોલ્ડ મેડલ વિજેતા માટે રોકડ પુરસ્કાર આંતરરાષ્ટ્રીય સંસ્થા તેમજ સમગ્ર એથ્લેટિક્સ ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ પળ છે. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક કમિટીના રાજસ્વ હિસ્સાની ફાળવણીમાંથી 24 લાખ ડોલર (રૂ.18.63 અબજ) પુરસ્કાર માટે અલગ રાખવામાં આવશે.

આઈઓસી દ્વારા વર્લ્ડ એથ્લેટિક્સને દર ચાર વર્ષે રાજસ્વ હિસ્સાની ફાળવણી કરવામાં આવે છે. આ ભંડોળનો ઉપયોગ 48 એથ્લેટિક્સ રમતો પૈકી દરેકમાં ગોલ્ડ મેડલ વિજેતા એથ્લિટને 50 હજાર ડોલરનો રોકડ પુરસ્કાર આપવા માટે કરાશે. કોના મતે આ પહેલમાં લોસ એન્જલીસમાં 2028ના ઓલિમ્પિક્સ રમતોત્સવમાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ વિજેતા એથ્લિટ સુધી રોકડ પુરસ્કારનો વ્યાપ લંબાવવાની પ્રતિબદ્ધતા રહેલી છે. રીલે ટીમ માટે પણ આ રકમ ફાળવવામાં આવશે જેને ખેલાડીઓ બાદમાં સરખા ભાગે વહેંચી લેશે. 2028ના ઓલિમ્પિક્સમાં રોકડ પુરસ્કારના માળખાની જાહેરાત ગેમ્સ શરૂ થવાની આસપાસના સમયગાળામાં કરાશે. ડબલ્યુએની આ પહેલ એથ્લિટ્સને આર્થિક રીતે સશક્ત બનાવવા તથા ઓલિમ્પિક્સ ગેમ્સની સફળતામાં તેમની મહત્વની ભૂમિકાને બિરદાવવા માટે સંસ્થાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# ઐશ્વર્યાનો એશિયન ચેમ્પિ.નો બ્રોન્ઝ મેડલ સિલ્વરમાં બદલાશે




## ■ ઉઝબેકિસ્તાનની ફરિદા ડોપ ટેસ્ટમાં ફેઈલ થતાં મેડલ પરત લેવાશે

ગુજરાત | વંદન

ભારતની ટોચની એથ્લીટ ઐશ્વર્યા મિશ્રાનો 2023 એશિયન ચેમ્પિયનશિપમાં 400 મીટર રેસમાં બ્રોન્ઝ મેડલ હવે સિલ્વરમાં બદલાશે. આ સ્પર્ધામાં ઐશ્વર્યા ત્રીજા ક્રમે રહી હતી જ્યારે અગાઉ ઉઝબેકિસ્તાનની રનર ફરિદા સોલિયેવા બીજા સ્થાને આવતા તેને સિલ્વર મેડલ મળ્યો હતો. ફરિદા સોલિયેવા ડોપ ટેસ્ટમાં ફેઈલ થતા તેનો મેડલ પરત લેવાશે અને તેના સ્થાને ભારતની ઐશ્વર્યા મિશ્રાને બીજા ક્રમે વિજેતા જાહેર કરવા સાથે સિલ્વર મેડલ આપવામાં આવશે.

ફરિદા સોલિયેવાનું બેંગકોક ખાતે એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ દરમિયાન 13 જુલાઈના રોજ યુરિન સેમ્પલ લેવાયું હતું. આ સેમ્પલમાં પ્રતિબંધિત પદાર્થ મેલ્ડોનિયમ મળી આવ્યો હતો અને એથ્લેટિક્સ ઈન્ટેગ્રિટી યુનિટ, જે ડોપિંગ વિરોધી આંતરરાષ્ટ્રીય સંઘનું એકમ છે તેણે ઉઝબેકિસ્તાનની ખેલાડીને ડિસક્વોલિફાઈ કરી હતી. એઆઈયુએ જણાવ્યું હતું કે, તેમના દ્વારા ફરિદા સોલિયેવા ઉપર 13 સપ્ટેમ્બર 2023થી ત્રણ વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એશિયન ચેમ્પિયનશિપમાં મહિલા 400 મીટર દોડમાં ફરિદા 52.95 સેકન્ડના સમય સાથે બીજા ક્રમે જ્યારે ઐશ્વર્યા મિશ્રા 53.07 સેકન્ડના સમય સાથે ત્રીજા ક્રમે રહી હતી. શ્રીલંકાની નાદીશા રામનાયકે 52.61 સેકન્ડના શ્રેષ્ઠ સમય સાથે ગોલ્ડ મેડલ વિજેતા રહી હતી.

# દીકરાને ક્રિકેટર બનાવવા પિતાએ નોકરી છોડી હતી

## ■ ભવિષ્યમાં સનરાઈઝર્સ અને ભારત માટે એક શ્રેષ્ઠ વિકલ્પ : હનુમા વિહારી

ગુજરાત | વંદન




નીતિશ કુમાર રેડ્ડી... સનરાઈઝર્સ હૈદરાબાદના ખેલાડી જે 9 એપ્રિલે મુલ્લાનપુરમાં રમાયેલી IPL મેચમાં પંજાબ સામે તેની ટીમ માટે તારણહાર બન્યો હતો. ખૂબ જ નિર્ણાયક સમયે, 20 વર્ષીય નીતિશે સનરાઈઝર્સ હૈદરાબાદ માટે 37 બોલમાં 64 રનની ઈનિંગ રમી હતી. તેણે બોલિંગમાં એક વિકેટ પણ લીધી હતી. આ ઓલરાઉન્ડ પ્રદર્શનના કારણે નીતિશને પ્લેયર ઑફ ધ મેચનો ખિતાબ મળ્યો. સનરાઈઝર્સ હૈદરાબાદે આ રોમાંચક મેચ 2 રને જીતી લીધી હતી. ડોમેસ્ટિક ક્રિકેટમાં નીતિશના નામે ઘણા મોટા રેકોર્ડ છે. વિરાટ કોહલી તેનો આદર્શ રહ્યો છે. હાર્દિક પંડ્યા સાથેની મુલાકાતે તેની કારકિર્દી બદલી નાખી.

હનુમા વિહારીએ ડોમેસ્ટિક ક્રિકેટમાં આંધ્રપ્રદેશ તરફથી રમતા નીતિશ રેડ્ડીની પણ પ્રશંસા કરી છે. રેડ્ડીએ હનુમાની આગેવાનીમાં ઘણી મેચ રમી છે. IPL શરૂ થયા પહેલાં જ હનુમાએ નીતિશ વિશે ટ્વિટ કર્યું હતું. ભારતીય ટેસ્ટ ટીમમાંથી બહાર રહેલા હનુમાએ નીતિશ વિશે લખ્યું હતું કે, 'તેનામાં ઈન્વેસ્ટ કરો, તે ફ્રેન્ચાઈઝી ક્રિકેટમાં ભવિષ્યનો મોટો ખેલાડી છે, બેટિંગ સિવાય તે મીડિયમ પેસ બોલિંગ પણ કરી શકે છે, જે ખૂબ જ દુર્લભ છે.' નીતિશ રેડ્ડીને સનરાઈઝર્સ હૈદરાબાદે 2023ની સિઝન પહેલાં ઓક્શનમાં 20 લાખ રૂપિયાની બેઝ પ્રાઈસ કરારબદ્ધ કર્યો હતો. તેણે 18 મે 2023ના રોજ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે તેની IPLની શરૂઆત કરી, જ્યાં તેણે બે ઓવરમાં 19 રન આપ્યા. આ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદને 8 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. ગત સિઝનમાં તેણે હૈદરાબાદ માટે 2 મેચ રમી હતી.

નીતિશ વિશે, હનુમા વિહારીએ X પર લખ્યું, 'NKR (નીતિશ કુમાર રેડ્ડી) એક સામાન્ય બેકગ્રાઉન્ડમાંથી આવે છે. તેના પિતાએ તેની કારકિર્દી માટે તેમની નોકરી છોડી દીધી હતી. તેમણે નીતિશને માર્ગદર્શન આપ્યું અને પાલન-પોષણ કર્યું. તેની મહેનત હવે ફળી રહી છે.

# મૂળ ગુજરાતી કોચના માર્ગદર્શન હેઠળ વિદેશની ટીમો ક્વોલિફાય થઈ

## ■ મૃગાંગ દેસાઈ દ્વારા યુદ્ધગ્રસ્ત દેશની ટીમને પણ આગળ વધારાઈ

ગુજરાત | વંદન



અફઘાનિસ્તાને 2018માં જ્યારે આઈસીસી વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું હતું ત્યારે આ ગુજરાતી પણ આનંદથી ઝુમી ઉઠ્યો હતો. કારણ કે તેણે જાન્યુઆરી 2018થી ચાર મહિના સુધી અફઘાનિસ્તાનની ક્રિકેટ ટીમને તાલીમ આપી હતી. મૃગાંગ દેસાઈ કે જે મોન્ટી તરીકે ઓળખાય છે અને જેમના પરિવારના મૂળ ગુજરાતમાં છે. તેઓ ટીમના બેટિંગ કોચ હતા અને તેમણે યુદ્ધગ્રસ્ત દેશની ટીમને આગળ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

દેસાઈ માટે વધુ એક આનંદની પળ આવી હતી જ્યારે નેપાળની ટીમે આ વર્ષે જૂનમાં રમાનારા ટી-20 વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું હતું. નેપાળની ટીમને મૃગાંગ દેસાઈ 2023થી કોચિંગ આપી રહ્યા છે. તેઓ નેપાળના મુખ્ય કોચ છે અને ટીમ પાછળ સખત મહેનત કરી રહ્યા છે.મુંબઈમાં રહેતા પૂર્વ ક્રિકેટર એવા દેસાઈએ અંડરડોગ ક્રિકેટ ટીમોના કોચિંગની જવાબદારી ઉપાડીને તેમાંથી શ્રેષ્ઠ ખેલાડીઓને બહાર કાઢ્યા હતા. 50 વર્ષીય મૃગાંગ દેસાઈ કહે છે કે હું તેને એક પડકાર તરીકે લઉં છું અને તેમનો આત્મવિશ્વાસ વધારવા માટેની વ્યૂહરચના તૈયાર કરું છું. અત્યાર સુધી કોચ તરીકે તે એક સારો સમય રહ્યો છે.

મૃગાંગ દેસાઈએ માર્ચ 2019થી મે 2019 સુધી આઈસીસી વર્લ્ડ કપ લીગ ડિવિઝનમાં કેનેડાની ટીમ સાથે હેડ કોચ તરીકે કામ કર્યું હતું. તેમણે ઓગસ્ટ 2019થી નવેમ્બર 2019 દરમિયાન આઈસીસી ટી 20 વર્લ્ડ કપ ક્વોલિફિકેશન ટૂર્નામેન્ટમાં યુએઈની ટીમના બેટિંગ કોચ પણ રહ્યા હતા.તેઓ ડિસેમ્બર 2019થી ડિસેમ્બર 2022 સુધી વેસ્ટ ઈન્ડીઝની ટીમમાં બેટિંગ કોચ તરીકે જોડાયા હતા. દેસાઈ વધુમાં કહે છે કે વિવિધ દેશોની ઘણી ટીમો સાથે કામ કરવું એ મારા માટે પણ શીખવાનો એક મહાન અનુભવ રહ્યો છે. હું તેમની સંસ્કૃતિને નજીકથી જોઈ શકતો હતો અને મારી કોચિંગ વ્યૂહરચના ઘડતા પહેલા તેમની પસંદ અને નાપસંદને સમજી શકતો હતો.

તેમની પાસે આઈપીએલની વિવિધ ટીમોની સાથે સાથે ભારતની ડોમેસ્ટીક ટીમોને પણ કોચિંગ આપવાનો અનુભવ છે. 2008-201 સુધી તેઓ રાજસ્થાન રોયલ્સના સહાયક કોચ અને ફેબ્રુઆરી 2016થી માર્ચ 2017 સુધી ગુજરાત લાયન્સના પરફોર્મન્સ કોચ હતા. દેસાઈ મુંબઈમાં ક્લબ કક્ષાએ ક્રિકેટ રમ્યા હતા. દેસાઈએ જણાવ્યું હતું કે ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર હનુમંત સિંહ મારા ગુરુ હતા અને મેં તેમની સાથે મુંબઈની ક્રિકેટ ક્લબ ઓફ ઈન્ડિયામાં ઘણો સમય વિતાવ્યો હતો. હું હંમેશા કોચ બનવા માંગતો હતો. હાલમાં તે વડોદરા અને ગુજરાતની ટીમો સામે રમી રહેલી નેપાળની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમ સાથે વાપીમાં છે.

તેઓ મુંબઈમાં જ રહે છે, તેમ છતાં વાપીમાં તેમના મૂળને ભૂલ્યા નથી. તેમણે તેમના છ મિત્રો સાથે મળીને કોવિડ બાદ એક સ્પોર્ટ્સ ક્લબ બનાવી હતી અને વાપીમાં એક ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવ્યું હતું જ્યાં યુવા ક્રિકેટરોને કોચિંગ અપાય છે.

# ઋષભ પંતે પૂરા કર્યા 3000 રન




ગુજરાત | વંદન

ઈન્ડિયન પ્રીમિયર લીગની મેચમાં દિલ્હી કેપિટલ્સે લખનઉ સુપર જાયન્ટ્સને છ વિકેટથી હરાવ્યું છે. શુક્રવારે (12 એપ્રિલ) લખનઉના ભારત રત્ન શ્રી અટલ બિહાર વાજપેયી ઈકાના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં દિલ્હીને જીત માટે 168 રનનો ટાર્ગેટ મળ્યો હતો, જેને તેમણે 18.1 ઓવરમાં હાંસલ કરી લીધો. આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સની લખનઉ સુપર જાયન્ટ્સ પર આ પહેલી જીત છે.

# એલોન મસ્ક ભારતની મુલાકાત લેશેઃ ગુજરાતને મળી શકે છે ટેસ્લાની ભેટ : મસ્કે કહ્યું – 'PM મોદી ને મળવા આતુર'

ગુજરાત | વંદન

ટેસ્લાના વડા એલોન મસ્ક વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે આ મહિને ભારતની મુલાકાત લેવા આવી રહ્યા છે, ત્યારે ગુજરાતમાં ટેસ્લા ઈન્ડિયા ને લઈ મોટી ભેટ મળી શકે છે. એલન મસ્ક ભારતમાં તેમની રોકાણ યોજનાઓ સંબંધિત જાહેરાત કરે તેવી અપેક્ષા છે.

એલોન મસ્કે તેમની ભારત મુલાકાતની પુષ્ટિ કરતા, અબજોપતિ એક્ઝિક્યુટિવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કહ્યું કે, તેઓ પીએમ મોદીને મળવા માટે ઉત્સુક છે.રોઈટર્સના અહેવાલ મુજબ, મસ્ક તેમની મુલાકાત દરમિયાન દેશમાં રોકાણ કરવા અને નવી ફેક્ટરી ખોલવાની તેમની યોજનાઓ સંબંધિત જાહેરાત કરે તેવી અપેક્ષા છે.

અહેવાલમાં બે સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, અબજોપતિ 22 એપ્રિલના સપ્તાહમાં નવી દિલ્હીમાં મોદીને મળશે અને તેમની ભારતની યોજનાઓ વિશે અલગથી જાહેરાત કરશે. ટેસ્લાના સીઈઓ પણ તેમની મુલાકાત દરમિયાન અન્ય અધિકારીઓ સાથે હશે. આ પહેલા મસ્કએ આ અઠવાડિયે X પર કહ્યું હતું કે, "ભારતમાં પણ ટેસ્લા ઈલેક્ટ્રિક કાર હોવી જોઈએ જેમ કે, દરેક દેશમાં ઈલેક્ટ્રિક કાર છે. "ભારતમાં ટેસ્લા ઈલેક્ટ્રિક વાહનો ઉપલબ્ધ કરાવવું એ એક સ્વાભાવિક પ્રગતિ છે."

યુએસ અને ચાઈનીઝ માર્કેટમાં ઈવીની ધીમી માંગ અને ચાઈનીઝ ઓટોમેકર્સની વધતી જતી હરીફાઈ વચ્ચે ટેસ્લાએ ભારત તરફ નજર કરી રહ્યું છે. ટેસ્લાએ પ્રથમ-ક્વાર્ટરની ડિલિવરીમાં ઘટાડો નોંધાવ્યો હતો જે વિશ્લેષકોના અંદાજને ચૂકી ગયો હતો. ભારતનું EV બજાર નાનું છે પરંતુ વિકસતું છે અને સ્થાનિક કાર નિર્માતા ટાટા મોટર્સનું તેના પર પ્રભુત્વ છે. 2023 માં કુલ કારના વેચાણમાં EVs નો હિસ્સો માત્ર 2% હતો. પરંતુ સરકારે 2030 સુધીમાં તેનુ




30 ટકાનું લક્ષ્ય રાખ્યું છે. દેશમાં ઈલેક્ટ્રિક વાહનોની માંગ ઝડપથી વધી રહી છે. ત્યારે ભારત માટે સારા સમાચાર આવી રહ્યા છે કે, ટેસ્લા ભારતમાં પ્રવેશ કરવા જઈ રહી છે, ટેસ્લા કંપની ગુજરાતમાં પ્લાન્ટ સ્થાપી શકે છે.

ચર્ચા છે કે, આગામી કેટલાક વર્ષોમાં કંપની ગુજરાતમાં પ્લાન્ટ સ્થાપશે અને ભારતના રસ્તાઓ પર ટેસ્લા ઈલેક્ટ્રિક વાહનો દોડાવી શકે છે. થોડા દિવસ પહેલા ટેસ્લાએ ભારતમાં 2 અબજ અમેરિકન ડોલરના રોકાણની જાહેરાત કરી હતી. આ પહેલા એવી આશા હતી કે, ગુજરાત વાઈબ્રન્ટ સમિટ 2024માં એલોન મસ્ક હાજર રહેશે, અનેજરાતમાં ટેસ્લા ઈન્ડિયાના રોકામની જાહેરાત કરશે, પરંતુ એલોન મસ્ક ગુજરાત સમિટમાં હાજર રહી શક્યાન હતા. પરંતુ હવે એલોન મસ્ક ભારતની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે ફરી ટેસ્લા ઈન્ડિયા ગુજરાતમાં પ્લાન્ટ સ્થાપવાની આશા જીવંત બની છે.

ભારત વિશ્વના સૌથી મોટા ઓટો બજારોમાંનું એક છે. ટેસ્લા લાંબા સમયથી ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહી છે અને ભારત સરકાર પણ તેને શક્ય તમામ મદદ કરવા તૈયાર છે. ટેસ્લા અહીં સીબીયુ માર્ગ દ્વારા પોતાનો પ્લાન્ટ સ્થાપશે. ઈમ્પોર્ટ ટેક્સમાં પણ ઘટાડો થઈ શકે છે. એવું માનવામાં આવે છે કે ટેસ્લા ભારતમાં સસ્તી અને સસ્તી કિંમતે વાહનો લોન્ચ કરી શકે છે.

રાજ્ય સરકારે ટેસ્લા પ્લાન્ટ માટે સાણંદ, ધોલેરા અને બેચરાજી સહિત અનેક સ્થળોને સંભવિત સ્થળો તરીકે સૂચવ્યા છે.

આ પગલું ટેસ્લાના સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય એમ બંને પ્રકારની માગને પહોંચી વળવાના લક્ષ્યાંકને અનુરૂપ છે, જેમાં તેના ભારતીય મેન્યુફેક્ચરિંગ બેઝમાંથી નિકાસનો પણ સમાવેશ થાય છે. સરકારનું સત્તાવાર વલણ એ છે કે ઈવીની આયાત પર કોઈ સબસિડી આપવામાં આવશે નહીં. પરંતુ તાજેતરના અહેવાલો દર્શાવે છે કે ટેસ્લાને 15-20 ટકાની કન્સેશનલ ઈમ્પોર્ટ ડ્યુટી આપવામાં આવી શકે છે. ડિસેમ્બર 2023 દરમિયાન, IIM નાગપુરના કાર્યક્રમમાં, ગડકરીએ મોદી સરકાર અને એલોન મસ્કની આગેવાની હેઠળની વિશ્વની સૌથી મોટી EV નિર્માતા ટેસ્લા વચ્ચે ચાલી રહેલી ચર્ચાઓ વિશે પણ વાત કરી. તેમણે કહ્યું હતુ કે, કંપની કદાચ ભારતમાં ફેક્ટરી ખોલશે. તેમણે કહ્યું કે, અમે ટેસ્લાનું સ્વાગત કરીએ છીએ. પરંતુ ચીનમાં ઉત્પાદન અને ભારતમાં વેચાણ, આ શક્ય નથી. અમે તેમના માટે અહીં ઉત્પાદન કરવા માટે ખુલ્લા છીએ.

## દેશભરમાં 15 એપ્રિલ પછી મોસમમાં આવશે બદલાવ

ગુજરાત | વંદન

સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઘણા રાજ્યોમાં ઉનાળાની ઋતુમાં વરસાદ અને કરા જોવા મળી રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મધ્યપ્રદેશ, છત્તીસગઢ



અને મહારાષ્ટ્રમાં ગુરુવારથી ત્રણ દિવસ સુધી વરસાદી માહોલ રહેશે. આ સિવાય રાજસ્થાનના 14 જિલ્લામાં પણ વરસાદનું એલર્ટ છે. પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, બિહાર અને આંદામાન નિકોબારમાં પણ વરસાદ પડી શકે છે. જ્યારે 13 એપ્રિલ પછી જમ્મુ-કાશ્મીર અને હિમાચલના કેટલાક વિસ્તારોમાં હિમવર્ષા થવાની સંભાવના છે.

હવામાન વિભાગે કહ્યું કે હવામાનમાં ફેરફારનું કારણ પવનો એટલે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છે જે ઈરાન અને પાકિસ્તાન થઈને ઉત્તર ભારત સુધી પહોંચે છે. જેના કારણે ફેબ્રુઆરી, માર્ચ અને હવે એપ્રિલમાં પણ હવામાન સતત બદલાઈ રહ્યું છે. જો કે, 15 એપ્રિલ પછી હવામાન ફરી બદલાશે, ત્યારબાદ રાજ્યોમાં તીવ્ર ગરમીનો અનુભવ થવા લાગશે. તેવી જ રીતે, 13 થી 14 એપ્રિલની વચ્ચે ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં વરસાદની સાથે તેજ પવનની શક્યતા છે.

## જ્યારે બધાના આશ્ચર્ય વચ્ચે જસ્ટિસ ચંદ્રચુડ ખુરશી છોડીને સ્ટૂલ પર બેઠા

**■ ચીફ જસ્ટિસ ઉદારતાનું પ્રતિક છે- સોલિસિટર જનરલ**

ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટની નવ ન્યાયાધીશોની બંધારણીય બેંચ ત્રીજા દિવસે ઔદ્યોગિક દારૂ પર કર અને નિયમન કરવાની રાજ્યની સત્તાઓ સાથે સંબંધિત મુદ્દાની સુનાવણી કરી રહી હતી. ચીફ જસ્ટિસ (CJI) જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ આ બેંચની અધ્યક્ષતા કરી રહ્યા હતા. તેમના સિવાય જસ્ટિસ હૃષીકેશ રોય, જસ્ટિસ એએસ ઓકા, જસ્ટિસ બીવી નાગરક્ષા, જસ્ટિસ જેબી પારડીવાલા, જસ્ટિસ મનોજ મિશ્રા, જસ્ટિસ ઉજ્જલ ભૂયણ, જસ્ટિસ સતીશ ચંદ્ર શર્મા અને જસ્ટિસ ઑગસ્ટિન જ્યોર્જ મસિહ પણ -ડિવિઝન બેન્ચમાં સામેલ હતા, પરંતુ ચર્ચા વચ્ચે, જસ્ટિસ એ.એસ. CJI ચંદ્રચુડે અચાનક સુનાવણી અટકાવી દીધી. તે સમયે કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા દલીલો રજૂ કરી રહ્યા હતા.

ત્યારબાદ CJIએ તેમને અટકાવ્યા અને કહ્યું, "તમારા યુવા જુનિયર વકીલો દરરોજ લેપટોપ લઈને ઉભા રહે છે. મેં કોર્ટ માસ્ટરને તમારી પાછળ એક સ્ટૂલ મૂકવા કહ્યું છે જેથી તેઓ પણ બેસી શકે." તેના પર સોલિસિટર જનરલ મહેતાએ કહ્યું કે તેઓ પણ આ સુનાવણીને જોઈ રહ્યા છે. આ પછી જસ્ટિસ ચંદ્રચુડે કોર્ટરૂમમાં હાજર તમામ વકીલોને કહ્યું કે જે લોકો આ કેસ સાથે સંબંધિત નથી તેઓ આ યુવા વકીલો માટે ખુરશીઓ ખાલી કરી દે



લંચ પછી જ્યારે કેસની સુનાવણી ફરી શરૂ થઈ, ત્યારે બધાને એ જોઈને આશ્ચર્ય થયું કે બેન્ચના નવ જજોની વચ્ચે સીજેઆઈ પોતાની ખુરશી પર બેસવાને બદલે નીચે યુવા વકીલોની વચ્ચે એક સ્ટૂલ પર આવીને બેસી ગયા. હકીકતમાં. તેમની સૂચના પર, કોર્ટ રજિસ્ટ્રીએ લંચ દરમિયાન યુવા વકીલો માટે કોર્ટરૂમમાં સ્ટૂલ સ્થાપિત કર્યા હતા. CJI પોતે તે સ્ટૂલ પર બેઠા અને જોયું કે તે યુવાન વકીલો માટે યોગ્ય છે કે નહીં. ક્યાંય કોઈ સમસ્યા નથી.

એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, મુખ્ય ન્યાયાધીશ એ પણ ખાતરી આપવા માગે છે કે સ્ટૂલ લગાવવાથી સોલિસિટર જનરલને કેસમાં ઊભા થવામાં અને દલીલ કરવામાં કોઈ સમસ્યા નહીં થાય. CIIના આ પગલાથી કોર્ટરૂમમાં હાજર તમામ જજ અને વકીલો ચોંકી ગયા હતા.

ચીફ જસ્ટિસની ઉદારતા અને તેમના પગલા અંગે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું. "CJI એ ઉદારતાનું પ્રતિક છે. તેમનું આ પગલું માત્ર અભૂતપૂર્વ જ નથી પરંતુ તમામ અદાલતો દ્વારા અનુકરણીય છે અને તમામ અદાલતોએ તેનું પાલન કરવું જોઈએ." મહેતાએ જણાવ્યું હતું કે ન્યાયતંત્રમાં સર્વોચ્ચ હોદ્દો વરાવતી વ્યક્તિ કોઈની જાણ વિના પણ યુવા વકીલોની દુર્દશા પ્રત્યે એટલી અસાધારણ રીતે વિચારશીલ છે.

## ભાજપે ચૂંટણી બોન્ડ દ્વારા ભ્રષ્ટાચાર કર્યોઃ રાહુલ ગાંધીનો આક્ષેપ

**■ ઉદ્યોગપતિઓના દેવા માફ કર્યા તો ખેડૂતોના કેમ નહીં ???**

ગુજરાત | વંદન




લોકસભા ચૂંટણી 2024ના પ્રથમ તબક્કાની મતદાનની તારીખ નજીક આવી રહી છે તો ભાજપ, કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોના નેતાઓ આક્રમક ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. આ દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સત્તાધારી ભાજપ પર ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર કર્યો હોવાના ગંભીર આક્ષેપ કર્યો છે. રાહુલે રાજસ્થાનની જોધપુરમાં ફલોદીમાં એક જાહેરસભા સંબોધિત કરી હતી. આ સભામાં રાહુલ ગાંધીએ કહ્યું કે, 'બળજબરીથી વસૂલી થઈ રહી છે અને તેનું નામ ઈલેકટોરલ બોન્ડ છે.' આ સભામાં રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગોવિંદ ડોટાસર અને પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે પણ સંબોધન કર્યું હતું.

રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે, ખેડૂતો મને પૂછે છે કે જો અબજોપતિનું દેવું માફ થાય છે તો અમારું (ખેડૂતો) કેમ નહીં? આ સાથે રાહુલ ગાંધીએ ખેડૂતોને ભરોસો આપ્યો કે અમારી સરકાર આવતાની સાથે જ એમએસપી (ટેકાના ભાવ) માટે કાયદો બનાવશે. જે રીતે મોદીએ મોટા ઉદ્યોગપતિઓનું 16 લાખ કરોડ રુપિયાનું દેવું માફ કર્યું છે, એ રીતે અમે ખેડૂતોનું દેવું માફ કરીશું.કેન્દ્રની ચૂંટણી બોન્ડ યોજનાને સુપ્રીમે ગેરબંધારણીય અને સ્પષ્ટ રુપે મનસ્વી ગણાવી હતી. સુપ્રીમ કોર્ટે 15મી ફેબ્રુઆરીએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા(એસબીઆઈ)ને આદેશ આપ્યો હતો કે 12 એપ્રિલ 2019થી ખરીદાયેલા ચૂંટણી બોન્ડની વિગત ચૂંટણી પંચને સોંપો અને ચૂંટણી પંચે આ માહિતી 13મી માર્ચ સુધીમાં પોતાની વેબસાઈટ પર મૂકવાની રહેશે.

## નેપાળને ફરીથી હિંદુ રાષ્ટ્ર બનાવવાનું આંદોલન શરૂ થયું

**■ આરપીપી સંગઠનનો દાવો- નેપાળને બચાવવાનો આજ એક માત્ર રસ્તો...**

ગુજરાત | વંદન

નેપાળમાં રાજાશાહી અને હિંદુ રાષ્ટ્રની પુનઃસ્થાપનાની માંગ તેજ બની છે અને તેના સમર્થનમા કાઠમંડુમાં ભારે વિરોધ પ્રદર્શનો થયા હતા. આ દરમિયાન સેંકડો પ્રદર્શનકારીઓની પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. રાજાશાહી તરફી વિરોધ કરનારા ડઝનબંધ ઘાયલ થયા જ્યારે તેઓ પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ્યા અને બેરિકેડ તોડ્યા. આ પછી પોલીસે લાકડીઓ, ટીયર ગેસ અને વોટર કેનનનો ઉપયોગ કરવો પડ્યો હતો. વિરોધ પ્રદર્શનને જમણેરી તરફી રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી દ્વારા બોલાવવામાં આવ્યું હતું.

તેના હજારો કાર્યકરો અને રાજાશાહી સમર્થકોએ રાજધાનીમાં કૂચ કરી અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. વિરોધમાં એકઠા થયેલા લોકોની ભીડને કારણે કાઠમંડુની લાઈફલાઈન કહેવાતો રસ્તો સંપૂર્ણપણે બ્લોક થઈ ગયો હતો. દેખાવકારો નેપાળની વહીવટી રાજધાની સિંહ દરબાર તરફ આગળ વધવા લાગ્યા. સ્થાનિક સત્તાવાળાઓએ આ વિસ્તારમાં કર્ફ્યુ વધુ કડક બનાવ્યો છે, કારણ કે આ વિરોધ પ્રદર્શનો વારંવાર અથડામણમાં



પરિણમે છે. આરપીપી પ્રમુખ અને ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન રાજેન્દ્ર લિંગડેન, જે પ્રદર્શનકારીઓની આગેવાની કરી રહ્યા હતા, તેમને પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા.પ્રતિબંધના આદેશનું ઉલ્લંઘન કરીને તે આર્મી હેડક્વાર્ટર પાસે ભદ્રકાલી મંદિર પહોંચી ગયો હતો. આ પછી તેના સમર્થકોએ બે જગ્યાએ સુરક્ષા દળો પર હુમલો કર્યો અને પછી ભાગી ગયા. પોલીસ બેરિકેડ રાજાશાહી સમર્થકો સામે ટકી શકી ન હતી. આ તમામ દેખાવકારો રાજાશાહીની પુનઃસ્થાપના અને નેપાળને હિંદુ રાજ્ય જાહેર કરવાની માંગ સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા. ચિરિંગ લામા નામના એક વિરોધીએ કહ્યું, "આ દેશના બંધારણને બદલવાની જરૂર છે, જે રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટી ની માંગણીઓમાંની એક છે. જો આપણે બંધારણ બદલી શકીએ, નેપાળને હિંદુ રાષ્ટ્ર બનાવી શકીએ, અને રાજાશાહી પુનઃસ્થાપિત કરી શકીએ તો...આ એકમાત્ર સધ્ધર વિકલ્પ છે જે વર્તમાન પરિસ્થિતિમાં આ રાષ્ટ્રને બચાવી શકે છે.

## વિશ્વની ટોપ-25 બિઝનેસ સ્કૂલ્સમાં IIM-અમદાવાદનો સમાવેશ કરાયો

**■ જેએનયુ તમામ યુનિવર્સિટીઓમાં મોખરે**

ગુજરાત | વંદન

ભારતની ઘણી શૈક્ષણિક સંસ્થાઓ દુનિયાભરમાં પ્રતિષ્ઠા ધરાવે છે ત્યારે વિશ્વની ટોચની ૨૫ બિઝનેસ અને મેનેજમેન્ટ સંસ્થાઓમાં આઈઆઈએમ-અમદાવાદને સ્થાન મળ્યું છે. ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સમાં આઈઆઈએમ-બેંગલોર અને આઈઆઈએમ-કોલકાતા ટોપ-૫૦માં રહ્યા છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ) બુધવારે જાહેર કરાયેલા રેન્કિંગ્સમાં દેશની તમામ યુનિવર્સિટીઓમાં મોખરે રહી છે. ક્યુએસ લંડનની ઉચ્ચ શિક્ષણ એનાલિટિક્સ કંપની છે.

જેએનયુને ડેવલપમેન્ટ સ્ટડીઝ માટે વિશ્વની વિવિધ યુનિવર્સિટીમાં ૨૦મું સ્થાન મળ્યું છે. જ્યારે ધ સવિતા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ એન્ડ ટેક્નિકલ સાયન્સિસ (ચેન્નાઈ) વિશ્વની ડેન્ટલ કોલેજોમાં ૨૪મા ક્રમે રહી છે. ક્યુએસના સીઈઓ જેસિકા ટર્નરે જણાવ્યું હતું કે, "ભારતમાં સતત વધતી માંગ



વચ્ચે ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડવાનો મોટો પડકાર છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "શિક્ષણના ધોરણો, ઉચ્ચ શિક્ષણની ઉપલબ્ધતા, વિવિધ યુનિવર્સિટીની ડિજિટલ તૈયારી અને વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં સુધારો કરવા ઘણું કામ બાકી છે."

રેન્કિંગ્સમાં વિશ્વની કુલ ૪૨૪ એન્ટ્રીમાંથી ભારતની ૬૯ યુનિવર્સિટીને સ્થાન મળ્યું હતું. રેન્કિંગની યાદીમાં સૌથી વધુ પ્રતિનિધિત્વ દિલ્હી (૩૦ એન્ટ્રી), આઈઆઈટી (૨૮ એન્ટ્રી) અને આઈઆઈટી ખડગપુર (૨૭ એન્ટ્રી)નું રહ્યું હતું. ચાલુ વર્ષે આઈઆઈટી મદ્રાસને ૨૨ એન્ટ્રી મળી હતી. એશિયામાં યુનિ. ની સંખ્યાની રીતે ભારતને ૬૯ યુનિવર્સિટી સાથે બીજું સ્થાન મળ્યું હતું. મેઈનલેન્ડ ચાઈના (૧૦૧) યાદીમાં પહેલા ક્રમે રહ્યું હતું. કુલ રેન્કિંગની એન્ટ્રીમાં ભારત ૪૫૪ એન્ટ્રી સાથે ચોથા ક્રમે રહ્યું હતું. ચીને ૧,૦૪૧ એન્ટ્રી સાથે પહેલા, જાપાન ૫૧૦ એન્ટ્રી સાથે બીજા અને સાઉથ કોરિયા ૪૯૯ એન્ટ્રી સાથે ત્રીજા ક્રમે રહ્યું હતું. ટોપ-૨૦૦ એન્ટ્રીમાં ભારત પાંચમા અને ટોપ-૧૦૦ એન્ટ્રીમાં છઠ્ઠા ક્રમે રહ્યું છે.` ત્યારે વિશ્વની ટોચની ૨૫ બિઝનેસ અને મેનેજમેન્ટ સંસ્થાઓમાં આઈઆઈએમ-અમદાવાદને સ્થાન મળ્યું છે. ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સમાં આઈઆઈએમ-બેંગલોર અને આઈઆઈએમ-કોલકાતા ટોપ-૫૦માં રહ્યા છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ) બુધવારે જાહેર કરાયેલા રેન્કિંગ્સમાં દેશની તમામ યુનિવર્સિટીઓમાં મોખરે રહી છે. ક્યુએસ લંડનની ઉચ્ચ શિક્ષણ એનાલિટિક્સ કંપની છે. જેએનયુને ડેવલપમેન્ટ સ્ટડીઝ માટે વિશ્વની વિવિધ યુનિવર્સિટીમાં ૨૦મું સ્થાન મળ્યું છે. જ્યારે ધ સવિતા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ એન્ડ ટેક્નિકલ સાયન્સિસ (ચેન્નાઈ) વિશ્વની ડેન્ટલ કોલેજોમાં ૨૪મા ક્રમે રહી છે. ક્યુએસના સીઈઓ જેસિકા ટર્નરે જણાવ્યું હતું કે, "ભારતમાં સતત વધતી માંગ વચ્ચે ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડવાનો મોટો પડકાર છે."

## સેક્સટોર્શનના દૂષણને ડામવા ઇન્સ્ટાગ્રામ અભદ્ર ઇમેજીસ બ્લર કરશે

**■ યુવાનોની સુરક્ષા માટે લેવાયું મહત્વનું પગલું**

ગુજરાત | વંદન

સેક્સટોર્શનના દૂષણને ડામવા માટે ઈન્સ્ટાગ્રામ તેના પ્લેટફોર્મ પર એક નવું ફીચર લાવી છે. એ માટે નવા ટુલ્સ આવી ગયા છે. આ ફીચર ડાયરેક્ટ મેસેજિસમાં નગ્ન કે અભદ્ર યુવાનોની સુરક્ષા માટે ફોટોગ્રાફને ઓટોમેટિક બ્લર કરી દેશે. આનાથી યુવા યુઝર્સને રક્ષણ મળશે અને સેક્સ સ્કેમ પર નિયંત્રણ આવશે. આ ફીચર 18 વર્ષથી ઓછી વયના કિશોરો માટે વૈશ્વિક સ્તરે ડિફોલ્ટ રૂપે ચાલુ કરવામાં આવશે. પુખ્ત યુઝર્સને આ ફીચર સક્રિય કરવા માટે પ્રોત્સાહિત કરતા નોટિફિકેશન મળશે. આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મે ગુરુવારે એક બ્લોગ પોસ્ટમાં જણાવ્યું હતું કે તે જાતિય કૌભાંડો અને ઈમેજના દુરુપયોગ જેવા દુષણોને ડામવા તથા કિશોરોનો સંપર્ક કરવાનું વધુ મુશ્કેલ બનાવવા માટેના તેના અભિયાનના ભાગ રૂપે એક નવા ફીચરનું ટેસ્ટિંગ કરી રહ્યું છે. સેક્સટોર્શનના એટલે કોઈ વ્યક્તિને નગ્ન ફોટા ઓનલાઈન મોકલવા માટે પ્રલોભન આપવું અને તે પછી આવી ઈમેજ જાહેર કરી દેવાની ધમકી આપીને પૈસાની વસૂલી કરવી.

યુવાનોની સુરક્ષા માટે પૂરતું કામ ન કરવા બદલ ઈન્સ્ટાગ્રામ અને અન્ય સોશિયલ મીડિયા કંપનીઓએ ટીકામાં વધારો થઈ રહ્યો છે ત્યારે ઈન્સ્ટાએ આ




હિલચાલ કરી છે. ફેસબુકની માલિક કંપની મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગે આ વર્ષની શરૂઆતમાં સેનેટની સુનાવણી દરમિયાન આવા દુર્વ્યવહારનો ભોગ બનેલા લોકોના માતા-પિતાની માફી માંગી હતી.

કંપનીએ જણાવ્યું હતું કે સ્કેમર્સ ઘણીવાર ઈન્ટિમેટ ઈમેજ મેળવવા માટે ડાયરેક્ટ મેસેજિસનો ઉપયોગ કરતાં હોય છે. આનો સામનો કરવા માટે તે ટૂંક સમયમાં ડાયરેક્ટ મેસેજિસ માટે ન્યુડિટી પ્રોટેક્શન ફીચરનું પરીક્ષણ કરી રહી છે. આ ફીચર નગ્નતા ધરાવતી તમામ ઈમેજને બ્લર કરી દેશે. તેનાથી લોકો નગ્ન ઈમેજ મોકલતા પહેલા બે વાર વિચારતા થશે. આ ફીચરથી પોતાના ડીએમમાં બિનજરૂરી ન્યૂડિટી ન ઈચ્છતા લોકોને સુરક્ષા મળશે. આનાથી તેમને ન્યૂડ ઈમેજ મોકલીને છેતરપિંડી કરતા સ્કેમર્સ સામે પણ રક્ષણ મળશે. નગ્નતા સાથેની ઈમેજને વોર્નિંગ સાથે બ્લર કરાશે. આ ઈમેજ જોવી કે નહીં તેનો યુઝર્સને વિકલ્પ મળશે. યુઝર્સને આવી ઈમેજ મોકલનારને બ્લોક કરવાનો અને ચેટની જાણ કરવાનો વિકલ્પ પણ મળશે.

### રશ્મિકા મંદાનાનો લિફ્ટમાં પ્રવેશતો હોટ ડીપફેક વિડિયો યાદ છે ને...? કેવી બબાલ થઈ હતી...

## ડોન ઔર ડીપફેક કો પકડના મુશ્કિલ હી નહીં, ના મુમકીન ભી હૈ....

ગુજરાત | વંદન

ડીપફેક વીડિયો એવો શબ્દ કાને સંભળાય એટલે મનમાં રશ્મિકા મંદાનાનો લિફ્ટમાં પ્રવેશતો હોટ ડીપફેક વિડિયો પણ સાંભરી આવે.. ટેકનોજીની સાથે ડીપફેક એટલા એડવાન્સ થઈ ગયા છે કે સામાન્ય માણસ માટે તેને પકડવો લગભગ અશક્ય છે બની રહ્યું છે.

રશિયા, યુક્રેન, પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશોની સામાન્ય ચૂંટણીઓમાં ડીપફેકનો મોટાપાયે ઉપયોગ કરવામાં આવ્યો હતો કે . આના કારણે ઘણી જગ્યાએ અરાજકતાનો માહોલ ફેલાયો છે પરંતુ હજુ પણ આખી દુનિયામાં તેને રોકવા માટે કોઈની પાસે કોઈ વ્યવહારિક ઉપાય નથી. છેવટે, તેને પકડવું કેટલું મુશ્કેલ છે, તે કેટલું જોખમી બની ગયું છે અને તેનું ભવિષ્ય શું હશે? આ તમામ મુદ્દાઓ પર સાયબર ઈન્ટેલિજન્સ ગ્લોબલ એલએલપીના ડિરેક્ટર વિષ્ણુ દત્તે એક મિડિયા સાથેની મુલાકાતમાં ડંકે કી ચોટ પર કહી દીધુ કે ડીપફેક રોકના મુશ્કિલ હી નહીં ના મુમકીન ભી હૈ... તેમની મુલાકાતના અંશો....

શરૂઆતમાં ડીપફેકનો ઉપયોગ નાણાકીય છેતરપિંડી માટે કરવામાં આવતો હતો. હવે ગ્રાહકો અમારી પાસે આવીને કહે છે કે આવો અને આવો વીડિયો છે, જેમાં એક પોલીસકર્મી અમારી પાસે પૈસાની માંગણી કરી રહ્યો છે. અમે આવા ડીપફેક વીડિયોનું વિશ્લેષણ કરીએ છીએ અને જણાવીએ છીએ કે આ વીડિયો વાસ્તવિક છે, નકલી છે કે મોર્ફ્ડ છે.

ડીપફેક કેવી રીતે શોધી શકાય તે



ડીપફેકને લઈને દેશમાં કોઈ વ્યવહારુ ઉપયોગી અને કડક કાયદો નથી...

શીખીએ તે પહેલાં, ડીપફેક કેટલા ખતરનાક બની ગયા છે તે જાણવું અગત્યનું છે. અગાઉ, મોર્ફ કરેલા વીડિયો બનાવવામાં આવતા હતા જેમાં એક ચહેરો હટાવીને બીજા ચહેરાને બદલવામાં આવતો હતો. તેને સરળતાથી પકડી શકાયું હોત, પરંતુ હવે AI તમારા ચહેરા, શરીરનું વજન, ત્વચાનો રંગ વગેરેની નકલ કરીને ચિત્ર બનાવે છે. તેથી તેની વાસ્તવિકતાને ઓળખવી ખૂબ મુશ્કેલ છે. હવે પ્રશ્ન પર આવીએ છીએ, આપણે તેને કેવી રીતે પકડી શકીએ? ક્લોન કરેલા અવાજની અધિકૃતતા જાણવા માટે અમારી પાસે 32 પરિમાણો છે. જો કોઈપણ અવાજ આ તમામ પરિમાણોને અનુરૂપ ન હોય તો અમે કહી શકીએ કે આ વીડિયો નકલી છે.

સામાન્ય રીતે, AI વડે બનેલા વિડિયોમાં આંખો, વિદ્યાર્થિની અને હોઠ પર કામ કરવામાં આવે છે. જ્યારે આપણે બોલીએ છીએ ત્યારે શરીરના મોટા ભાગના અંગો આપણા અવાજની સાથે ખસે છે, પરંતુ આ બધી વસ્તુઓ ડીપફેક વીડિયોમાં જોવા મળતી નથી. વીડિયોમાં વ્યક્તિ બોલે છે પરંતુ તેનું શરીર સ્થિર છે. અમારી પાસે સોફ્ટવેર છે જેની મદદથી અમે આવા ડીપફેક્સ શોધી કાઢીએ છીએ.

ડીપફેક કેટલું અદ્યતન બન્યું છે અને તમે તેનું ભવિષ્ય કેવી રીતે જુઓ છો, આ અંગે તેઓ કહે છે કે, તમે જુઓ છો તે મોટાભાગના AI જનરેટેડ ડીપફેક્સ તેમના પ્રારંભિક તબક્કામાં છે. હાલમાં તે માત્ર 5 ટકા જ વિકસિત છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ હજુ વિકસિત થવાની બાકી છે. જેમ જેમ તે વિકસિત થશે, ડીપફેક્સ શોધવાનું વધુ મુશ્કેલ બનશે. થોડા વર્ષોમાં તમે જોશો કે આપણે અમુક સોફ્ટવેરમાં અમુક ટેક્સ્ટ મૂકીશું અને એક સંપૂર્ણ વિડિયો કે ડોક્યુમેન્ટરી તૈયાર થઈ જશે.

મોર્ફ્ડ વિડિયો પણ ડીપફેકનો એક પ્રકાર છે. તે લાંબા સમય પહેલા શરૂ થયું હતું. ડીપફેક જેવા વિડીયો સને 2000માં જ દેખાવા લાગ્યા હતા, જો કે તે સમયે ટેકનોલોજી એટલી અદ્યતન ન હતી. 2010ની આસપાસ તેને ડીપફેક્સ કહેવામાં આવતું હતું જ્યારે મોર્ફ કરેલા ઓડિયો-વિડિયો એટલા અદ્યતન બની ગયા હતા કે તેને શોધવું મુશ્કેલ બની ગયું હતું. આવનારા સમયમાં તે એટલું ખતરનાક બની જશે કે તેને પકડવું આપણા માટે માથાનો દુખાવો બની જશે.

ડીપફેક વીડિયો પકડવામાં કેટલો સમય લાગી શકે તે વિષે તેઓ કહે છે- ડીપફેક્સ શોધવામાં અમને વધુ સમય લાગતો નથી. જો ડીપફેક વિડિયો 2 મિનિટ લાંબો હોય, તો તેને શોધવામાં અમને માત્ર 5 મિનિટ લાગશે. અમે કેટલીક ડિટેક્ટીવ એજન્સીઓ અને મીડિયા હાઉસ માટે પણ આવી લેબ બનાવી રહ્યા છીએ જેનો ઉપયોગ કરીને તેઓ ડીપફેક શોધી શકે છે.

તાજેતરમાં, વિશ્વની તમામ મોટી કંપનીઓ દાવોસમાં મળી હતી જ્યાં તેઓએ ડીપફેકને રોકવા માટે ઘણી યોજનાઓ બનાવી હતી. આ વીડિયોને વોટરમાર્ક કરવાની પણ વાત થઈ હતી.

(અનુસંધાન પેજ નં.6પર)



# સ્ટાર્સ કમબેક: 14 વર્ષના વનવાસ બાદ ફરદીન જોવા મળશે હીરામંડીમાં....

ફિલ્મ નિર્માતા સંજય લીલા ભણસાલીની હિરામંડીનું દમદાર ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. દિગ્દર્શકે પોતાની વેબ સિરીઝમાં એવી દુનિયા બતાવી છે કે દરેક તેને જોતા જ તેમાં ખોવાઈ જાય છે. સંજય લીલા ભણસાલી આ વેબ સિરીઝથી OTTની દુનિયામાં પદાર્પણ કરવા જઈ રહ્યા છે. હીરામંડી દ્વારા ઘણા સ્ટાર્સ કમબેક કરવા જઈ રહ્યા છે. જેમાંથી એક નામ ફરદીન ખાનનું છે. ફરદીન ખાન સંજય લીલા ભણસાલીની વેબ સિરીઝમાં વલી મોહમ્મદની ભૂમિકા ભજવવા જઈ રહ્યો છે.

વલી મોહમ્મદની ઝલક જોવાની સાથે જ એમ કહેવું ખોટું નહીં હોય કે તેનું પુનરાગમન ખૂબ જ જોરદાર રહેશે. 14 વર્ષ બાદ ફરદીન ફરી એક વખત પોતાની એક્ટિંગની કૌશલ્ય બતાવવા જઈ રહ્યો છે. જ્યારે અભિનેતાનું ફર્સ્ટ લૂક પોસ્ટર રિલીઝ થયું ત્યારે બધાને આશ્ચર્ય થયું હતું. લોકો તેની શાહી શૈલીને ખૂબ પસંદ કરી રહ્યા છે. 2010માં ફરદીન છેલ્લે ફિલ્મ દુલ્હા મિલ ગયામાં જોવા મળ્યો હતો. ટ્રેલર લોન્ચ દરમિયાન ફરદીને પોતાના કમબેક વિશે ખુલીને વાત કરી હતી.

ફરદીને કહ્યું, "મારા માટે આ ઘણો લાંબો ગેપ હતો, લગભગ 14 વર્ષ થઈ ગયા છે. હું આ અદ્ભુત સ્ટાર કાસ્ટ, નેટફ્લિક્સ જેવા પ્લેટફોર્મ અને અલબત્ત સંજય લીલા ભણસાલી સાથે કામ કરવાની તક માટે ખૂબ જ આભારી છું. "એક્ટર તરીકે સ્ક્રીન પર પાછા ફરવાની આનાથી વધુ સારી તક માટે હું પૂછી શક્યો ન હોત."

પોતાના પાત્ર વિશે વાત કરતાં ફરદીને કહ્યું કે ભણસાલી દ્વારા આપવામાં આવેલા પાત્રો ખૂબ જ મજબૂત છે જે અભિનેતાને ભૂમિકામાં ઊંડાણ લાવવા માટે કહે છે. તેણે વધુમાં કહ્યું કે તેના માટે, હીરામંડીમાં સંજય લીલા ભણસાલી સાથે કામ કરવું એ કંઈક એવું છે જે તેણે પહેલાં ક્યારેય કર્યું નથી. સંજય સર જેવી લાગણીઓ સાથે કામ કરનાર કોઈ નથી કારણ કે તેમની પાસે તેમની સારી સમજ છે. તે જે ઉંમરે છે, સ્ક્રીન પર પુનરાગમન કરવા માટે આ તેના માટે યોગ્ય પાત્ર હતું.



# પ્રિયમણી બની બોલિવૂડની સૌથી પ્રિય અભિનેત્રી

આજે સાઉથ ઈન્ડસ્ટ્રીના સ્ટાર્સની પહોંચ આખી દુનિયામાં છે. એક જમાનામાં રજનીકાંત અને કમલ હાસન જેવા કલાકારોએ દુનિયાભરમાં પોતાની લોકપ્રિયતા સાબિત કરીને સમગ્ર વિશ્વમાં સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ઝંડો લહેરાવ્યો હતો. સ્વાભાવિક રીતે, હિન્દી દર્શકોમાં પણ તેની લોકપ્રિયતા ઘણી વધી, પરંતુ પહેલા આ સંખ્યા ઘણી ઓછી હતી. આજનો જમાનો સાવ જુદો છે. હવે દરેક સાઉથ સ્ટાર પણ હિન્દી દર્શકો માટે સ્ટાર છે. ફવાદ ફાઝિલ હોય, પ્રકાશ રાજ હોય, પ્રભાસ હોય, સામંથા કે પ્રિયમણિનું નામ કેમ ન લે. આ નામ એટલા માટે પણ છે કારણ કે પ્રિયમણી બોલિવૂડ સુપરસ્ટાર અજય દેવગનની ફિલ્મ મેદાનની હિરોઈન છે.

પ્રિયમણિની કારકિર્દી લાંબા સમયથી ચાલી રહી છે. તેને ઈન્ડસ્ટ્રીમાં આવ્યાને 2 દાયકાથી વધુ સમય થઈ ગયો છે. આ સમયગાળા દરમિયાન, અભિનેત્રીએ દક્ષિણની ઘણી ફિલ્મોમાં બહુમુખી ભૂમિકાઓ ભજવી છે. આજના સમયમાં આપણે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી લઈએ કે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રી, પ્રિયમણી સૌથી સંતુલિત અભિનેત્રીઓમાંની એક છે.

અભિનેત્રીના પિતા એક બિઝનેસમેન હતા અને માતા રાષ્ટ્રીય સ્તરની બેડમિન્ટન ખેલાડી હતી. તે બેંક મેનેજર પણ હતી. પ્રિયામણીને નાનપણથી જ એક્ટિંગનો શોખ હતો. તેણે તેના સ્કૂલના દિવસોમાં ઘણી એડ શૂટ કરી હતી. પરંતુ જ્યારે ફિલ્મ નિર્દેશક ભારતીરાજાની નજર પ્રિયમણિ પર પડી ત્યારે તેમણે અભિનેત્રીને ફિલ્મોમાં રજૂ કરી.

અભિનેત્રીની ખાસ વાત એ છે કે તે દરેક પ્રકારના રોલ ખૂબ જ સરળતાથી કરી શકે છે. વધુ પાછળ જવાની જરૂર નથી. તેણે મનોજ બાજપેયીની વેબ સિરીઝ ધ ફેમિલી મેનમાં પરિણીત વર્કિંગ વુમનની ભૂમિકા ભજવી હતી. બીજી તરફ ગયા વર્ષે જ તે શાહરૂખ ખાનની ફિલ્મ જવાનમાં એક્શન મોડમાં જોવા મળી હતી. હવે અભિનેત્રી અજય દેવગનની ફિલ્મ મેદાનમાં ફરી એક સાદી ગૃહિણીની ભૂમિકામાં જોવા મળશે.

# કેન્સરને હરાવનાર મનિષા મેદાનમાં આવી- હું બેસ્ટ ફિલ્મો, શહેરની લાઈફ પાછળ નથી દોડતી. હું માત્ર......



મનીષા કોઈરાલા વેબ-સિરીઝ 'હીરામંડી - ધ ડાયમન્ડ બાઝાર'માં જોવા મળશે. સંજય લીલા ભણસાલીની આ સિરીઝ નેટફ્લિક્સ પર ૧ મેએ રિલીઝ થશે.

નેપાળના તત્કાલીન વડાપ્રધાનની પુત્રી મનિષાને ૨૦૧૨માં ઓવેરિયન કૅન્સરનું નિદાન થયું હતું. પોતાના કપરા અને કષ્ટદાયક સમયમાં જેમણે તેમને સાથે આપ્યો, હુંફ આપી, સંવેદના વ્યકત કરી એવા તમામ માટે તેમણે સંદેશો આપ્યો છે અને તેની ચર્ચા થઇ રહી છે.

હિરામંડી સિરીઝની તમામ ઍક્ટ્રેસિસ સાથેનો ફોટો ઈન્સ્ટાગ્રામ પર શૅર કરીને મનીષાએ કૅપ્શન આપી હતી, 'મારે ઘણી બધી બાબતો માટે આભાર વ્યક્ત કરવાનો છે. કરીઅરમાં મેં ખૂબ સફળતા જોઈ, અગત્યના રોલ ભજવ્યા, બેસ્ટ ડિરેક્ટર્સ અને ફ્રેન્ડશિપ મારા કપરા સમયમાં મારા પડખે ઊભાં રહ્યાં.

ભગવાનની કૃપાથી કૅન્સરનો સામનો કરીને મને નવજીવન મળ્યું છે. મેં જીવનમાં ખૂબ ખરાબ સમય જોયો છે અને ખોટા નિર્ણય પણ લીધા છે. આ તમામ ઉતાર-ચડાવમાં લાઈફ મારા માટે એક શિક્ષક જેવી રહી છે. એથી હું સમયના અગત્યને સમજી છું.

ભૂતકાળ ભલે કપરો અને દુખદ રહ્યો, પરંતુ વર્તમાનમાં શાંતિ છે. મારી લાઈફનો સૌથી સારો સમય એટલે પેરન્ટ્સ સાથે પસાર કરેલો સમય છે. નેપાલમાં કુદરતી વાતાવરણનો આનંદ ઉઠાવ્યો, મારા સુંદર ગાર્ડનની કાળજી લેતી હતી, મારા પેટ્સનું ધ્યાન રાખતી હતી અને આધ્યાત્મિકતામાં ડૂબી ગઈ હતી. હું બેસ્ટ ફિલ્મો અથવા તો શહેરની લાઈફ પાછળ નથી દોડતી. હું માત્ર એવા લોકો સાથે કામ કરવા માગું છું જેમના કામનો હું રિસ્પેક્ટ કરું છું...

# મુન્નાભાઈ: એ સરકીટ, બોલ ન સભી કો.. મૈં કોઈ ચુનાવ-વુનાવ કી રાજનીતિ-વિતિ મેં નહીં આ રહા હું..!

લોકસભા ચૂંટણી 2024 નજીક છે. ઘણા કલાકારો ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે. તેમાં કંગના રનૌત અને અરુણ ગોવિલ જેવા મોટા કલાકારો સામેલ છે. એવું કહેવામાં આવી રહ્યું હતું કે આ યાદીમાં સંજય દત્તનું નામ પણ સામેલ છે. એવા અહેવાલ હતા કે તેઓ કોંગ્રેસમાંથી ચૂંટણી લડી શકે છે.



સંજય દત્તે આ તમામ બાબતોને અફવા ગણાવી છે. તેમના મતે તેઓ રાજકારણમાં નથી આવી રહ્યા. જો તેની કોઈ ઈચ્છા હશે તો તે પોતે તેની જાહેરાત કરશે. સંજય દત્તે એક્સ પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. તેઓએ લખ્યું,

"હું મારી રાજનીતિમાં સામેલ થવાની તમામ અફવાઓ પર પૂર્ણવિરામ મુકવા માંગુ છું. હું કોઈ પાર્ટીમાં જોડાઈ રહ્યો નથી અને ચૂંટણી લડી રહ્યો નથી. જો મારે રાજનૈતિક ક્ષેત્રમાં પ્રવેશ કરવો હશે તો હું તેની જાહેરાત કરનાર પ્રથમ વ્યક્તિ બનીશ. તેથી, અત્યાર સુધી મારા વિશે જે પણ સમાચાર ચાલી રહ્યા છે તેના પર વિશ્વાસ ન કરો." સંજય દત્ત પણ 2009માં સમાજવાદી પાર્ટીનો ભાગ હતો. પરંતુ તેમને લાગ્યું કે તેઓ કંઈ ખાસ કરી શકતા નથી, તેથી તેમણે મહામંત્રી પદેથી રાજીનામું આપી દીધું.

# 'લવ એન્ડ વોર'માં આલિયા કરિયરનું જટિલ પાત્ર ભજવશે

પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા સંજય લીલા ભણસાલીએ હાલમાં જ તેમની નવી ફિલ્મ 'લવ એન્ડ વોર'ની જાહેરાત કરી છે. આ ફિલ્મમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ સાથે જોવા મળશે. ક્રિસમસ 2025 પર રિલીઝ થનારી આ મહાકાવ્ય ગાથા ચોક્કસપણે 2025ની સૌથી મોટી મૂવી છે.

કહેવામાં આવી રહ્યું છે કે પ્રેમ ટ્રાઈએન્ગલ પર આધારિત આ ફિલ્મની સ્ટોરી યુદ્ધના સમય પર આધારિત હશે. આ ફિલ્મમાં રણબીર કપૂર ગ્રે પાત્ર ભજવવાનો છે. હવે આ ફિલ્મને લઈને એક નવું અપડેટ સામે આવ્યું છે. આ ફિલ્મમાં આલિયા ભટ્ટના રોલ વિશે જાણકારી સામે આવી છે. રિપોર્ટ્સ અનુસાર આલિયા ભટ્ટ ફિલ્મ 'લવ એન્ડ વોર'માં જાઝ સિંગર તરીકે જોવા મળશે. આ પાત્ર તેની કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પાત્ર હશે. કહેવામાં આવી રહ્યું છે કે આલિયાના કરિયરનું આ સૌથી જટિલ પાત્ર હશે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે ફિલ્મની તૈયારી શરૂ થઈ ગઈ છે અને તેનું શૂટિંગ નવેમ્બર અથવા ડિસેમ્બર મહિનાથી શરૂ થઈ શકે છે અને તે આવતા વર્ષે ક્રિસમસના અવસર પર રિલીઝ પણ થઈ શકે છે.



# થલાપથી વિજય અને મહેશ બાબુની ફિલ્મનો ખર્ચ છે માત્ર 2000 કરોડ રૂપિયા..!!!!



સાઉથ ઈન્ડસ્ટ્રી વર્ષ 2024ની શરૂઆતથી જ ધૂમ મચાવી રહી છે. અત્યાર સુધી ઘણી મોટી ફિલ્મો આવી નથી, તેમની રિલીઝ પછી બોક્સ ઓફિસ પર શું થવાનું છે. વેલ, સાઉથના નિર્માતાઓએ ભવિષ્ય માટે પણ મોટી યોજનાઓ બનાવી છે. ભારતીય સિનેમાની બે ખૂબ જ મોટા બજેટની ફિલ્મો બનવા જઈ રહી છે, જે 'KGF' અને 'પુષ્પા'ને પણ પાછળ છોડી દેશે.

ગત વર્ષ બોલિવૂડના નામે હતું. વર્ષ 2024 ની શરૂઆતથી, દક્ષિણ ઉદ્યોગ સંપૂર્ણ દુકાળમાંથી પસાર થઈ રહ્યો છે. અત્યાર સુધી બોલિવૂડને આગળ વધવાની તક આપવામાં આવી નથી. વેલ, ભવિષ્યમાં આ કામ હિન્દી સિનેમા માટે વધુ મુશ્કેલ બનશે. કારણ કે આ વર્ષે ઘણી ક્રાંતિકારી ફિલ્મો સિનેમાઘરોમાં આવવાની તૈયારી કરી રહી છે. અલ્લુ અર્જુનની 'પુષ્પા 2'નું ટીઝર જોયા પછી લોકોની આવી જ હાલત છે, તો જરા વિચારો કે ફિલ્મ શું કરશે? આ યાદીમાં જુનિયર એનટીઆર, રામચરણ અને ઋષભ શેટ્ટીની ફિલ્મો પણ સામેલ છે, જે આ વર્ષે ધૂમ મચાવશે. 500-600 કરોડના બજેટવાળી આ ફિલ્મોને લઈને ચાહકો ક્રેઝી થઈ રહ્યા છે, તેથી જ્યારે 1000 કરોડના ખર્ચે બનેલી સાઉથ સિનેમાની આ બે ફિલ્મો સિનેમાઘરોમાં રિલીઝ થશે, ત્યારે મોટા રેકોર્ડ તોડવામાં આવશે.

એસએસ રાજામૌલી એક મોટી ફિલ્મમાં કામ કરી રહ્યા છે. આમાં મહેશ બાબુ લીડ રોલમાં છે. આ ભારતીય સિનેમાની સૌથી મોંઘી ફિલ્મ હશે, જેનું બજેટ 1000 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. વેલ, આ ફિલ્મમાં ઘણા લોકો જોડાયા હોવાના અહેવાલ છે. આ દરમિયાન 1000 કરોડના બજેટ સાથે બીજી ફિલ્મ બનાવવાની વાત સામે આવી. થલપથી વિજયના કરિયરની આ છેલ્લી ફિલ્મ છે, જેના પછી તે સિનેમા છોડીને રાજકારણમાં જોડાશે.

થલાપથી વિજયથી શરૂઆત કરીએ. હાલમાં તે તેની 'ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ'ના શૂટિંગમાં વ્યસ્ત છે. આ તેની બીજી છેલ્લી ફિલ્મ છે, આ પછી છેલ્લી ફિલ્મ આવશે. તેમની છેલ્લી ફિલ્મ રાજકીય ડ્રામા હોવાનું કહેવાય છે. GOATની રિલીઝ પહેલા તેની કરિયરની છેલ્લી ફિલ્મ પર કામ શરૂ થઈ ગયું છે. તાજેતરમાં જ ખબર પડી હતી કે આ ફિલ્મ માટે એકલા થલપથી વિજયે 250 કરોડ રૂપિયા ભેગા કર્યા છે. એચ વિનોથ આ રાજકીય ડ્રામાનું નિર્દેશન કરી રહ્યા છે. વેલ, ફિલ્મનું નામ હજુ ફાઈનલ થયું નથી, તેને થલપથી 69 કહેવામાં આવી રહ્યું છે.

# ગદર 2 બાદ હવે સંદેશે આતે હૈ, વાળી યુદ્ધ ફિલ્મ બોર્ડરની સિક્વલ માટેની તૈયારીઓ...



બોલીવુડમાં એએક ખિલ્મ ભારે સફળ થયા બાદ તેની સિક્વલ બનાવવાનો જે ટ્રેન્ડ ચાલી રહ્યો છે તેમાં હવે વધુ એક ફિલ્મનું નામ ઉમેરાશે. અને તેના હિરો છ - ઢાઈ કિલો કા હાથ...ફેમ સની દેઓલ...

ગદર 2ની શાનદાર સફળતા પછી હવે સની દેઓલ બોર્ડર 2 સાથે ધમાકેદાર કમબેક કરશે. આ ફિલ્મ અંગે મોટું અપડેટ સામે આવ્યું છે. બોર્ડર 2 મુવીને અનુરાગ સિંહ ડાયરેક્ટ કરશે. ત્યારે એવું માનવામાં આવી રહ્યું છે કે બોર્ડર 2ને ગદર 2થી અને ઈતિહાસની સૌથી મોટી વોર ફિલ્મ હશે...અને નોંધનીય છે કે આમ પણ ભારતમાં વોર ફિલ્મો હોલીવુડની તુલનામાં ખૂબ જ ઓછી બની છે તેથી બોર્ડર-2ને ઈતિહાસ સર્જે એવી બનાવવમાં આવશેં. જો કે તેમાં યે ધરતી મેરી મા હૈ..નો ડાયલોગ બોલનાર સુનીલ શેટ્ટી હશે કે કેમ..?

અગાઉ એવા સમાચાર હતા કે આ ફિલ્મ બોર્ડરની સિક્વલ હશે, પરંતુ હવે અહેવાલ છે કે બોર્ડર 2 બિલકુલ ફ્રેશ કહાની હશે. ફિલ્મના શૂટિંગ પહેલા તેની કહાની લીક થઈ ગઈ છે.

1971માં ભારત-પાકિસ્તાન વચ્ચે પ્રચંડ યુદ્ધ રાજસ્થાનના થારના લોંગેવાલા ભારતીય ચોકી પર થયું હતું. આ સમગ્ર ઘટના ફિલ્મમાં બતાવવામાં આવશે. આ લડાઈમાં થલ સેનાનો સાથે જલ સેના અને વાયુસેનાએ પણ આપ્યો હતો.

અનુરાગ સિંહના નિર્દેશન હેઠળ બનનાર બોર્ડર 2 સૌથી મોટી વોર ફિલ્મ હશે તેવી માહિતી છે. સની દેઓલ, સુનીલ શેટ્ટી, અક્ષય ખન્ના અને જેકી શ્રોફ સ્ટારર ફિલ્મ 'બોર્ડર'એ બોક્સ ઓફિસ પર કમાણીનાં ઘણા રેકોર્ડ તોડ્યા હતા. 26 વર્ષ પહેલા આ મલ્ટીસ્ટારર ફિલ્મની કમાણીએ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી.ઈન્ડસ્ટ્રીના દેશભક્ત દિગ્દર્શક તરીકે જાણીતા જેપી દત્તાની આ બ્લોકબસ્ટર ફિલ્મ 10 કરોડ રૂપિયાના બજેટમાં બની હતી અને ફિલ્મે બોક્સ ઓફિસ પર 39.45 કરોડ રૂપિયાનું શાનદાર કલેક્શન કર્યું હતું, જે તે સમયે એક મોટી વાત હતી.

# અક્ષયપાજીએ દિવારના અમિતાભની સ્ટાઈલમાં કહ્યું- મૈં વો ઘર ખરીદુંગા..

ઘરની બારી-.નીચે એક પેરુનું ઝાડ અને 500 રૂપિયા ભાડુ...અક્ષયપાજી કહે છે-બસ, મારે એ ઘર ખરીદવુ છે.... ફિલ્મ દિવારંમાં અમિતાભ બચ્ચન એટલે કે વિજય એ બિલ્ડીંગ ખરીદવા જાય છે કે જે બિલ્ડીંગ બનાવતી વખતે તેની માએ ત્યાં મજૂરી કરી હતી. બિલ્ડર કહે છે કે આ બિલ્ડીંગમાં એવુ તે શું છે ત્યારે વિજય તેને કારણ દર્શાવીને કહે છે જે બિલ્ડીંગ બનતી વખતે મારી માએ મજૂરી કરી તે બિલ્ડિંગ હું મારી માને ભેટ આપવા જાઉ છું..એવુ જ કંઈક રિયલ લાઈફ બની રહ્યું હોય તેંમ અક્ષયપાજી એ મકાન ખરપીદવા માંગે છે કે જ્યાં તેએ માતા-પિતા સાથે 500 રૂપિયાના ભાડામાં રહેતા હતા..અને એ



ઘર સાથે ખુબ યાદો જોડાયેલી છે....

અક્ષય કુમાર બાળપણમાં જે ઘરમાં રહેતો હતો તે ઘર પ્રત્યે તેને આજે પણ લગાવ છે. તેમણે જણાવ્યું કે, તે બિલ્ડિંગ તોડવામાં આવી રહી છે અને તે આ બિલ્ડિંગમાં એક ફ્લોર ખરીદશે, જેમાં તે રહેતો હતો.

અક્ષય કુમારની ફિલ્મ બડે મિંયાં છોટે મિયાં 10 એપ્રિલના રોજ રિલીઝ થઈ રહી છે. આ દરમિયાન ટાઈગર શ્રોફની સાથે ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. એક પોડકાસ્ટ દરમિયાન અક્ષયે પોતાના બાળપણના દિવસોને યાદ કર્યા હતા.

તેઓ કહે છે- તેમને મુંબઈના ડોન બોસ્કો પબ્લિક શાળામાં જઈ સારું લાગતું હતુ. તેમણે એ પણ કહ્યું કે, જે ઘરમાં 500 રુપિયા આપી ભાડે રહેતો હતો તે હવે ખરીદવાનો પ્લાન બનાવી રહ્યો છે.

અક્ષય કુમારે રણવીરના એક શો પર ગયો હતો. તે દરમિયાન તેમને પુછવામાં આવ્યું કે, ડોન બોસ્કો શાળાએ જઈ કેવું લાગતું હતુ. તેમણે કહ્યું મને ખુબ સારુ લાગે છે. મને મારા જૂનાં ઘર પર જવું સારું લાગે છે. અમારું જૂનું ઘર ભાડે હતુ.

# ગરમી...દરિયાકિનારો...કોમલ... કુલ-કુલ...ઠંડા...ઠંડા..અને...



ગુજરાતી ફિલ્મોની અભિનેત્રી કોમલ ઠક્કર સોશિયલ મીડિયામાં ખૂબ જ સક્રિય રહે છે. અવારનવાર સોશિયલ મીડિયામાં નીત-નવા હોટફોટા પોતાના ચાહકો માટે મુકે છે. આ વખતે તેમણે ગરમીના દિવસોમાં દરિયાકિનારે મોજ, મજા અને મસ્તી કરતા ફોટા મૂક્યા છે.ગુજરાત વંદન સાથેની એક મુલાકાતમાં શેર કરેલા હોટફોટા અંગે એમ કહ્યું કે હાલમાં ગરમી છે અને ગરમીથી રાહત મેળવવા તે એક બીચ પર ગઈ હતી. અલબત આ વખતે મેં ટ્રેડિશનલ સાડીમાં ફોટો શુટ કરાવ્યું છે. યુ નો કે ગરમીમાં કેટલી રાહત રહેશે...તેથી મેં સાડીમાં ફોટા પડાવ્યા છે, જે મારા લાખો ચાહકોને ખૂબ ગમ્યા છે અને આમ પણ હું સોશિયલ મીડિયામાં અવારનવાર આકર્ષક ફોટો મુકું છું. આ વખતે કઈક ડિફરન્ટ ફોટા મુક્યા છે. મને આશા છે કે ગુજરાત વંદનના વાંચકોને મારા ફોટા ગમશે.



# અમદાવાદમાં રિડેવલપમેન્ટ : 50 સોસાયટીઓએ વિકલ્પ અપનાવ્યો, 400 લાઈનમાં

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં નવી ઊંચી ઊંચી ઈમારતો અને અત્યાધુનિક એપાર્ટમેન્ટ્સના બાંધકામનું પ્રમાણ સતત વધી રહ્યું છે. જોકે, શહેરમાં હવે નવા પ્રોજેક્ટ્સ માટે જમીન ખૂટવા લાગી છે અને શહેર બહારના વિસ્તારોમાં વિસ્તરણ કર્યું છે. જોકે, હવે શહેરની અંદર જ જૂની સોસાયટીઓએ રિડેવલપમેન્ટનો વિકલ્પ પસંદ કરી તેમના જૂના અને જર્જરીત માળખાના સ્થાને નવા રૂપરંગ અપનાવવાનું પસંદ કરતા બિલ્ડરો અને ડેવલપર્સ માટે જાણે નવા દરવાજા ખૂલી ગયા છે.

શહેરમાં છેલ્લા આઠ મહિનામાં લગભગ 50 રિડેવલપમેન્ટ પ્રોજેક્ટને અંતિમ સ્વરૂપ અપાયું છે અને લગભગ 400 સોસાટીઓની વાટાઘાટો અંતિમ તબક્કામાં છે. રિયલ્ટી નિષ્ણાતોનું કહેવું છે કે નવરંગપુરા, નારણપુરા, પાલડી અને મેમનગર જેવા વિસ્તારોમાં રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની વ્યાપક સંભાવનાઓ છે. છેલ્લા કેટલાક સમયમાં વધુ ને વધુ સોસાયટીઓ રિડેવલપમેન્ટના માર્ગે આગળ વધી રહી છે. પરિણામે આ વિસ્તારોમાં ભાડાંના ઘરોની માગ



વધી છે. વધુમાં શહેરની ગીચતાના કારણે અગાઉ અનેક લોકો શહેરના બહારના વિસ્તારોમાં નવા એપાર્ટમેન્ટ્સમાં શિફ્ટ થવાનું વિચારતા હતા તે લોકો પણ હવે રિડેવલપમેન્ટના માર્ગે આગળ વધી રહ્યા છે.

અર્બન રિડેવલપમેન્ટ હાઉસિંગ સોસાયટી વેલ્ફેર એસોસિએશનના પ્રેસિડેન્ટ જીતેન્દ્ર શાહે જણાવ્યું હતું કે, “રાજ્ય સરકારે જંત્રીમાં વધારો કર્યા પછી રિડેવલપમેન્ટના સોદા અટકાવી દેવાયા હતા. જંત્રી વધી જતા એફએસઆઈની ખરીદી મોંઘી બની જવાથી ડેવલપર્સે અગાઉ કરેલી ઓફરો વ્યવહારુ રહી નહોતી. જોકે, હવે ડેવલપર્સ નવી ઓફરો સાથે આગળ આવ્યા છે. શહેરમાં છેલ્લા આઠ મહિનામાં ઓછામાં ઓછા 50 રિડેવલપમેન્ટ સોદાને અંતિમ સ્વરૂપ અપાયું હતું.

તાજેતરમાં, હાઈકોર્ટે જૂની સોસાયટીઓને તેમના 75% રહેવાસીઓ સંમત થાય તો રિડેવલપમેન્ટનો વિકલ્પ પસંદ કરનારા કેટલાક પ્રોજેક્ટ્સને મંજૂરી આપી દીધી હતી. આથી આગામી સમયમાં શહેરમાં રિડેવલમેપન્ટના વધુ પ્રોજેક્ટ્સ શરૂ થવાની સંભાવના છે.

ડેવલપર્સનું કહેવું છે કે રિડેવલપમેન્ટના નવા પ્રોજેક્ટ્સ અમદાવાદની સ્કાયલાઈન અને તેના આર્કિટેક્ચરલ સૌંદર્ય શાસ્ત્ર માટે આધુનિક ડિઝાઈન, વિશાળ રહેવાના વિસ્તારો અને પર્યાપ્ત વાહન પાર્કિંગ જગ્યાઓ સાથે આવકારદાયક પરિવર્તન લાવે છે.

# પાટિલની કાર્યકરોને કડક ચેતવણી : નેતાઓ ભલે અંદરોઅંદર લડે પણ હાથા ન બનશો

■ ગુજરાત ભાજપમાં કોઈપણ પ્રકારના જૂથવાદને સહન કરવામાં આવશે નહીં...

ગુજરાત | વંદન

ગુજરાતની લોકસભાની 26 બેઠકો માટે 7 મેના રોજ યોજાનાર ચુંટણીઓ માટે ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થઈ ગઈ છે. ગુજરાત કોંગ્રસમાં ચિતા એ છે કે હવે કયો નેતા પાર્ટી છોડશે .. તો ભાજપમાં રૂપાલા વિવાદ થમ્યો નથી. દરમિયાન ગુજરાતમાં લોકસભા ચૂંટણી 2024 ની તૈયારીઓ વચ્ચે ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે બુધવારે સ્થાનિક એકમોમાં વધતા અસંતોષ વચ્ચે ચેતવણી આપી હતી કે, ગુજરાત ભાજપમાં કોઈપણ પ્રકારના જૂથવાદને સહન કરવામાં આવશે નહીં. પક્ષના ઉમેદવારો રંજન ભટ્ટ અને ભીખાજી ઠાકોરે વડોદરા અને સાબરકાંઠામાં 7 મેની લોકસભાની ચૂંટણી માટે તેમની ઉમેદવારી પાછી ખેંચી લીધા બાદ આ ટિપ્પણીઓ આવી છે અને બાદમાં તેમના સ્થાને અન્ય ઉમેદવારોએ ઉમેદવારી કરી છે.

પાટીલે અમરેલીમાં ભાજપના બૂથ-લેવલના કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે, “નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વડા પ્રધાન તરીકે ચૂંટવા અને હેટ્રિક સુનિશ્ચિત કરવા માટે અમારી પાસે કામ છે. જો કેટલાક નેતાઓ અંદરોઅંદર લડે તો તેમને લડવા દો. પરંતુ કાર્યકરોએ તેમના (નેતાઓના) હાથા ન બનવું જોઈએ.

તેમણે કહ્યું કે, હું છેલ્લા ઘણા દિવસોથી હું જોઈ રહ્યો છું કે, એકબીજા વિરુદ્ધ (સોશિયલ મીડિયા પર) પોસ્ટ લખવામાં આવે છે અને પછી તેને વાયરલ કરવામાં આવે છે. આ ગુનો છે. જો કોઈ (આવી પોસ્ટ) લખે છે અને તમને મોકલે છે, તો તમે કૃપા કરીને તેને દૂર કરો અને તેમને ફરીથી ક્યારેય પક્ષ વિરોધી પોસ્ટ ન મોકલવા ચેતવણી આપો.”



પોરબંદરના ભાજપના ઉમેદવાર એવા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા વિરુદ્ધના પોસ્ટરો ધોરાજી શહેર અને રાજકોટના કેટલાક ગામોમાં પણ લાગ્યા હતા. પોસ્ટરો બાદ રાજકીય શબ્દોની લડાઈ શરૂ કરી હતી અને કોંગ્રેસે આવા બેનરો માટે ભાજપની અંદરના આંતરિક મતભેદોને જવાબદાર ઠેરવ્યા હતા.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષે કહ્યું કે, “જેઓ (આવી પોસ્ટ) લખી રહ્યા છે તેમને ચેતવણી આપવી જોઈએ કે, તે સહન કરવામાં આવશે નહીં. કેટલીકવાર નેતાઓને (ચૂંટણીની) ટિકિટ મળી શકે છે અથવા નહીં. શક્ય છે કે મને પણ ક્યારેય ટિકિટ ન મળે (મંચ પર બેઠેલા બીજેપી નેતાઓ તરફ ઈશારો કરીને). તેમાંથી કેટલાકનું પણ આવું જ ભાગ્ય થઈ શકે છે. પરંતુ આવા નિર્ણયો સામેની કોઈપણ વિરોધી ઝુંબેશ સહન કરી શકાતી નથી.”

પાટીલે કહ્યું, “છેવટે, એક કાર્યકર એક કાર્યકર છે. તમારા સમર્થન અને બિન-પક્ષપાતી માટે તમારો આભાર... અમે ગુજરાતમાં કોઈપણ જૂથવાદને સહન કરતા નથી. તમે પણ પ્રતિજ્ઞા લો અને ભાજપ તરફથી જે પણ તમારી પાસે કમળનું ચિહ્ન (ભાજપનું ચૂંટણી ચિન્હ) લઈને આવે તેના માટે કામ કરો. તેમને વિશ્વાસ છે કે ભાજપ ગુજરાતમાં તમામ 26 લોકસભા બેઠકો જીતશે, વિજય હાંસલ કરશે, અને તે પણ પાંચ લાખથી વધુ મતોના અંતરથી.” તેમણે કહ્યું કે, હાર એ ભાજપના કાર્યકરો માટે વિકલ્પ નથી અને

...અનુસંધાન પેજ નં. 6 પર

## હર બાર મોદી બાર બાર મોદી ..

પાટીલે હર બાર મોદીના નામે એક નવું પ્રચાર ગીત પણ લોન્ચ કર્યું. આ અભિયાન ગીત પીઢ ગીતકાર સંતોષ કુમાર દ્વારા લખવામાં આવ્યું છે અને દેવદાસ જેવી બોલિવૂડ ફિલ્મોમાં પ્લેબેક સિંગર રહી ચૂકેલા પાર્થિવ ગોહિલે ગાયું છે. આ ગીતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દસ વર્ષના કાર્યકાળનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં ઉજ્જવલા યોજના જેવી મોટી યોજનાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમાં મહામારી દરમિયાન અને અયોધ્યામાં રામ મંદિરના ઉદ્ઘાટન દરમિયાન તેમના નેતૃત્વની પણ પ્રશંસા કરે છે. એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે, વિવિધ રાજ્ય એકમો દ્વારા ઘણા ગીતો બનાવવામાં આવ્યા છે. “આ વિશેષ ગીત લેખક અને ગાયક દ્વારા દક્ષિણ ગુજરાતના અમારા નેતાઓના સંકલન સાથે બનાવવામાં આવ્યું છે. અન્ય ગીતો સાથે પ્રચાર માટે તેનો વ્યાપક ઉપયોગ કરવામાં આવશે.”

# શહેરમાં શરૂ થશે ટોચની કેન્દ્રીય તપાસ એજન્સીઓની કચેરીઓ

■ એસજી રોડ પર કોપોરેશને જગ્યાઓ પસંદ કરવા જણાવ્યું

ગુજરાત | વંદન

વિકસતા અમદાવાદમાં આશ્રમ રોડનું સ્થાન હવે એસજી રોડે લઈ લીધું છે. મોટી મોટી કંપનીઓ આ રોડ પર તેમની ઓફિસ માટે જગ્યા શોધી રહી છે. કેન્દ્રીય એજન્સીઓ પણ હવે આ રોડ પર ઓફિસ શોધવા લાઈનમાં લાગી ગઈ છે. કેન્દ્રીય તપાસ એજન્સીઓએ તેમના હબ સ્થાપવા માટે AMCનો પ્લોટ શોધવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) સમક્ષ પૂછપરછ શરૂ કરી છે.

મ્યુનિસિપાલિટીએ રૂ. 104.56 કરોડની કિંમતનો પ્લોટ જનરલ ઓફ ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સ ડિરેક્ટોરેટને ફાળવ્યો છે. આ સિવાય કસ્ટમ્સ કમિશનરેટ ઓફિસના બાંધકામ માટે રૂ. 66.83 કરોડની કિંમતનો બીજો પ્લોટ પણ ફાળવ્યો છે.

હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ પણ એસજી રોડ પર તેની ઓફિસ માટે પૂછપરછ શરૂ કરી છે. આમ, ટૂંક સમયમાં કેન્દ્ર સરકારની પ્રતિષ્ઠિત એજન્સીઓનું નવું સરનામું એસજી રોડ હશે. AMCના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, “DGGST અને કસ્ટમ્સ માટે AMC પ્લોટને અંતિમ સ્વરૂપ અપાયું છે, જ્યારે ED,




IT અને DRI પણ SG રોડ પર ઓફિસો બનાવે તેવી અપેક્ષા છે.”

માર્ચ 2024માં મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં બે સરકારી સંસ્થાઓને રૂ. 240.93 કરોડમાં પ્લોટ ફાળવવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. “આ દરખાસ્તોમાં, AMCએ સોલા-હેબતપુર નજીક 3,819 ચોરસ મીટર જમીન કસ્ટમ્સ અને એક્સાઈઝ કમિશનરેટને રૂ. 1.75 લાખ પ્રતિ ચોરસ મીટરના દરે ફાળવી છે. આ પ્લોટની બાજુમાં, ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની ઓફિસને રૂ. 69.54 કરોડમાં ફાળવવામાં આવેલ 3,974 ચોરસ મીટરનો પ્લોટ છે.’

અગાઉ, ફેબ્રુઆરી 2024 માં મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં, એસજી હાઈવે નજીક ગોતા ટીપી સ્કીમમાં પ્રતિ ચોરસ મીટર રૂ. 1.61 લાખના દરે રૂ. 104.56 કરોડની કિંમતે એક પ્લોટ જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસી ટેક્સ ઈન્ટેલિજન્સ ડિરેક્ટોરેટના અમદાવાદ યુનિટને ફાળવવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

# શહેરમાં હવે ઠેર ઠેર જોવા મળશે ડબલ ડેકર બસ




■ AMTS દ્વારા નવી 60 ઈ-ડબલ ડેકર બસ સેવામાં મુકાશે

ગુજરાત | વંદન

હેરિટેજ સીટી અમદાવાદમાં માં હવે મુખ્ય મુખ્ય રાજમાર્ગો પર ડબલ ડેકર બસ જોવા મળશે કેમકે AMTS દ્વારા વધુ 60 જેટલી ડબલ ડેકર બસ ખરીદવામાં આવી છે, જે વળાંક લેવો ન પડે એવા રુટ પર શહેરીજનોની સુવિધા માટે મુકાશે . શહેરમાં થોડા સમય પહેલા ડબલ ડેકર બસ શરુ કરવામાં આવી હતી. જેને સારો પ્રતિસાદ મળ્યો હતો. જેથી આ બસની સેવામાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એટલે હવે અમદાવાદને 60 જેટલા રૂટ પર ડબલ ડેકર બસની સોગાત મળવા જઈ રહી છે.

AMTS દ્વારા હવે અમદાવાદમાં નવી 60 ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસ દોડાવવાનો નિર્ણય કરવામા આવ્યો છે. મળતી માહિતી અનુસાર વાસણાથી ચાંદખેડાના રૂટ પર ડબલ ડેકર બસ શરૂ કર્યા બાદ હવે બીજા રૂટ પર પણ ડબલ ડેકર બસો દોડાવવાનો નિર્ણય કરાયો છે. નોંધનીય છે કે, બજેટમાં ફક્ત 7 બસો ચલાવવાનું આયોજન હતું પરંતુ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પર્યાવરણને ધ્યાનમાં લઈને વધારાના 60 જેટલા રૂટ પર ડબલ ડેકર બસો શરુ કરવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું કહેવામાં આવી રહ્યું છે. હાલમાં સાત જેટલી ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસ લાવવામાં આવી છે તે ખાનગી ઓપરેટરોને સોંપી દેવાઈ છે.

# 18,778 શિક્ષકોએ પેપર તપાસતી વખતે કરી ભૂલ, 2.30 કરોડનો દંડ

■ ધો : 10 -12ની પરીક્ષામાં મેથ્સ અને સાયન્સના પેપરમાં કરી હતી ભૂલો

ગુજરાત | વંદન

ગુજરાતમાં ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાના પેપર ચેક કરવામાં શિક્ષકોએ ભૂલ કરી હોય તેવી ઘટનાઓ વધતી જાય છે. આવી ભૂલ બદલ શિક્ષકોને દંડ કરવામાં આવતો હોય છે અને છેલ્લા 4 વર્ષમાં શિક્ષકોને લગભગ 2.30 કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. ગુજરાત હાયર સેકન્ડરી બોર્ડ દ્વારા કુલ 18,778 શિક્ષકો પાસેથી આ દંડની રકમ વસુલ કરવામાં આવી છે. ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ જ્યારે બોર્ડની પરીક્ષામાં ઓછા માર્ક મેળવે ત્યારે દોષનો ટોપલો તેમના પર જ નાખવામાં આવે છે. પરંતુ કેટલાક કિસ્સામાં શિક્ષકોની ભૂલ પણ જવાબદાર હોય છે, જેમણે પેપર ચેક કરતી વખતે બેદરકારી રાખી હોય છે. પેપરની આકારણી દરમિયાન શિક્ષકોની ભૂલો બહાર આવે ત્યારે દંડ કરવામાં આવતો હોય છે.

વર્ષ 2018થી 2023 સુધીનો ગાળો જોવામાં આવે તો તેમાં 2020 અને 2021માં કોવિડના કારણે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન મળી ગયા હતા. આમ છતાં ચાર



વર્ષમાં 18,700થી વધારે શિક્ષકોને પેપર ચેકિંગમાં ભૂલ કરવા બદલ 2,34,47,212 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. કોઈ પણ શિક્ષક પેપર ચેક કરવામાં એક ભૂલ કરે ત્યારે તેને 100 રૂપિયા દંડ થાય છે. તેમણે આ દંડ રોકડમાં ચૂકવવો પડે છે અથવા ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડના નામે ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા દંડ ભરવો પડે છે. ગુજરાતમાં SSC અને HSCની પરીક્ષા સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા લેવાય છે.

પેપર ચેકિંગ દરમિયાન શિક્ષકો જે ભૂલો કરે તેમાં પણ એક ટ્રેન્ડ જોવા મળે છે. લગભગ 30 ટકા જેટલી ભૂલો દરેક પ્રશ્નના ગુણનો સરવાળો કરતી વખતે થતી હોય છે. નવાઈની વાત એ છે કે મેથ્સ અને સાયન્સના શિક્ષકોમાં આવી ભૂલોનું પ્રમાણ વધારે છે. એટલે કે તેઓ દરેક પ્રશ્ન કે સેક્સનના ગુણોનો સરવાળો કરતી વખતે ભૂલ કરે છે અને તેના કારણે વિદ્યાર્થીઓ ભોગવવાનું આવે છે. ગુજરાતમાં પેપર ચકાસણીમાં ભૂલો કરતા

# વિદેશી વિદ્યાર્થીઓ ઉપર હુમલા બાબતે હજુ 15 આરોપી ફરાર



■ એફઆઈઆર મુજબ ટોળામાં 25 હુમલાખોરો હતા, 10 ઝડપાયા

ગુજરાત | વંદન

રમઝાન દરમિયાન ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલ કમ્પાઉન્ડમાં કથિત રીતે નમાઝ અદા કરવા બદલ ટોળાએ વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલો કર્યાના લગભગ એક મહિના પછી - પોલીસ હજુ સુધી ઓછામાં ઓછા 15 હુમલાખોરોની ઓળખ કરી શકી નથી અને તેઓ કઈ સંસ્થાના છે તે અંગે પણ કોઈ માહિતી મેળવી શકી નથી.

ગુજરાત યુનિવર્સિટી પોલીસે વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલાના બે દિવસમાં પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી અને પાછળથી વધુ પાંચ લોકોની ધરપકડ કરાઈ હતી. જોકે, પોલીસની એફઆઈઆર મુજબ ટોળામાં 25 લોકો હતા. આમ હજુ પણ 15 આરોપીઓની ધરપકડ બાકી છે, પરંતુ પોલીસને એ પણ ખબર નથી કે આ 15 લોકો કઈ સંસ્થાના હતા અને તેમની ઓળખ પણ થઈ શકી નથી.

એક ટોળાએ 16 માર્ચની રાત્રે ગુજરાત યુનિવર્સિટી બોયઝ હોસ્ટેલના પરિસરમાં કેટલાક વિદેશી વિદ્યાર્થીઓ દ્વારા નમાઝ અદા કરવાના વિવાદને પગલે બ્લોક Aમાં તોડફોડ કરી હતી. ટોળાના આ હુમલામાં શ્રીલંકા, અફઘાનિસ્તાન અને તુર્કમેનિસ્તાનના ત્રણ વિદેશી વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા.

સિક્યોરિટી ગાર્ડ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરમાં કહેવામાં આવ્યું છે કે તેણે આરોપીઓને શાંત કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેઓ બૂમો પાડતા રહ્યા અને વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો. આરોપીઓએ પહેલા પથ્થરમારો કર્યો, વિદેશી વિદ્યાર્થીઓ પર લાકડીઓ વડે હુમલો કર્યો અને તેમના રૂમમાં ઘૂસીને તેમની સંપત્તિને નુકસાન પહોંચાડ્યું હતું. આ હુમલાખોરો સામે આઈપીસીની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

# શહેરના ચાર રસ્તે ગરમીમાં રાહત , ઠંડા ઠંડા કુલ કુલ !

■ ટ્રાફિક સિગ્નલ પર CCTV દ્વારા ફુવારાનો છંટકાવ કરાશે

ગુજરાત | વંદન

ઉનાળાની ગરમી હવે ધીમે-ધીમે વધી રહી છે. આગામી દિવસોમાં અમદાવાદમાં ગરમીનું પ્રમાણ વધશે. જેથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગરમીને લઈ હીટ એક્શન પ્લાન બનાવવામાં આવ્યો છે. બપોરના સમયે ટ્રાફિક સિગ્નલ ઉપર લોકો



ઊભા રહેતા હોય છે. જેના કારણે તેઓને તડકો અને ગરમી વધુ લાગે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. ટ્રાફિક સિગ્નલ જંકશન પર લાગેલા સીસીટીવી કેમેરાની બાજુમાં પાણીના છંટકાવ કરતા સ્પ્રિંકલર લગાવવામાં આવ્યા છે. શહેરના કાંકરિયા વિસ્તારમાં આવેલા પુષ્પકુંજ ચાર રસ્તા ઉપર તમામ દિશામાં આ સ્પ્રિંકલર લગાવવામાં આવ્યા છે.જેના કારણે વાહનચાલકોને ઠંડકનો અહેસાસ થશે અને ધોમધખતા તાપથી આંશિક રાહત પણ મળશે. નોંધનીય છેકે હાલ આ સ્પ્રિંકલર પ્રાયોગિક ધોરણે લગાવાયા છે. જેના ઉપર સતત નજીર રખાઈ રહી છે. આ પ્રયોગની સફળતાના આધારે અન્ય ક્રોસ રોડ પર પણ તેનો અમલ કરવામાં આવશે.

# જળવાયુ પરિવર્તન: શિયાળાની જેમ ઉનાળામાં પણ માવઠાની આગાહી

■ ગુજરાતમાં 3 દિવસ ટીપ-ટીપ નહીં પણ ગાજવીજ સાથે વરસાદ

ગુજરાત | વંદન

જળવાયુ પરિવર્તનની અસર હવે ગુજરાતમાં પણ થઈ રહી છે કેમકે ભર શિયાળે માવઠાએ દેકારો બોલાવ્યો તેમ હવે ભર ઉનાળે કમોસમી વરસાદ ની આગાહી કરવામાં આવી છે અને સબરકંઠ સહિત ચાર જિલ્લામાં બરફના કરા સાથે વરસાદ પડ્યો છે. ગુજરાતમાં તાપમાનનો પારો સતત વધતો જાય છે ત્યારે અચાનક કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ પડે અને તાપમાન ગગડે તેવી આગાહી કરવામાં આવી છે.

હવામાન ખાતાએ જણાવ્યું છે કે રાજ્યમાં 13થી 16 એપ્રિલ સુધી હવામાનમાં પલટો આવી શકે છે. આ દરમિયાન વીજળીના કડાકા સાથે વરસાદ પડશે અને તેના કારણે તાપમાનમાં પણ 3 ડિગ્રીથી



લઈને 5 ડિગ્રી સુધી ઘટાડો થશે. ગુજરાતમાં આજે અને આવતીકાલે ભયંકર ગરમી પડે તેવી આગાહી છે, પરંતુ ત્યાર પછી ત્રણ દિવસ સુધી અમુક જગ્યાએ વરસાદ થશે. તેના કારણે દક્ષિણ ગુજરાત સહિતના કેટલાક જિલ્લામાં કમોસમી વરસાદ થઈ શકે છે. ગુજરાતના અમુક ભાગોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળશે.

હવામાન પલ્ટાવાના કારણે ઘણી જગ્યાએ વાદળછાયું આકાશ થઈ જશે અને અમુક જગ્યાએ વરસાદ પડશે. રાજ્યના અમદાવાદ, રાજકોટ, વડોદરા સહિત પાંચ શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીને પાર ગયું છે. રાજકોટ સૌથી ગરમ શહેર બન્યું છે અને ત્યાં 41.7 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

# સિંહોની પડખે આવ્યું રિલાયન્સ, 1,534 ખૂલ્લા કૂવા ફરતે દિવાલ બનાવી

■ ગીર જંગલમાં ખૂલ્લા કૂવામાં પડી જતાં હતા સિંહો

ગુજરાત | વંદન

ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે ગીર રક્ષિત વિસ્તારમાં 1,534 ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધવાનું કાર્ય પૂર્ણ કર્યું છે. આ પહેલનો હેતુ વન વિસ્તારમાં વન્યજીવો અને તમાં પણ ખાસ કરીને એશિયાટીક સિંહોની સુરક્ષામાં વધારો કરીને તેમને મૃત્યુ તથા ઈજાથી બચાવવાનો છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે ગીરના રક્ષિત વિસ્તારમાં ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધવા માટે ગુજરાત સરકારના વન વિભાગ સાથે જૂન 2021માં



એમ.ઓ.યુ. કર્યા હતા. વન્યજીવ પ્રેમી અને આર.આઈ.એલ.ના કોર્પોરેટ અફેર્સના ડાયરેક્ટર પરિમલ નથવાણીના નેતૃત્વ હેઠળ રિલાયન્સે ગીર પૂર્વ વિભાગના સાવરકુંડલા તથા તુલસીશ્યામમાં 638 કૂવા અને ગીર પશ્ચિમ વિભાગના માળિયા, તાલાળા અને કોડિનારમાં 896 કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધી છે.

પરિમલ નથવાણી રાજ્યસભાના સાંસદ પણ છે અને તેમણે સંસદ અને સંસદની બહાર એશિયાટીક સિંહોના રક્ષણ અને સંવર્ધન સાથે સંબંધિત મુદ્દા ઘણી વખત ઉઠાવ્યા છે. આ મુદ્દે પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, અમે ગીરમાં વન્યજીવો, ખાસ કરીને એશિયાટીક સિંહના રક્ષણ માટે ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને કામ કર્યું છે, કારણ કે વન્યજીવોના સંવર્ધન માટે અમે પ્રતિબધ્ધ છીએ. અમારી આ પહેલ એશિયાટીક સિંહો અને અન્ય વન્યજીવોને ગીરના રક્ષિત વિસ્તારમાં તેમજ આસપાસના વિસ્તારમાં ખૂલ્લા કૂવામાં પડીને જીવ ગુમાવવા કે ઈજા પામવાથી બચાવવામાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવશે.

ગીરમાં કૂવાની સંખ્યામાં ઘણો વધારો થયો છે. પરંતુ દુ:ખદ રીતે, આ કૂવાની ફરતે સંરક્ષણ દિવાલ ન હોવાના કારણે એશિયાટીક સિંહો મારણનો પીછો કરતી વેળાએ કૂવામાં પડી જતાં ગંભીર ઈજા પામે છે અથવા તો મૃત્યુ પામે છે. ભૂતકાળમાં પણ પરિમલ નથવાણીના નેતૃત્વમાં રિલાયન્સે ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને આ પ્રકારની પહેલ કરી હતી અને ગીર રક્ષિત વિસ્તારમાં 1,294 કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધી હતી.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India,